કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી વિરચિત

# સકલાર્હત્-સ્તોત્ર

અને

પૂર્વાચાર્ય શ્રી નંદિષેણમુનિ વિરચિત નવસ્મરણ અંતર્ગત છટ્ઠા સ્મરણ આત્મક

# અજિતશાંતિ સ્તવન

શબ્દશઃ વિવેચન



વિવેચક : પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી વિરચિત

# સકલાર્હત્-સ્તોત્ર (ચૈત્યવંદન)

અને

પૂર્વાચાર્ય શ્રી નંદિષેણમુનિ વિરચિત નવસ્મરણ અંતર્ગત છટ્ઠા સ્મરણ આત્મક

# અજિતશાંતિ સ્તવન

## શબ્દશઃ વિવેચન

✦ આશીર્વાદદાતા ✦

વ્યાખ્યાનવાચસ્પતિ, શાસનપ્રભાવક સ્વ. પ. પૂ. આચાર્યદેવેશ
શ્રીમદ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા તથા
ષડ્દર્શનવેત્તા, પ્રાવચનિકપ્રતિભાધારક સ્વ. પ. પૂ. મુનિપ્રવર
શ્રી મોહજિતવિજયજી મહારાજા તથા વર્તમાન શ્રુતમર્મજ્ઞાતા વિદ્વાન
પ. પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજા

✤ વિવેચનકાર ✤

પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

✤ સંકલનકારિકા ✤

શાસનસમ્રાટ પ. પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય નેમિસૂરીશ્વરજી મહારાજાના સમુદાયના
સાધ્વીજી ચારિત્રશ્રીજી મ. સા.ના પ્રશિષ્યા સાધ્વી ઋજુમતિશ્રીજી મ. સા.

✤ સંપાદિકા ✤

ગચ્છાધિપતિ આચાર્યભગવંત શ્રી પુણ્યપાલસૂરીશ્વરજી મહારાજાનાં આજ્ઞાવર્તિની
પ. પૂ. વિદુષી સા. શ્રી ચંદ્રાનનાશ્રીજી મ.નાં શિષ્યરત્ના પ. પૂ. સા. શ્રી
ચારુનંદિતાશ્રીજી મ.સા.ના વિનેયા સાધ્વીજી શ્રી ધ્યાનરુચિ

: પ્રકાશક :

ગીતાર્થ ગંગા

'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

# સકલાર્હત્-સ્તોત્ર અને અજિતશાંતિ સ્તવન

## શબ્દશઃ વિવેચન

❖ વિવેચનકાર ❖

**પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા**

વીર સં. ૨૫૩૮ ❖ વિ. સં. ૨૦૬૮ → આવૃત્તિ : પ્રથમ ❖ નકલ : ૫૦૦

મૂલ્ય : રૂ. ૪૫-૦૦

卐 આર્થિક સહયોગ 卐

કર્મોથી અજિત બનવા અને કષાયોથી શાંતિ મેળવવા

✲✲✲ ઉપકારી ગણ ✲✲✲

(૧) તત્ત્વજ્ઞ સ્વ. પ.પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મ. સા.

(૨) ધર્મતીર્થરક્ષક પ.પૂ. આ.ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મ.સા.

(૩) પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

(૪) પૂ. માતુશ્રી તથા પિતાશ્રી

સૌને સાદર સમર્પણ...

શ્રીમતી પ્રભાવતીબેન અમૃતલાલ મોહનલાલ ચેરીટેબલ ટ્રસ્ટ

હ. જ્યોતિષભાઈ અને પંકજભાઈ પરિવાર

: મુખ્ય પ્રાપ્તિસ્થાન :

ગીતાર્થ ગંગા

૧૪૩

'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફતેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

Email : gitarthganga@yahoo.co.in, gitarthganga@gmail.com

✲ મુદ્રક ✲

સર્વોદય ઓફસેટ

૧૩, ગજાનંદ એસ્ટેટ, ઇદગાહ પોલીસ ચોકી પાસે, પ્રેમ દરવાજા, અમદાવાદ-૧૬. ફોન : ૨૨૧૭૪૫૧૯

સર્વ હક્ક ગીતાર્થ ગંગા ટ્રસ્ટને આધીન છે.

# પ્રાપ્તિસ્થાન

**❖ અમદાવાદ :**

ગીતાર્થ ગંગા,
શ્રુતદેવતા ભવન, ૫, જૈન મર્ચન્ટ સોસાયટી,
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
☎ (૦૭૯) ૨૬૬૦૪૯૧૧, ૩૨૪૫૭૪૧૦
Email : gitarthganga@yahoo.co.in
gitarthganga@gmail.com

**❖ વડોદરા :**

શ્રી સૌરીનભાઈ દિનેશચંદ્ર શાહ
'દર્શન' ઈ-૬૯, લીસાપાર્ક સોસાયટી,
વિભાગ-૨, રામેશ્વર સર્કલ, સુભાનપુરા,
હાઈટેન્શન રોડ, વડોદરા-૩૯૦૦૨૩.
☎ (૦૨૬૫) ૨૩૯૧૬૯૬ (મો.) ૯૮૨૫૨૧૨૯૯૬
Email : saurin108@yahoo.in

**❖ મુંબઈ :**

શ્રી લલિતભાઈ ધરમશી
૩૦૨, ચંદનબાળા એપાર્ટમેન્ટ,
જવાહરલાલ નહેરૂ રોડ,
સર્વોદય પાર્શ્વનાથનગર, જૈન દેરાસરની પાછળ,
મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૦.
☎ (૦૨૨) ૨૫૬૮૦૬૧૪, ૨૫૬૮૬૦૩૦
(મો.) ૯૩૨૨૨૩૧૧૧૬
Email : lalitent@vsnl.com

શ્રી હિમાંશુભાઈ એન. શેઠ
એ-૨/૪૧, અશોક સમ્રાટ, ત્રીજે માળે,
દફતરી રોડ, ગૌશાળા લેન,
બીના જ્વેલર્સની ઉપર,
મલાડ (ઈ.) મુંબઈ-૪૦૦૦૯૭.
☎ (૦૨૨) ૩૨૪૩૮૪૩૪
(મો.) ૯૩૨૨૨૬૪૮૫૧
Email : divyaratna_108@yahoo.co.in

**❖ સુરત :**

ડૉ. પ્રફુલભાઈ જે. શેઠ
ડી-૧, અર્પણ એપાર્ટમેન્ટ,
બાબુનિવાસની ગલી,
ટીમલીયાવાડ, સુરત-૩૯૫૦૦૧.
☎ (૦૨૬૧) ૩૨૨૮૬૨૩

**❖ જામનગર :**

શ્રી ઉદયભાઈ શાહ
C/o. મહાવીર અગરબત્તી વર્ક્સ,
C-9, સુપર માર્કેટ, જયશ્રી ટોકીઝની સામે,
જામનગર-૩૬૧૦૦૧.
☎ (૦૨૮૮) ૨૬૭૮૫૧૩ (મો.) ૯૭૨૬૯૯૩૯૯૦
Email : karan.u.shah@hotmail.com

**❖ BANGALORE :**

Shri Vimalchandji
C/o. J. Nemkumar & Co.
Kundan Market, D. S. Lane,
Chickpet Cross, Bangalore-560053.
☎ (080) (O) 22875262 (R) 22259925
(Mo.) 9448359925
Email : amitvgadiya@gmail.com

**❖ રાજકોટ :**

શ્રી કમલેશભાઈ દામાણી
"જિનાજ્ઞા", ૨૭, કરણપરા,
રાજકોટ-૩૬૦૦૦૧.
☎ (૦૨૮૧) ૨૨૩૩૧૨૦
(મો.) ૯૪૨૭૧૬૮૬૧૩
Email : shreeveer@hotmail.com

# પ્રકાશકીય

સુજ્ઞ વાચકો !

પ્રણામ...

અંધકારમાં ટૉર્ચ વગર અથડાતી વ્યક્તિ દયાપાત્ર છે, તો તેનાથી પણ ટૉર્ચ કઈ રીતે વાપરવી તે ન જાણનાર વ્યક્તિ વધુ દયાપાત્ર છે.

કારણ ?

તે વ્યક્તિ પાસે સાધન હોવા છતાં પણ તેની જરૂરી જાણકારીના અભાવે તેનો ઉપયોગ નહીં કરી શકે.

તેવી જ રીતે...

અંધકારભર્યા સંસારમાં જિનશાસનની પ્રાપ્તિ વગર ભટકતો જીવ ચોક્કસ દયાપાત્ર છે, **પરંતુ જિનશાસનની પ્રાપ્તિ બાદ પણ જો જીવ તેનાં રહસ્યજ્ઞાન વગરનો જ રહ્યો, તો તે વધારે દયાપાત્ર છે;**

કેમ કે દુઃખમય અને પાપમય સંસારમાંથી છૂટવા માત્ર જિનશાસન પ્રાપ્તિ પર્યાપ્ત નથી, પરંતુ તેની પ્રાપ્તિ બાદ શાસનનાં ઊંડાણભર્યાં રહસ્યોના જ્ઞાન દ્વારા શાસન પ્રત્યે અતૂટ બહુમાન અને સાધનામાર્ગનો દૃઢ સંકલ્પ જરૂરી છે. અન્યથા ભાગ્યે દીધેલ જિનશાસનનો લાભ તે વ્યક્તિ પૂર્ણતયા ઉઠાવી નહીં શકે.

**અમને ગૌરવ છે કે, જિનશાસનનાં આ જ રહસ્યોને ગીતાર્થગંગા સંસ્થા દ્વારા ૧૦૮ મુખ્ય અને અવાંતર ૧૦,૦૦૮ વિષયોના માધ્યમે ઉજાગર કરાવવા અમે ભાગ્યશાળી થયા છીએ.**

અહીં દરેક વિષય સંબંધી ભિન્ન-ભિન્ન શાસ્ત્રોમાં વેરાયેલાં રહસ્યમય શાસ્ત્ર-વચનોનું એકત્રીકરણ થાય છે. ત્યારબાદ તેમાં દેખાતા વિરોધાભાસોના નિરાકરણ સાથે પરસ્પર સંદર્ભ જોડવા દ્વારા તેમાં છુપાયેલાં રહસ્યોનો આવિષ્કાર કરવામાં આવે છે.

જો કે, આ રહસ્યો અસામાન્ય શક્તિશાળી સિવાયના લોકોને સીધાં પચતાં નથી; કેમ કે તે દુર્ગમ જિનશાસનના નિચોડરૂપ હોવાથી અતિ દુર્ગમ છે. તેથી અમારી સંસ્થાના માર્ગદર્શક પ.પૂ. આ.ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મ. સા.એ

પ્રસ્તુત રહસ્યોને વ્યાખ્યાનો સ્વરૂપે સુગમ શૈલીમાં, શાસ્ત્રીય અને આધુનિક દરેક પરિપ્રેક્ષ્યમાં પીરસ્યાં છે અને પીરસશે. જેમાંથી એક ધર્મતીર્થ વિષયક પ્રવચનોનો અર્ધાંશ પ્રગટ થયેલ છે.

અલબત્ત, આ શૈલીની સુગમતાજન્ય લંબાણને કારણે અમુક વિષય સુધી વિવેચનની મર્યાદા બંધાઈ જાય છે, માટે શ્રીસંઘને પૂર્ણ લાભ મળે તે હેતુથી ત્યારબાદના વિષયો સંબંધી અખૂટ રહસ્યગર્ભિત શાસ્ત્રવચનોનો પરસ્પર અનુસંધાન સાથે સંગ્રહ પ્રગટ કરવામાં આવશે, જેને આજની ભાષા **Encyclopedia** (વિશ્વકોષ) કહે છે.

તેમાં તે તે વિષય સંબંધી દૂરનો સંબંધ ધરાવતાં શાસ્ત્રવચનો પણ તે વિષયક રહસ્યજ્ઞાનમાં ઉપયોગી હોવાને કારણે સંગૃહીત થશે અને આ સંગ્રહરૂપ બીજ દ્વારા ભવિષ્યમાં સમગ્ર શ્રીસંઘને શાસનનાં રહસ્યજ્ઞાનની પ્રાપ્તિમાં તૈયાર સામગ્રી પૂરી પડશે.

'विद्वानेव विजानाति विद्वज्जनपरिश्रमम्' એ ઉક્તિ અનુસાર વિદ્વાનો દ્વારા થતું આ વિદ્વદ્‌ભોગ્ય અને અશ્રુતપૂર્વ કાર્ય ઘણા પુરુષાર્થ ઉપરાંત પુષ્કળ સામ્રગી અને સમય પણ માંગે છે.

બીજી બાજુ, શ્રી સંઘ તરફથી સ્વ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મ. સા., પ.પૂ. આ.ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મ. સા.નાં પ્રવચનો અને પંડિતવર્ય શ્રી પ્રવીણભાઈ મોતા કૃત શાસ્ત્રનાં વિવેચનો શાસનનાં રહસ્યો સુધી પહોંચવાની કડી સ્વરૂપ હોવાથી પ્રસિદ્ધ કરવાની માંગણીઓ પણ વારંવાર આવે છે.

જો કે, આ પ્રવૃત્તિ સંસ્થાના મૂળ લક્ષ્યથી સહેજ ફંટાય છે, છતાં વચગાળાના સમયમાં, મૂળ કાર્યને જરા પણ અટકાવ્યા વગર પ્રસ્તુત કાર્યને સંલગ્ન પ્રવૃત્તિ તરીકે સ્વીકારીએ છીએ.

તેના અન્વયે પ્રસ્તુત પુસ્તક પ્રકાશિત કરતાં આનંદ અનુભવાય છે.

ઉપરોક્ત દરેક કાર્યોને શ્રીસંઘ ખોબે-ખોબે સહર્ષ વધાવશે, અનુમોદશે અને સહાયક થશે તેવી અભિલાષા સહ...

શ્રુતદેવતા ભવન, ૫, જૈન મર્ચન્ટ સોસા., ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

ગીતાર્થ ગંગાનું ટ્રસ્ટીગણ અને શ્રુતભક્તો

# ગીતાર્થ ગંગાનાં પ્રકાશનો

## પ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મહારાજા (મોટા પંડિત મ. સા.)ના વ્યાખ્યાનનાં પુસ્તકો

૧. આશ્રવ અને અનુબંધ
૨. પુદ્ગલ વોસિરાવવાની ક્રિયા
૩. ચારિત્રાચાર

## પ. પૂ. આ. ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજા (પંડિત મ. સા.)ના વ્યાખ્યાનનાં તેમજ લેખિત સંપાદિત પુસ્તકો

૧. શ્રાવકનાં બાર વ્રતોના વિકલ્પો
૨. યોગદૃષ્ટિસમુચ્ચય
૩. કર્મવાદ કર્ણિકા
૪. સદ્ગતિ તમારા હાથમાં !
૫. દર્શનાચાર
૬. શાસન સ્થાપના
૭. અનેકાંતવાદ
૮. પ્રશ્નોત્તરી
૯. ચિત્તવૃત્તિ
૧૦. ચાલો, મોક્ષનું સાચું સ્વરૂપ સમજીએ
૧૧. મનોવિજય અને આત્મશુદ્ધિ
૧૨. ભાગવતી પ્રવ્રજ્યા પરિચય
૧૩. ભાવધર્મ ભાગ-૧ (પ્રણિધાન)
૧૪. ભાવધર્મ ભાગ-૨ (પ્રવૃત્તિ, વિઘ્નજય, સિદ્ધિ, વિનિયોગ)
૧૫. जैनशासन स्थापना
૧૬. चित्तवृत्ति
૧૭. श्रावक के बारह व्रत एवं विकल्प
૧૮. લોકોત્તર દાનધર્મ "અનુકંપા"
૧૯. प्रश्नोत्तरी

૨૦. કુદરતી આફતમાં જૈનનું કર્તવ્ય
૨૧. ધર્મરક્ષા પ્રવચન શ્રેણી ભાગ-૧
૨૨. જૈનશાસન સ્વતંત્ર ધર્મ કે સંપ્રદાય ?
૨૩. जिनशासन स्वतंत्र धर्म या संप्रदाय ?
૨૪. Is Jaina Order Independent Religion or Denomination ?
૨૫. Status of religion in modern Nation State theory
૨૬. ગૃહજિનાલય મહામંગલકારી
૨૭. શ્રી ઉપધાન માર્ગોપદેશિકા

## संपादक :- प. पू. पंन्यास श्री अरिहंतसागरजी महाराज साहब

१. पाक्षिक अतिचार

## ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત અન્ય પુસ્તકોની યાદી

| | | |
|---|---|---|
| ૧. | શ્રી સમેતશિખરજીની સંવેદના | સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ |
| ૨. | શ્રી નવપદ આરાધના વિધિ | સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ |
| ૩. | સ્વતંત્ર ભારતમાં ધર્મ પરતંત્ર !!!!! (ગુજ.) | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ |
| ૪. | स्वतंत्र भारत में धर्म परतंत्र !!!!! (હિન્દી) | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ |
| ૫. | Right to Freedom of Religion !!!!! (અંગ્રેજી) | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ |
| ૬. | 'રક્ષાધર્મ' અભિયાન (ગુજ.) | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ |
| ૭. | 'Rakshadharma' Abhiyaan (અંગ્રેજી) | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ |
| ૮. | સેવો પાસ સંખેસરો (ગુજ.) | સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ |
| ૯. | सेवो पास संखेसरो (હિન્દી) | સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ |

## ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત
## વિવેચનનાં ગ્રંથો

**વિવેચનકાર :- પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા**

૧. યોગવિંશિકા શબ્દશઃ વિવેચન
૨. અધ્યાત્મઉપનિષત્ પ્રકરણ શબ્દશઃ વિવેચન
૩. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૧
૪. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૨
૫. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૩
૬. વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન પૂર્વાર્ધ
૭. વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન ઉત્તરાર્ધ
૮. આરાધક-વિરાધક ચતુર્ભંગી શબ્દશઃ વિવેચન
૯. સમ્યક્ત્વ ષટ્સ્થાન ચઉપઈ શબ્દશઃ વિવેચન
૧૦. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૧. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૨. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૩. કૂપદૃષ્ટાંત વિશદીકરણ શબ્દશઃ વિવેચન
૧૪. પંચસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧ (સૂત્ર ૧-૨)
૧૫. સૂત્રના પરિણામદર્શક યત્નલેશ ભાગ-૧
૧૬. પંચસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૨ (સૂત્ર ૩-૪-૫)
૧૭. સામાચારી પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૮. સામાચારી પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૯. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૩
૨૦. દાનદ્વાત્રિંશિકા-૧ શબ્દશઃ વિવેચન
૨૧. મિત્રાદ્વાત્રિંશિકા-૨૧ શબ્દશઃ વિવેચન
૨૨. યોગશતક શબ્દશઃ વિવેચન
૨૩. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૨૪. યોગભેદદ્વાત્રિંશિકા-૧૮ શબ્દશઃ વિવેચન
૨૫. યોગવિવેકદ્વાત્રિંશિકા-૧૯ શબ્દશઃ વિવેચન
૨૬. સાધુસામગ્ર્યદ્વાત્રિંશિકા-૬ શબ્દશઃ વિવેચન
૨૭. ભિક્ષુદ્વાત્રિંશિકા-૨૭ શબ્દશઃ વિવેચન

૨૮. દીક્ષાદ્વાત્રિંશિકા–૨૮ શબ્દશઃ વિવેચન
૨૯. યોગદૃષ્ટિની સજ્ઝાય શબ્દશઃ વિવેચન
૩૦. કેવલિભુક્તિવ્યવસ્થાપનદ્વાત્રિંશિકા–૩૦ શબ્દશઃ વિવેચન
૩૧. પાતંજલયોગલક્ષણવિચારદ્વાત્રિંશિકા–૧૧ શબ્દશઃ વિવેચન
૩૨. જ્ઞાનસાર શબ્દશઃ વિવેચન
૩૩. સંથારા પોરિસી સૂત્રનો ભાવાનુવાદ અને હિંસાષ્ટક શબ્દશઃ વિવેચન
૩૪. જિનમહત્ત્વદ્વાત્રિંશિકા–૪ શબ્દશઃ વિવેચન
૩૫. સમ્યગ્દૃષ્ટિદ્વાત્રિંશિકા–૧૫ શબ્દશઃ વિવેચન
૩૬. યોગલક્ષણદ્વાત્રિંશિકા–૧૦ શબ્દશઃ વિવેચન
૩૭. મુક્તિઅદ્વેષપ્રાધાન્યદ્વાત્રિંશિકા–૧૩ શબ્દશઃ વિવેચન
૩૮. અપુનર્બંધકદ્વાત્રિંશિકા–૧૪ શબ્દશઃ વિવેચન
૩૯. યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ–૧
૪૦. યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ–૨
૪૧. યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ–૩
૪૨. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ–૨
૪૩. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ–૩
૪૪. યતિલક્ષણસમુચ્ચય પ્રકરણ શબ્દશઃ વિવેચન
૪૫. દૈવપુરુષકારદ્વાત્રિંશિકા–૧૭ શબ્દશઃ વિવેચન
૪૬. તારાદિત્રયદ્વાત્રિંશિકા–૨૨ શબ્દશઃ વિવેચન
૪૭. કુતર્કગ્રહનિવૃત્તિદ્વાત્રિંશિકા–૨૩ શબ્દશઃ વિવેચન
૪૮. સદ્દૃષ્ટિદ્વાત્રિંશિકા–૨૪ શબ્દશઃ વિવેચન
૪૯. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ–૨
૫૦. માર્ગદ્વાત્રિંશિકા–૩ શબ્દશઃ વિવેચન
૫૧. દેશનાદ્વાત્રિંશિકા–૨ શબ્દશઃ વિવેચન
૫૨. જિનભક્તિદ્વાત્રિંશિકા–૫ શબ્દશઃ વિવેચન
૫૩. યોગાવતારદ્વાત્રિંશિકા–૨૦ શબ્દશઃ વિવેચન
૫૪. યોગમાહાત્મ્યદ્વાત્રિંશિકા–૨૬ શબ્દશઃ વિવેચન
૫૫. સજ્જનસ્તુતિદ્વાત્રિંશિકા–૩૨ શબ્દશઃ વિવેચન
૫૬. પૂર્વસેવાદ્વાત્રિંશિકા–૧૨ શબ્દશઃ વિવેચન
૫૭. ઈશાનુગ્રહવિચારદ્વાત્રિંશિકા–૧૬ શબ્દશઃ વિવેચન
૫૮. ક્લેશહાનોપાયદ્વાત્રિંશિકા–૨૫ શબ્દશઃ વિવેચન
૫૯. વિનયદ્વાત્રિંશિકા–૨૯ શબ્દશઃ વિવેચન
૬૦. શ્રી સીમંધરસ્વામીને વિનંતીરૂપ ૧૨૫ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન

૬૧. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૪
૬૨. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૩
૬૩. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૪
૬૪. ગુરુતત્ત્વવિનિશ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૧
૬૫. ગુરુતત્ત્વવિનિશ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૨
૬૬. મુક્તિદ્વાત્રિંશિકા-૩૧ શબ્દશઃ વિવેચન
૬૭. યોગસાર પ્રકરણ શબ્દશઃ વિવેચન
૬૮. શ્રી સીમંધરસ્વામીનું ૩૫૦ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન ભાગ-૧
૬૯. શ્રી સીમંધરસ્વામીનું ૩૫૦ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન ભાગ-૨
૭૦. તત્ત્વાર્થાધિગમસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧
૭૧. ષોડશક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૭૨. પ્રતિક્રમણ હેતુગર્ભિત સ્વાધ્યાય શબ્દશઃ વિવેચન
૭૩. કથાદ્વાત્રિંશિકા-૯ શબ્દશઃ વિવેચન
૭૪. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૪
૭૫. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૫
૭૬. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૬
૭૭. નવતત્ત્વ પ્રકરણ શબ્દશઃ વિવેચન
૭૮. ૧૫૦ ગાથાનું હૂંડીનું સ્તવન શબ્દશઃ વિવેચન
૭૯. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૫
૮૦. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૬
૮૧. ષોડશક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૮૨. અમૃતવેલની મોટી સજ્ઝાય અને નિશ્ચય-વ્યવહાર ગર્ભિત
શ્રી શાંતિજિન સ્તવન તથા શ્રી સીમંધરસ્વામી સ્તવન શબ્દશઃ વિવેચન
૮૩. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૭
૮૪. આનંદઘન ચોવીશી શબ્દશઃ વિવેચન
૮૫. પક્ખીસૂત્ર (પાક્ષિકસૂત્ર) શબ્દશઃ વિવેચન
૮૬. ધર્મપરીક્ષા પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૮૭. ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ-૧
૮૮. ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ-૨
૮૯. ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ-૩
૯૦. પાતંજલયોગસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧
૯૧. પાતંજલયોગસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૨

૯૨. ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૯૩. ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૯૪. ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૩
૯૫. યોગબિંદુ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૯૬. યોગબિંદુ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૯૭. યોગબિંદુ શબ્દશઃ વિવેચન ભાગ-૩
૯૮. દ્રવ્યગુણપર્યાયનો રાસ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૯૯. વાદદ્વાત્રિંશિકા-૮ શબ્દશઃ વિવેચન
૧૦૦. ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૦૧. ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૦૨. ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૩
૧૦૩. સકલાર્હત્-સ્તોત્ર અને અજિતશાંતિ સ્તવન શબ્દશઃ વિવેચન

## ગીતાર્થ ગંગા અંતર્ગત
## ગંગોત્રી ગ્રંથમાળા દ્વારા પ્રકાશિત ગ્રંથો

૧. ધર્મતીર્થ ભાગ-૧
૨. ધર્મતીર્થ ભાગ-૨

# અનુક્રમણિકા


| શ્લોક નં. | વિષય | પાના નં. |
| --- | --- | --- |
| ૧. | સકલાર્હત્-સ્તોત્ર (ચૈત્યવંદન) | ૧-૩૧ |
| ૨. | અજિતશાંતિ સ્તવન | ૩૩-૮૦ |


*** *** ***

ॐ ह्रीँ अर्हं नमः ।

ॐ ह्रीँ श्रीशङ्खेश्वरपार्श्वनाथाय नमः ।

ऐँ नमः ।

### કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી વિરચિત
### ચતુર્વિંશતિ જિન-નમસ્કાર

# સકલાર્હત્-સ્તોત્ર
## (ચૈત્યવંદન)

**શ્લોક :-**

सकलार्हत्प्रतिष्ठानमधिष्ठानं शिवश्रियः ।
भूर्भुवःस्वस्त्रयीशानमार्हन्त्यं प्रणिदध्महे ।।१।।

**અન્વય :-**

सकलार्हत्प्रतिष्ठानं, शिवश्रियः अधिष्ठानं, भूर्भुवःस्वस्त्रयीशानम् आर्हन्त्यं प्रणिदध्महे ।।१।।

**શ્લોકાર્થ :-**

**સર્વ અરિહંતોમાં રહેલું, મોક્ષલક્ષ્મીનું નિવાસસ્થાન, પાતાલલોક, મનુષ્યલોક અને સ્વર્ગલોક પર પ્રભુત્વ ધરાવનારા એવા અરિહંતપણાનું અમે ધ્યાન ધરીએ છીએ. ।।૧।।**

**ભાવાર્થ :-**

અરિહંતોમાં રહેલો અરિહંતભાવ તે 'આર્હંત્ય' છે અને તે આર્હંત્ય કેવા સ્વરૂપવાળું છે તેનાં ત્રણ વિશેષણ બતાવે છે, (૧) સર્વ અરિહંતોમાં પ્રતિષ્ઠાન

પામેલ આર્હંત્ય છે. (૨) મોક્ષરૂપી લક્ષ્મીનું અધિષ્ઠાન છે. (૩) ભુલોક-ભુર્વલોક અને સ્વર્ગલોકનું ઇશાન=સામર્થ્ય ધરાવનાર તેવા આર્હંત્યને અમે પ્રણામ કરીએ છીએ.

આશય એ છે કે, અરિહંત માટે અરિ=શત્રુ, કર્મ છે અને કર્મરૂપી શત્રુનો જેમણે નાશ કર્યો છે તે 'અરિહંત' કહેવાય છે. આવા અરિહંતોમાં રહેલો આર્હંત્યભાવ નમસ્કાર કરવા યોગ્ય છે અર્થાત્ ધ્યાન કરવા યોગ્ય છે જે બધા અરિહંતમાં પ્રતિષ્ઠાનવાળો છે. ભૂતકાળમાં જે અરિહંતો થયા, વર્તમાનમાં જે અરિહંતો છે અને ભવિષ્યમાં જે અરિહંતો થશે તે સર્વેમાં રહેનારો આ આર્હંત્યભાવ છે. વળી, આ આર્હંત્યભાવ જેને પ્રાપ્ત થાય છે તે મહાત્મા મોક્ષમાં જઈને અવસ્થાન પામે છે. તેથી મોક્ષરૂપી લક્ષ્મીનું અધિષ્ઠાન=સ્થાન, આ આર્હંત્યભાવ છે. આ જગતમાં ત્રણલોક છે. (૧) મનુષ્યલોક (૨) પાતાલલોક અને (૩) સ્વર્ગલોક. એ ત્રણેય લોક પર જેનું પ્રભુત્વ છે તેવો આ આર્હંત્યભાવ છે; **કેમ કે અરિહંતમાં વર્તતા કેવલજ્ઞાન, કેવલદર્શનમાં જે પ્રકારે ત્રણલોકની વ્યવસ્થા પ્રતિભાસ થાય છે તેનું ઉલ્લંઘન કરી ત્રણલોકના** ભાવો **ક્યારેય અન્યરૂપે પરિણમન પામતા નથી.** તેથી અરિહંતમાં રહેલો આર્હંત્યભાવ ત્રણલોક પર પોતાનું પ્રભુત્વ ધરાવનાર છે અને તેવા આર્હંત્યભાવનું સ્તવનકારશ્રી ધ્યાન કરે છે. **॥૧॥**

**અવતરણિકા :-**

**હવે, ચાર નિક્ષેપાથી તે અરિહંતના આર્હંત્યભાવનું સ્મરણ કરીને તેની ભક્તિ કરતાં સ્તવનકારશ્રી કહે છે –**

**શ્લોક :-**

**नामाऽऽकृतिद्रव्यभावैः, पुनतस्त्रिजगज्जनम् ।**
**क्षेत्रे काले च सर्वस्मिन्नर्हतः समुपास्महे ॥२॥**

**અન્વય :-**

**सर्वस्मिन् क्षेत्रे काले च** नामआकृतिद्रव्यभावैः त्रिजगतजनं पुनतः अर्हतः समुपास्महे ॥२॥

**શ્લોકાર્થ :-**

**સર્વ ક્ષેત્ર અને સર્વ કાલમાં નામ-સ્થાપના-દ્રવ્ય અને ભાવનિક્ષેપ વડે ત્રણ જગતના લોકોને પવિત્ર કરી રહેલા અરિહંતોની અમે સારી રીતે ઉપાસના કરીએ છીએ. ।।૨।।**

**ભાવાર્થ :-**

સર્વક્ષેત્રના અને સર્વકાળના અરિહંતો નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવનિક્ષેપાના ભેદથી ત્રણ જગતના જીવોને પવિત્ર કરનાર છે. આ રીતે ચાર નિક્ષેપે અરિહંતોને ઉપસ્થિત કરીને સ્તવનકારશ્રી પૂ. હેમચંદ્રાચાર્યજી અરિહંતોની ઉપાસના કરે છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે અરિહંતનું નામ પણ ઉપાસના કરવા યોગ્ય છે, અરિહંતની આકૃતિ રૂપ સ્થાપના પણ ઉપાસના કરવા યોગ્ય છે, અરિહંતનું દ્રવ્ય પણ ઉપાસના કરવા યોગ્ય છે અને અરિહંતમાં વર્તતો આર્હંત્યરૂપ ભાવ પણ ઉપાસના કરવા યોગ્ય છે. આ આર્હંત્યભાવ ત્રણ જગતના જીવોને પવિત્ર કરનાર છે; કેમ કે જેના ચિત્તમાં ચારે નિક્ષેપાથી અરિહંતનું ઓઘથી પણ સ્મરણ થાય છે તેઓ સંસારની વિડંબણાથી કાંઈક મુક્ત થઈને તેમની ઉપાસના દ્વારા પવિત્ર થાય છે. માટે જગતનાં જીવોને પવિત્ર કરનાર અરિહંત છે.

વળી, સર્વક્ષેત્ર અને સર્વકાળને ગ્રહણ કરીને પાંચ ભરત, પાંચ મહાવિદેહ અને પાંચ ઐરાવતમાં ભૂતકાળ, વર્તમાનકાળ અને ભવિષ્યકાળમાં જે કોઈ અરિહંત થયા, વિચરે છે કે થશે તે સર્વની ઉપાસના કરવાનું પ્રણિધાન સ્તવનકારશ્રી કરે છે. જેથી અરિહંત પ્રત્યેની પોતાની ભક્તિ અતિશયિત થાય. **।।૨।।**

**અવતરણિકા :-**

**આ રીતે આર્હંત્યભાવ અને ચાર નિક્ષેપાથી અરિહંતની સ્તુતિ કરીને સ્તવનકારશ્રી હવે ક્રમસર વર્તમાન ચોવીસીના ચોવીસ તીર્થંકરની સ્તુતિ કરે છે –**

**શ્લોક :-**

**आदिमं पृथिवीनाथमादिमं निष्परिग्रहम् ।**
**आदिमं तीर्थनाथं च, ऋषभस्वामिनं स्तुमः ।।३।।**

**અન્વય :-**

**आदिमं पृथिवीनाथम्, आदिमं निष्परिग्रहम्, आदिमं तीर्थनाथं च ऋषभस्वामिनं स्तुमः ।।३।।**

**શ્લોકાર્થ :-**

**પહેલા રાજા, પહેલા સાધુ, અને પહેલા તીર્થનાથ એવા ઋષભસ્વામીની અમે સ્તુતિ કરીએ છીએ. ।।૩।।**

**ભાવાર્થ :-**

ભગવાન ઋષભદેવ આ પૃથ્વી પર પહેલા રાજા થયા છે. કારણકે ભગવાન રાજા થયા તે પહેલાં આ ભરતક્ષેત્રમાં રાજ્યવ્યવસ્થા પ્રવર્તતી ન હતી. વળી, ઋષભદેવ ભગવાન પ્રથમ નિષ્પરિગ્રહી=સાધુ, થયા છે. કારણકે ઋષભદેવ ભગવાન પૂર્વે આ ભરતક્ષેત્રમાં કોઈ સાધુ ન હતા. વળી, ઋષભદેવ ભગવાન પ્રથમ તીર્થનાથ થયા છે. કારણકે આ અવસર્પિણીકાળમાં પ્રથમ ધર્મતીર્થની સ્થાપના કરનાર ઋષભદેવ ભગવાન છે. તેવા ઋષભસ્વામીની સ્તવનકારશ્રી સ્તુતિ કરે છે=પ્રથમ રાજા ઇત્યાદિ ગુણો દ્વારા સ્મરણ કરીને તેવા ઉત્તમપુરુષ પ્રત્યે ભક્તિનો અતિશય કરે છે. **।।૩।।**

**શ્લોક :-**

**अर्हन्तमजितं विश्वकमलाकरभास्करम् ।**
**अम्लानकेवलादर्शसङ्क्रान्तजगतं स्तुवे ।।४।।**

**અન્વય :-**

**विश्वकमलाकरभास्करम्, अम्लानकेवलादर्शसंक्रान्तजगतम् अर्हन्तम् अजितं स्तुवे ।।४।।**

**શ્લોકાર્થ :-**

**જગતના પ્રાણીઓરૂપી કમલોના સમૂહને વિકસાવવા માટે સૂર્ય સમાન, નિર્મળ કેવળજ્ઞાનરૂપી દર્પણમાં સંક્રાન્ત થયું છે જગત જેમનામાં એવા, અજિતનાથ અરિહંતને હું સ્તવું છું. ।।૪।।**

**ભાવાર્થ :-**

સ્તવનકારશ્રી અજિતનાથ ભગવાનની સ્તુતિ કરે છે. જે ભાવશત્રુને જીતેલા હોવાથી અરિહંત છે. વળી, વિશ્વવર્તી ભગવાનની વાણીથી વિકાસ પામે તેવા સૂર્યવિકાસી કમલના સમુદાય જેવા ભવ્ય જીવોને વિકસાવનાર સૂર્ય તુલ્ય ભગવાન છે. તેથી ભગવાનના ઉપદેશને પામીને જે યોગ્ય જીવો યોગમાર્ગમાં વિકાસ પામીને આત્મહિત સાધનારા બન્યા તેઓના વિકાસમાં અજિતનાથ ભગવાન પ્રબળ કારણ છે. વળી, તેઓમાં વર્તતું કેવલજ્ઞાનરૂપી દર્પણ ક્યારેય મલિનતા ન પામે તેવું નિર્મળ છે અને તે દર્પણમાં આખા જગતનું સ્વરૂપ યથાર્થ રીતે સંક્રાંત થાય છે. આ રીતે લોકાલોકને યથાર્થ જોનારા એવા ભગવાનની સ્તવનકારશ્રી સ્તુતિ કરે છે. **॥૪॥**

**શ્લોક :-**

**विश्वभव्यजनारामकुल्यातुल्या जयन्ति ताः ।**
**देशनासमये वाचः, श्रीसम्भवजगत्पतेः ॥५॥**

**અન્વય :-**

**देशनासमये श्रीसम्भवजगत्पतेः विश्वभव्यजनारामकुल्यातुल्याः ताः वाचः जयन्ति ॥५॥**

**શ્લોકાર્થ :-**

**ધર્મોપદેશ દેતી વખતે શ્રી સંભવનાથપ્રભુની વિશ્વના ભવ્યજનોરૂપી બગીચાને સિંચવા માટે નીક સમાન એવી તે વાણી જય પામે છે. ॥૫॥**

**ભાવાર્થ :-**

સ્તવનકારશ્રી દેશના સમયની ઉત્તમ વાણીના માધ્યમથી સંભવનાથ ભગવાનની સ્તુતિ કરે છે અને કહે છે કે ભગવાન જ્યારે સમવસરણમાં બિરાજમાન થઈ બારપર્ષદા મધ્યે માલકોશરાગ સહિત ગ્રામરાગમાં દેશના આપે છે ત્યારે તેમની વાણી યોગ્ય જીવોના આત્મસંપત્તિરૂપ બગીચાને જલસિંચન કરી સમૃદ્ધ કરવા માટે નીક સમાન છે. જેમ નીક પાણીને વહન કરીને બગીચાને સમૃદ્ધ કરે છે

તેમ ભગવાનની વાણીરૂપ નીક ઉત્તમ તત્ત્વોને વહન કરીને ભવ્ય જીવોના ગુણસમૃદ્ધિરૂપ બગીચાને વિકસિત કરે છે. ભગવાનની તેવી વાણી જગતમાં જય પામે છે=વિસ્તાર પામે છે, તેથી ઘણા જીવોને ઉપકાર થાય છે. **॥૫॥**

**શ્લોક :-**

**अनेकान्तमताम्भोधिसमुल्लासनचन्द्रमाः ।**
**दद्यादमन्दमानन्दं, भगवानभिनन्दनः ।।६।।**

**અન્વય :-**

**अनेकान्तमताम्भोधिसमुल्लासनचन्द्रमाः भगवान् अभिनन्दनः अमन्दम् आनन्दं दद्यात् ।।६।।**

**શ્લોકાર્થ :-**

**અનેકાંતમતરૂપી સમુદ્રને સારી રીતે ઉલ્લસિત કરવામાં ચંદ્ર સમાન અભિનંદન ભગવાન ઘણા આનંદને આપો. ॥૬॥**

**ભાવાર્થ :-**

અભિનંદનસ્વામી ભગવાન દેશના આપીને અનેકાંતમતરૂપી શ્રુતજ્ઞાનના સમુદ્રને ઉલ્લસિત કરવા=વિકસિત કરવા, ચંદ્રમા તુલ્ય થયા. જેમ ચંદ્રમા સમુદ્રને ઉલ્લસિત કરે છે તેથી સમુદ્રમાં ભરતી આવે છે તેમ અનેકાંતમતને બતાવનાર શ્રુતજ્ઞાન ભગવાનના વચનથી સમૃદ્ધ બને છે અને તેવા ભગવાન અમને અત્યંત આનંદ આપો. અર્થાત્ અમારામાં તે પ્રકારનું શ્રુતજ્ઞાન ઉલ્લસિત કરીને મોહનો શીઘ્ર નાશ થાય અને અત્યંત આનંદ ઉત્પન્ન થાય તેવું કરો. આ પ્રકારે સ્તુતિ કરીને સ્તવનકારશ્રી પોતાના આત્મામાં વીતરાગતાને અભિમુખ શ્રુતજ્ઞાન ઉલ્લસિત થાય તે પ્રકારનું સદ્વીર્ય પ્રવર્તાવે છે. **॥૬॥**

**શ્લોક :-**

**द्युसत्किरीटशाणाग्रोत्तेजिताङ्घ्रिनखावलिः ।**
**भगवान् सुमतिस्वामी, तनोत्वभिमतानि वः ।।७।।**

**અન્વય :-**

द्युसत्किरीटशाणाग्रोत्तेजितअङ्घ्रिनखावलिः भगवान् सुमतिस्वामी वः अभिमतानि तनोतु ।।७।।

**શ્લોકાર્થ :-**

**દેવોના મુકુટરૂપી સરાણના અગ્રભાગથી ચકચકિત થઈ છે જેમના ચરણના નખની શ્રેણિઓ એવા શ્રી સુમતિનાથ ભગવાન તમારા મનોવાંછિતોને આપો. ।।૭।।**

**ભાવાર્થ :-**

દેવતાઓ સાક્ષાત્ આવી સુમતિનાથ ભગવાનના ચરણમાં જ્યારે મસ્તક *નમાવે છે ત્યારે તેમના મુગટનો અગ્રભાગ ભગવાનના ચરણને સ્પર્શે છે.* તેનાથી ભગવાનના ચરણની નખની પંક્તિ શોભાયમાન દેખાય છે. આના દ્વારા સ્તવનકારશ્રી બતાવે છે કે ભગવાન દેવો અને ઇંદ્રોથી પૂજાય છે અને તેવા ભગવાન સ્તુતિ કરનાર એવા તમારા અને જગતના જીવોના અભિમત= ઇચ્છિત એવા, સુખોની પ્રાપ્તિનું કારણ બનો એવો અભિલાષ કરે છે.

વસ્તુતઃ જગતના જીવોને સુખ જ અભિમત છે અને તે સુખ પારમાર્થિક સ્વસ્થતારૂપ છે. તેથી જ સંસારના જીવો ભૌતિક સુખમાં હોય છે ત્યારે કાંઈક સ્વસ્થતાનો અનુભવ કરે છે અને દુઃખી હોય છે ત્યારે આકુલતાનો અનુભવ કરે છે. તેથી જીવોને સર્વ આકુલતાથી રહિત એવું પારમાર્થિક સુખ જ અભિમત છે, પરંતુ તેવું સુખ જગતમાં છે તેનું જ્ઞાન નહિ હોવાથી સંસારમાં સુખી અવસ્થા અને દુઃખી અવસ્થાની તુલના કરીને, દુઃખી અવસ્થાથી રહિત એવા સુખમાત્રમાં જ સુખની બુદ્ધિ કરવાનું જ્ઞાન નથી, તેથી ભૌતિક સુખ અર્થે અનેક પ્રકારના આરંભો કરીને સંસારી જીવો દુઃખની પરંપરાને પ્રાપ્ત કરે છે. ભગવાનના વચનથી બોધ પામેલા જીવોને તો લેશ પણ ક્લેશથી આક્રાંત નથી તેવું સુખ જ અભિમત છે અને તેવું સુખ ભગવાન જીવોને આપો એવી સ્તવનકારશ્રી પ્રાર્થના કરે છે. **।।૭।।**

**શ્લોક :-**

**पद्मप्रभप्रभोर्देहभासः पुष्णन्तु वः श्रियम् ।**
**अन्तरङ्गारिमथने, कोपाटोपादिवारुणाः ।।८।।**

**અન્વય :-**

**अन्तरङ्गारिमथने कोपाटोपात् इव अरुणाः पद्मप्रभप्रभोःदेहभासः वः श्रियं पुष्णन्तु ।।८।।**

**શ્લોકાર્થ :-**

**અંતરંગ શત્રુઓનો નાશ કરવામાં કોપના આટોપથી (વિસ્તારથી) જાણે લાલ થયેલી શ્રી પદ્મપ્રભસ્વામીના દેહની કાંતિ તમારી લક્ષ્મીને પુષ્ટ કરો. ।।૮।।**

**ભાવાર્થ :-**

પદ્મપ્રભસ્વામીના દેહનો વર્ણ રક્તવર્ણ છે. તેને સામે રાખીને કવિ ઉત્પ્રેક્ષા કરે છે કે આત્માના અંતરંગ કષાયો જે આત્માના શત્રુ છે તેમને મથન કરવામાં પદ્મપ્રભપ્રભુ કોપના આટોપવાળા હતા. માટે જ જાણે દેહનો વર્ણ રક્ત ન હોય તેવા ભગવાનના દેહનો વર્ણ તમારા કલ્યાણનું પોષણ કરો; કેમ કે ભગવાનના રક્તવર્ણને જોઈને જગતના જીવોને પણ પોતાના અંતરંગ શત્રુનો નાશ કરવાનું સદ્વીર્ય ઉલ્લસિત થાય તો તે રક્તવર્ણ પણ યોગ્ય જીવોના કલ્યાણનું પોષણ કરે.

આશય એ છે કે, જે મહાત્માઓનાં વિવેકચક્ષુ પ્રગટ થયાં છે તે મહાત્મા ભગવાનના રક્તવર્ણને જોઈ વિચારે છે કે ભગવાન મોહરૂપી શત્રુનો નાશ કરી સ્વસ્થ થયા છે અને મોહનો નાશ કરવા ભગવાન કોપના આટોપવાળા હતા માટે જ ભગવાનનો દેહ આટલો રક્તવર્ણવાળો છે. આ રીતે વિચારવાથી ભગવાનની જેમ આંતરિક શત્રુના નાશ માટે પોતાનું સદ્વીર્ય પણ ઉલ્લસિત થાય તે માટે સ્તવનકારશ્રી પ્રાર્થના કરે છે કે તમારા=સંસારી જીવોના, અંતરંગ શત્રુનો નાશ કરવા માટેની જે શક્તિરૂપ લક્ષ્મી તેનું ભગવાન પોષણ કરો. **।।૮।।**

**શ્લોક :-**

**श्रीसुपार्श्वजिनेन्द्राय, महेन्द्रमहिताङ्घ्रये ।**

**नमश्चतुर्वर्णसङ्घगगनाभोगभास्वते ।।९।।**

**અન્વય :-**

**चतुर्वर्णसङ्घगगनाभोगभास्वते महेन्द्रमहिताङ्घ्रये श्रीसुपार्श्वजिनेन्द्राय नमः ।।९।।**

**શ્લોકાર્થ :-**

**ચતુર્વિધ સંઘરૂપી આકાશના વિસ્તારમાં સૂર્ય સમાન, મોટા ઈન્દ્રોથી પૂજાયેલા ચરણવાળા, શ્રી સુપાર્શ્વજિનેન્દ્રને નમસ્કાર કરું છું. ।।૯।।**

**ભાવાર્થ :-**

સ્તવનકારશ્રી સુપાર્શ્વજિનને નમસ્કાર કરે છે. તે કેવા છે તે બતાવતા કહે છે કે રાગાદિ શત્રુને જીતવામાં સમર્થ હોય તે જિન કહેવાય. આવા શ્રુતજિન, અવધિજિન, મનઃપર્યવજિન અને કેવલીજિન એ ચારે જિનોમાં ભગવાન ઇંદ્ર જેવા છે માટે ભગવાન જિનેન્દ્ર છે. વળી, ભગવાન પ્રત્યેની ભક્તિને કારણે મોટા ઇંદ્રોએ પણ ભગવાનના ચરણકમળની પૂજા કરી છે. વળી, આ પૃથ્વીતળ પર આકાશમંડલની જેમ શોભાયમાન સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા રૂપ જે ચતુર્વિધ સંઘ છે, તેમાં ભગવાન સૂર્ય સમાન છે. આ સ્વરૂપે ભગવાનની સ્તુતિ કરી સ્તવનકારશ્રી ભગવાનને નમસ્કાર કરે છે. **।।૯।।**

**શ્લોક :-**

**चन्द्रप्रभप्रभोश्चन्द्रमरीचिनिचयोज्ज्वला ।**

**मूर्तिर्मूर्तसितध्याननिर्मितेव श्रियेऽस्तु वः ।।१०।।**

**અન્વય :-**

**चन्द्रमरीचिनिचयोज्ज्वला मूर्तसितध्याननिर्मिता इव चन्द्रप्रभप्रभोः मूर्तिः वः श्रिये अस्तु ।।१०।।**

**શ્લોકાર્થ :-**

**ચંદ્રનાં કિરણોના સમૂહ જેવી શ્વેત, સાક્ષાત્ શુક્લધ્યાનથી જાણે નિર્માણ કરાયેલી, શ્રી ચંદ્રપ્રભસ્વામીની મૂર્તિ (કાયા) તમને લક્ષ્મીને માટે થાઓ. ॥૧૦॥**

**ભાવાર્થ :-**

સ્તવનકારશ્રી ચંદ્રપ્રભસ્વામીની દેહની આકૃતિ કે પ્રતિમાને સામે રાખીને કહે છે. ચંદ્રનાં શીતલ કિરણોના સમૂહ જેવી ઉજ્જ્વળ ભગવાનની કાયા છે. તેથી તે કાયા જાણે મૂર્ત શુક્લધ્યાન માટે જ નિર્માણ ન થઈ હોય તેવી સુંદર છે. તેવી મૂર્તિ=ભગવાનની કાયા, તમારા કલ્યાણનું કારણ બને.

આશય એ છે કે ચંદ્રપ્રભસ્વામી ઉજ્જ્વળ દેહવાળા છે. જે ઉજ્જ્વળતા ચંદ્રનાં કિરણોના સમૂહ જેવી શોભાયમાન દેખાય છે અને શુક્લધ્યાન પણ શીત=ઉજ્જ્વળ, છે. શીઘ્ર આત્મામાં નિવેશ કરવામાં યત્ન સ્વરૂપ હોવાથી ભગવાનની મૂર્તિ જાણે મૂર્તિમંત શુક્લધ્યાન માટે જ નિર્માણ ન થઈ હોય અર્થાત્ આ જ શુક્લધ્યાન છે તેવો બોધ કરાવવા માટે જ ભગવાનની કાયા નિર્મિત છે. તેવી ભગવાનની કાયા જગતના જીવોને આકર્ષણ ઉત્પન્ન કરી કલ્યાણ માટે થાય તે પ્રકારે સ્તવનકારશ્રી ઇચ્છા કરે છે. **॥૧૦॥**

**શ્લોક :-**

**करामलकवद् विश्वं, कलयन् केवलश्रिया ।**
**अचिन्त्यमहात्म्यनिधिः सुविधिर्बोधयेऽस्तु वः ।।११।।**

**અન્વય :-**

**केवलश्रिया विश्वं करामलकवत् कलयन् अचिन्त्यमहात्म्यनिधिः सुविधिः वः बोधये अस्तु ।।११।।**

**શ્લોકાર્થ :-**

**કેવળજ્ઞાનરૂપી લક્ષ્મી વડે જગતને હાથમાં રહેલા આમળાની માફક**

**જોતા, અચિંત્ય મહિમાના ભંડાર, શ્રી સુવિધિનાથ પ્રભુ તમને બોધિને માટે (રત્નત્રયીની પ્રાપ્તિને માટે) થાવ. ।।૧૧।।**

**ભાવાર્થ :-**

સ્તવનકારશ્રી સુવિધિનાથ ભગવાનની સ્તુતિ કરતાં કહે છે કે હાથમાં રહેલા આંબળાની જેમ ભગવાન કેવલજ્ઞાનરૂપી લક્ષ્મી વડે આખા જગતને જુએ છે. વળી, અચિંત્ય સમૃદ્ધિ પ્રાપ્ત કરાવે એવા માહાત્મ્યના નિધિ છે. તેથી ભગવાનને પામીને જીવો ન કલ્પી શકાય તેવી અદ્ભૂત સમૃદ્ધિને પ્રાપ્ત કરે છે. આવા સુવિધિનાથ ભગવાન રત્નત્રયીની પ્રાપ્તિરૂપી તમારા બોધિને માટે થાઓ.

આનાથી એ પ્રાપ્ત થાય કે ભગવાન કેવલજ્ઞાન દ્વારા જગતના તમામ પદાર્થોને સ્વયં યથાવત્ જુએ છે અને ઉપદેશ દ્વારા જગતના જીવોને યથાવત્ બતાવે છે. આ રીતે યોગ્ય જીવો માટે ભગવાન કલ્પના ન કરી શકાય એવા માહાત્મ્યના નિધિ બને છે. આ જ ભગવાનને પામીને ઘણા યોગ્ય જીવો યોગમાર્ગને પ્રાપ્ત કરી મોક્ષલક્ષ્મી પામ્યા. તેવા સુવિધિનાથ ભગવાન જગતના જીવોને સમ્યક્ જ્ઞાન-દર્શન-ચારિત્ર સ્વરૂપ બોધિનું કારણ બનો. **અહીં બોધિ શબ્દથી નિશ્ચયનયને અભિમત બોધિને જ ગ્રહણ કરવું જેથી રત્નત્રયીનો સંગ્રહ થાય. ।।૧૧।।**

**શ્લોક :-**

**सत्त्वानां परमानन्दकन्दोद्भेदनवाम्बुदः ।**
**स्याद्वादामृतनिःस्यन्दी, शीतलः पातु वो जिनः ।।१२।।**

**અન્વય :-**

**सत्त्वानां परमानन्दकन्दोद्भेदनवाम्बुदः स्याद्वादामृतनिःस्यन्दी शीतलः जिनः वः पातु ।।१२।।**

**શ્લોકાર્થ :-**

**જીવોના પરમાનંદરૂપ કંદને પ્રગટાવવા માટે નવા મેઘ સમાન,**

**સ્યાદ્વાદરૂપી અમૃતને વરસાવનાર, શ્રી શીતલનાથ જિન તમારું રક્ષણ કરો. ।।૧૨।।**

**ભાવાર્થ :-**

સ્તવનકારશ્રી શીતલનાથ ભગવાનની સ્તુતિ કરતાં કહે છે – સંસારી જીવોને જે પરમાનંદરૂપી મોક્ષ તેના કંદભૂત એવો જે યોગમાર્ગ તેને પ્રગટ કરવા માટે નવા વરસનારા મેઘ જેવા શીતલનાથ ભગવાન છે. આનાથી એ પ્રાપ્ત થાય કે જેમ નવો મેઘ જમીનમાં રહેલાં બીજોનાં કંદોને ઉદ્‌ભૂત કરી બહાર કાઢે છે તેમ સંસારી જીવોમાં પરમાનંદના કંદભૂત એવી જે યોગમાર્ગની યોગ્યતા પડી છે તેને પ્રગટ કરવા માટે નવા વરસતા મેઘા જેવા શીતલનાથ ભગવાન છે. વળી, ભગવાન સ્યાદ્‌વાદરૂપી અમૃતને સદા વરસાવનાર છે. જેથી તે અમૃતની વર્ષાથી આત્મામાં શીતલતા પ્રગટે છે અને તે શીતલતા જ યોગ્ય જીવોમાં રહેલા પરમાનંદના કંદને ઉદ્‌ભૂત કરીને યોગમાર્ગનો વિકાસ કરાવે છે. જેના ફલરૂપે જગતના જીવો પરમાનંદને પ્રાપ્ત કરે છે. તેવા શીતલનાથ ભગવાન જગતના જીવોમાં શીતલતા પ્રગટાવીને ચારગતિના પરિભ્રમણથી તેમનું રક્ષણ કરો. **॥૧૨॥**

**શ્લોક :-**

**भवरोगाऽऽर्त्तजन्तूनामगदङ्कारदर्शनः ।**
**निःश्रेयसश्रीरमणः, श्रेयांसः श्रेयसेऽस्तु वः ।।१३।।**

**અન્વય :-**

**भवरोगार्तजन्तूनाम् अगदङ्कारदर्शनः निःश्रेयसश्रीरमणः श्रेयांसः वः श्रेयसे अस्तु ।।१३।।**

**શ્લોકાર્થ :-**

**ભવરૂપી રોગથી પીડાતા જંતુઓને વૈદ્યના દર્શન સમાન, મુક્તિરૂપી લક્ષ્મીના પતિ એવા શ્રી શ્રેયાંસનાથ તમારા કલ્યાણને માટે થાઓ. ।।૧૩।।**

**ભાવાર્થ :-**

સંસારી જીવોને અનાદિકાલથી ભવરૂપી રોગ વળગેલો હોવાથી ચારે ગતિઓમાં પરિભ્રમણ પામી પીડાથી સતત આર્ત છે. તેવા જંતુઓના ભવરોગને દૂર કરનાર વૈદ્યના દર્શનતુલ્ય શ્રેયાંસનાથ ભગવાન છે. તેથી જે જીવો શ્રેયાંસનાથ ભગવાન રૂપ વૈદ્યનો આશ્રય કરે છે તેના ભવરોગનો ભગવાન નિયમા નાશ કરે છે. વળી, ભગવાન નિઃશ્રેયસ રૂપ જે મોક્ષ તેની લક્ષ્મીના રમણ=પતિ છે, તેવા શ્રેયાંસનાથ ભગવાન તમારા શ્રેય માટે થાઓ અર્થાત્ ભવરોગ મટાડી તમારા કલ્યાણનું કારણ થાઓ. આ પ્રકારે શ્રેયાંસનાથ ભગવાનની તેમના નામ અનુરૂપ કલ્યાણકારી ગુણને સામે રાખીને સ્તવનકારશ્રીએ સ્તુતિ કરી છે. **॥૧૩॥**

**શ્લોક :-**

**विश्वोपकारकीभूततीर्थकृत्कर्मनिर्मितिः ।**
**सुरासुरनरैः पूज्यो, वासुपूज्यः पुनातु वः ।।१४।।**

**અન્વય :-**

**विश्वोपकारकीभूततीर्थकृत्कर्मनिर्मितिः सुरासुरनरैः पूज्यः वासुपूज्यः वः पुनातु ।।१४।।**

**શ્લોકાર્થ :-**

**વિશ્વ પર ઉપકાર કરનારા એવા તીર્થંકરનામકર્મથી નિર્માણ થયેલા, સુરો-અસુરો અને મનુષ્યો વડે પૂજ્ય, શ્રી વાસુપૂજ્યસ્વામી તમને પવિત્ર કરો. ।।૧૪।।**

**ભાવાર્થ :-**

જગતનો ઉપકાર કરવા માટે કારણભૂત એવા તીર્થંકરનામકર્મના ઉદયથી જ ભગવાન તીર્થંકર રૂપે નિર્માણ થયા છે, તેમ બતાવીને ભગવાન સાક્ષાત્ જગતના ઉપકાર અર્થે જ જન્મ્યા છે તેની પ્રધાનતા સ્તવનકારશ્રી બતાવે છે. વળી, ભગવાન સુર-અસુર અને મનુષ્યોથી પૂજ્ય છે એટલે ત્રણ લોકને પૂજ્ય

છે તેમ બતાવે છે. તેવા વાસુપૂજ્યસ્વામી સદુપદેશ દ્વારા તમને પવિત્ર કરો. જેથી પવિત્ર થયેલા તમે આ સંસારની વિડંબણાથી રક્ષિત બનો. **॥૧૪॥**

**શ્લોક :-**

**विमलस्वामिनो वाचः, कतक क्षोदसोदराः ।**
**जयन्ति त्रिजगच्चेतोजलनैर्मल्यहेतवः ।।१५।।**

**અન્વય :-**

**त्रिजगत्चेतःजलनैर्मल्यहेतवः कतकक्षोदसोदराः विमलस्वामिनः वाचः जयन्ति ।।१५।।**

**શ્લોકાર્થ :-**

**ત્રણલોકમાં રહેલા પ્રાણીઓના ચિત્તરૂપી જલને સ્વચ્છ કરવામાં કારણ, કતકફલના ચૂર્ણ જેવી, શ્રી વિમલનાથ પ્રભુની વાણી જય પામે છે. ॥૧૫॥**

**ભાવાર્થ :-**

ફટકડીનું ચૂર્ણ પાણીમાં નાંખવાથી પાણીની મલિનતા દૂર થાય છે અને પાણી નિર્મલ બને છે. તેમ ત્રણ જગતના જીવોનું જે અંતરંગ પરિણામરૂપ ચિત્તરૂપી જલ છે તે જલમાં ભગવાનની વાણીનો પ્રવેશ થાય તો તે ચિત્તરૂપી જલ નિર્મલ બને છે અર્થાત્ સંસારના સંગથી પર અસંગભાવ તરફ જનારું બને છે. આવા ઉત્તમ ચિત્તનો હેતુ વિમલનાથ ભગવાનની વાણી છે અને તેવી વાણી જગતમાં જય પામો અર્થાત્ વિસ્તાર પામો. જેથી ભગવાનની તે ઉત્તમ વાણીના બળથી યોગ્ય જીવોમાં ચિત્તની નિર્મલતા પ્રગટે અને કલ્યાણની પરંપરાને પ્રાપ્ત કરે તે પ્રકારે સ્તવનકારશ્રી અભિલાષ કરે છે. **॥૧૫॥**

**શ્લોક :-**

**स्वयम्भूरमणस्पर्द्धी, करुणारसवारिणा ।**
**अनन्तजिदनन्तां वः, प्रयच्छतु सुखश्रियम् ।।१६।।**

**અન્વય :-**

**करुणारसवारिणा स्वयम्भूरमणस्पर्द्धी अनन्तजित् वः अनन्तां सुखश्रियं प्रयच्छतु ।।१६।।**

**શ્લોકાર્થ :-**

**કરુણા રસરૂપી પાણી વડે સ્વયંભૂરમણ સમુદ્રની સ્પર્ધા કરનારા શ્રી અનંતનાથ પ્રભુ તમને અનંત સુખલક્ષ્મી આપો. ||૧૬||**

**ભાવાર્થ :-**

ભગવાનના કરુણારસને સામે રાખી સ્તવનકારશ્રી કહે છે – જગતના જીવોને તારવા માટે ભગવાન ઉત્તમ ક્ષાયિકભાવની કરુણાના પરિણામવાળા છે. જેથી ભગવાનમાં વર્તતું કરુણારસ રૂપી પાણી સ્વયંભૂરમણ સમુદ્ર સાથે સ્પર્ધા કરી રહ્યું છે. અર્થાત્ ભગવાનમાં સ્વયંભૂરમણ સમુદ્ર જેવી મહાકરુણા છે અને તેવા કરુણાવાળા ભગવાન તમને અનંતસુખની લક્ષ્મી રૂપ મોક્ષ આપો; કેમ કે ઉત્કૃષ્ટ કરુણાવાળા પુરુષ ઉત્કૃષ્ટ સુખ આપવા સમર્થ છે. તેથી જેની પાસે જે વસ્તુ હોય તેની જ માંગણી કરવી ઉચિત કહેવાય એ ન્યાયે સ્તવનકારશ્રી ઇચ્છા કરે છે કે જેનો અંત નથી એવી ઉત્તમ સુખની લક્ષ્મી ભગવાન તમને આપો. **||૧૬||**

**શ્લોક :-**

**कल्पद्रुमसधर्माणमिष्टप्राप्तौ शरीरिणाम् ।**
**चतुर्धा धर्मदेष्टारं, धर्मनाथमुपास्महे ।।१७।।**

**અન્વય :-**

**शरीरिणाम् इष्टप्राप्तौ कल्पद्रुमसधर्माणं चतुर्धा धर्मदेष्टारं धर्मनाथम् उपास्महे ।।१७।।**

**શ્લોકાર્થ :-**

**મનુષ્યોને ઇચ્છિત વસ્તુઓની પ્રાપ્તિમાં કલ્પવૃક્ષ સમાન, ચાર પ્રકારે**

**ધર્મની દેશના દેનારા, શ્રી ધર્મનાથપ્રભુની અમે ઉપાસના કરીએ છીએ. ॥૧૭॥**

**ભાવાર્થ :-**

સંસારના ક્ષેત્રમાં સંસારી જીવોને ઇષ્ટ પ્રાપ્તિમાં કલ્પવૃક્ષ પ્રબળ કારણ છે. તેમ શરીરધારી જીવોને સદ્ગતિની પ્રાપ્તિની પરંપરા દ્વારા પૂર્ણસુખમય જે મોક્ષની પ્રાપ્તિ ઇષ્ટ છે તેની પ્રાપ્તિમાં ધર્મનાથ ભગવાન પ્રબલ કારણ છે. તેથી ભગવાન કલ્પવૃક્ષ સમાન ધર્મવાળા છે. આવા કલ્પવૃક્ષ સમાન તથા દાન-શીલ-તપ-ભાવરૂપ ચાર પ્રકારના ધર્મની દેશના આપનાર એવા ધર્મનાથ ભગવાનની અમે ઉપાસના કરીએ છીએ. સ્તવનકારશ્રી ધર્મનાથ ભગવાનના નામને અનુરૂપ ચાર પ્રકારના ધર્મને બતાવવા રૂપ ગુણનું સ્મરણ કરીને ભગવાનની સ્તુતિ કરતાં કહે છે કે કલ્પવૃક્ષ સમાન આપ અમને પૂર્ણસુખમય મોક્ષની પ્રાપ્તિમાં કારણ બનો. **॥૧૭॥**

**શ્લોક :-**

**सुधासोदरवाग्ज्योत्स्नानिर्मलीकृतदिङ्मुखः ।**
**मृगलक्ष्मा तमःशान्त्यै, शान्तिनाथजिनोऽस्तु वः ॥१८॥**

**અન્વય :-**

**सुधासोदरवाग्ज्योत्स्नानिर्मलीकृतदिङ्मुखः मृगलक्ष्मा शान्तिनाथजिनः वः तमः शान्त्यै अस्तु ॥१८॥**

**શ્લોકાર્થ :-**

**અમૃત જેવી વાણીરૂપી ચંદ્રિકા વડે નિર્મળ કરાયાં છે દિશાઓનાં મુખ જેમના વડે, એવા, મૃગના લંછનવાળા, શ્રી શાંતિનાથ ભગવાન તમને અજ્ઞાનરૂપી અંધકારની શાંતિને માટે થાવ. ॥૧૮॥**

**ભાવાર્થ :-**

શાંતિનાથ ભગવાનની વાણી જગતમાં શાંતિના વિસ્તારને કરનારી હોવાથી અમૃત જેવી છે અને તેવી અમૃત જેવી વાણીરૂપી જ્યોત્સ્ના વડે ભગવાને બધી

દિશાઓને નિર્મલ કરેલ છે. આનાથી એ ફલિત થાય કે ભગવાનનો ઉપદેશ સર્વદિશામાં ફેલાયો, જેના કારણે અમૃત જેવી વાણીથી જગતમાં ઘણા ઉત્તમ જીવો ગુણ સમૃદ્ધિને પામ્યા. આવા મૃગલાંછનવાળા અને શાંતિ કરવાના સ્વભાવવાળા શાંતિનાથ ભગવાન તમારા અજ્ઞાનરૂપી અંધકારને શાંત કરનાર થાઓ. જગતના જીવોમાં ભગવાનની વાણી પરિણમન પામે તો તે સંસારના વાસ્તવિક સ્વરૂપને જોનારા બને. જેથી અજ્ઞાનરૂપી ગાઢ અંધકારમાં અથડાઈને ચારગતિની વિડંબનાથી સુરક્ષિત બને. વસ્તુતઃ જગતના જીવોમાં ગાઢ અંધકાર વ્યાપેલો છે તેથી જ પોતાના હિતના અર્થી પણ તે જીવો અજ્ઞાનને કારણે પોતાનું અહિત થાય તેવી જ પ્રવૃત્તિ કરે છે. ભગવાનની વાણીથી તેઓનો અજ્ઞાનરૂપી અંધકાર શાંત થાય તો તેઓ પોતાના હિતને યથાર્થ જોઈ શકે અને હિતના અર્થી એવા તેઓ હિતની પ્રવૃત્તિ કરીને સંસારની વિડંબણાથી રક્ષિત થાય. માટે ભગવાનની સ્તુતિ કરતાં સ્તવનકારશ્રી કહે છે કે ભગવાન તમારા તમની=અજ્ઞાનરૂપી અંધકારની, શાંતિ માટે થાઓ. **॥૧૮॥**

**શ્લોક :-**

**श्रीकुन्थुनाथो भगवान्, सनाथोऽतिशयर्द्धिभिः ।**
**सुरासुरनृनाथानामेकनाथोऽस्तु वः श्रिये ।।१९।।**

**અન્વય :-**

**अतिशयर्द्धिभिः सनाथः सुरासुरनृनाथानाम् एकनाथः श्रीकुन्थुनाथः भगवान् वः श्रिये अस्तु ।।१९।।**

**શ્લોકાર્થ :-**

**અતિશયરૂપ સમૃદ્ધિથી સહિત, સુર-અસુર અને મનુષ્યોના નાથના (સુરેન્દ્ર-અસુરેન્દ્ર અને ચક્રવર્તીના) એક માત્ર સ્વામી, શ્રી કુંથુનાથ ભગવાન તમને આત્મલક્ષ્મી માટે થાઓ. ।।૧૯।।**

**ભાવાર્થ :-**

ભગવાન અપાયાપગમાદિ ચાર અતિશયની ઋદ્ધિથી સહિત છે. વળી,

જગતમાં સુર-અસુર-મનુષ્યોના જે નાથ તે સર્વના 'એક માત્ર નાથ છે' તેવા કુંથુનાથ ભગવાન તમારા કલ્યાણ માટે થાઓ. આનાથી એ પ્રાપ્ત થાય છે કે ભગવાન અનેક અતિશયોથી યુક્ત છે, તેથી જગતના સર્વજીવો કરતા સર્વોત્તમ' પુરુષ છે. વળી, સુર-અસુરના નાથ ઇંદ્રો છે અને મનુષ્યોના નાથ ચક્રવર્તી છે. તે સર્વના 'એક માત્ર નાથ' ભગવાન છે. જે યોગક્ષેમ કરે તે 'નાથ' કહેવાય અને જગતના જીવો જો ભગવાનનું શરણું સ્વીકારે તો ભગવાન તેઓના અપ્રાપ્ત ગુણોનો યોગ અને વિદ્યમાન ગુણોનું રક્ષણ કરે તેવા છે. આ રીતે બધાના **'એકનાથ'** એવા કુથુંનાથ ભગવાન તમારા કલ્યાણનું કારણ થાઓ અર્થાત્ ભગવાનનું શરણું સ્વીકારીને તમે કલ્યાણને પ્રાપ્ત કરો. **॥૧૯॥**

**શ્લોક :-**

**अरनाथस्तु भगवाँ, श्चतुर्थारनभोरविः ।**
**चतुर्थपुरुषार्थश्रीविलासं वितनोतु वः ।।२०।।**

**અન્વય :-**

**चतुर्थारनभोरविः अरनाथः तु भगवान् वः चतुर्थपुरुषार्थश्रीविलासं वितनोतु ।।२०।।**

**શ્લોકાર્થ :-**

**ચોથા આરારૂપી આકાશમાં સૂર્ય સમાન, શ્રી અરનાથ ભગવાન તમારી ચોથા પુરુષાર્થરૂપ મોક્ષલક્ષ્મીના વિલાસને વિસ્તારો. ॥૨૦॥**

**ભાવાર્થ :-**

અરનાથ ભગવાન ચોથા આરામાં થયા છે અને ચોથા આરામાં થનાર તીર્થંકરો આકાશરૂપી મંડલમાં સૂર્ય જેવા છે; કેમ કે સૂર્ય જેમ જગતમાં પ્રકાશનો વિસ્તાર કરે છે તેમ તીર્થંકરો જગતમાં યોગ્ય જીવોના હૈયામાં સન્માર્ગનો વિસ્તાર કરે છે. તેવા ભગવાનને સ્મૃતિમાં લાવીને સ્તવનકારશ્રી અભિલાષ કરે છે કે જગતમાં ચાર પુરુષાર્થ છે તેમાં સર્વશ્રેષ્ઠ પુરુષાર્થ મોક્ષ પુરુષાર્થ છે; કેમ કે તે જીવ માટે એકાંતે હિતરૂપ છે અને તેવા મોક્ષ રૂપી પુરુષાર્થની લક્ષ્મી

ભગવાન તમોને આપે. આ રીતે ભગવાન જગતના યોગ્ય જીવોને મોક્ષપ્રાપ્તિ પ્રત્યે કારણ બને તેવો અભિલાષ સ્તવનકારશ્રી કરે છે. **॥૨૦॥**

**શ્લોક :-**

**सुरासुरनराधीशमयूरनववारिदम् ।**
**कर्म्मद्रून्मूलने हस्तिमल्लं मल्लिमभिष्टुमः ॥२१॥**

**અન્વય :-**

**सुरासुरनराधीशमयूरनववारिदं कर्म्मद्रून्मूलने हस्तिमल्लं मल्लिमभिष्टुमः ॥२१॥**

**શ્લોકાર્થ :-**

**સુરો, અસુરો અને મનુષ્યોના અધિપતિરૂપ મયૂરોને માટે નવા મેઘ સમાન, કર્મરૂપી વૃક્ષને મૂળથી ઉખેડવા માટે ઐરાવણ હાથી સમાન, શ્રી મલ્લિનાથ ભગવાનને અમે સ્તવીએ છીએ. ॥૨૧॥**

**ભાવાર્થ :-**

તે કાલમાં વર્તતા સુર-અસુરના ઇંદ્રો અને મનુષ્યના અધિપતિ એવા રાજાઓ મલ્લિનાથ ભગવાનની ધર્મદેશના સાંભળવા આવતા હતા. અહીં મલ્લિનાથ ભગવાનને નવીન મેઘની ઉપમા આપી સ્તવનકારશ્રી સ્તુતિ કરે છે. જેમ નવો મેઘ મયૂરને કેકારવ કરવા માટે ઉલ્લસિત કરે છે તેમ સન્માર્ગ બતાવીને સુર-અસુર-મનુષ્યોના અધિપતિરૂપ મયૂરો માટે મલ્લિનાથ ભગવાન કેકારવ કરાવનાર નવીન મેઘ જેવા હતા; કેમ કે નવો મેઘ વરસે ત્યારે મયૂર કેકારવ કરે છે તેમ સુર-અસુર વગેરે મહાત્માઓ મલ્લિનાથ ભગવાનની ધર્મદેશના સાંભળી, સદા ઉત્સાહિત થઈ યોગમાર્ગમાં પ્રવૃત્તિ કરે છે જે કેકારવ સ્વરૂપ છે. વળી, મલ્લિનાથ ભગવાન કર્મરૂપી વૃક્ષને ઉન્મૂલન કરવા માટે મલ્લહસ્તિ=ઐરાવણ હાથી જેવા છે. તેથી તેઓનું નામ જેમ મલ્લિ છે તેમ તેવું જ પરાક્રમ કરી પોતાનાં કર્મોનો નાશ કર્યો. તેવા મલ્લિનાથ ભગવાનની અમે સ્તુતિ કરીએ છીએ. **॥૨૧॥**

**શ્લોક :-**

**जगन्महामोहनिद्राप्रत्यूषसमयोपमम् ।**
**मुनिसुव्रतनाथस्य, देशनावचनं स्तुमः ।।२२।।**

**અન્વય :-**

जगन्महामोहनिद्राप्रत्यूषसमयोपमं मुनिसुव्रतनाथस्य देशनावचनं स्तुमः ।।२२।।

**શ્લોકાર્થ :-**

**જગતના જીવોની મહામોહરૂપી નિદ્રા દૂર કરવા માટે પ્રાતઃકાળ જેવા શ્રી મુનિસુવ્રતનાથ ભગવાનના દેશના વચનને અમે સ્તવીએ છીએ. ।।૨૨।।**

**ભાવાર્થ :-**

જગતના જીવો મહામોહની નિદ્રામાં સૂતેલા હોવાથી સંસારની વિષમ સ્થિતિ દેખાવા છતાં તેઓ માત્ર ધન-ધાન્યાદિથી સભર પોતાની દુનિયા જોઈને મલકાય છે અને તેનાથી રહિત પોતાની સ્થિતિ હોય તો દુઃખી દુઃખી થાય છે. પરંતુ પોતાનું હિત શું છે ? અહિત શું છે ? તેની વિચારણા કરવા માટે સર્વથા અસમર્થ બને તેવી મોહનિદ્રામાં સૂતા છે. આવી નિદ્રામાં સૂતેલા પણ યોગ્ય જીવોને ભગવાનની દેશનાનું વચન સવારમાં થતાં પ્રકાશતુલ્ય બને છે. જેમ પ્રાતઃકાલનો પ્રકાશ નિદ્રાને દૂર કરીને ઉચિત પ્રવૃત્તિ કરવા માટે લોકોને પ્રેરણા કરે છે તેમ ભગવાનની દેશનાને સાંભળીને યોગ્ય જીવોને સંસારના સ્વરૂપનો પારમાર્થિક બોધ થાય છે અને મહામોહરૂપી નિદ્રાનો ત્યાગ કરીને, તુચ્છ અને અસાર બાહ્ય પદાર્થોનો ત્યાગ કરીને આત્માની અંતરંગ સંપત્તિને પ્રગટ કરવાના અભિમુખ પરિણામવાળા થાય છે. આ સર્વની પ્રાપ્તિનું કારણ ભગવાનની દેશના છે. તેથી જ સ્તવનકારશ્રી મુનિસુવ્રતસ્વામી ભગવાનની દેશનાનાં વચનોની સ્તવના કરે છે; કેમ કે ભગવાનની દેશનાનાં વચનો પ્રત્યે વધતા જતા અહોભાવથી જ તે દેશનાનું સમ્યક્ પરિણમન કરી યોગ્ય જીવો પોતાનું હિત સાધી શકે છે. **।।૨૨।।**

**શ્લોક :-**

**लुठन्तो नमतां मूर्ध्नि, निर्मलीकारकारणम् ।**
**वारिप्लवा इव नमेः, पान्तु पादनखांशवः ।।२३।।**

**અન્વય :-**

**नमतां मूर्ध्नि लुठन्तः वारिप्लवा इव निर्मलीकारकारणं नमेः पादनखांशवः पान्तु ।।२३।।**

**શ્લોકાર્થ :-**

**નમસ્કાર કરનારાઓના મસ્તક ઉપર ઢોળાતા જલના પ્રવાહની જેમ નિર્મળ કરવામાં કારણભૂત શ્રી નમિનાથના પગના નખનાં કિરણો રક્ષણ કરો. ॥૨૩॥**

**ભાવાર્થ :-**

જેમ કોઈ પુરુષ નમસ્કાર કરતો હોય અને તેના મસ્તક ઉપર પાણીનો પ્રવાહ પડે તો તે પ્રવાહ તેના પર રહેલા મલની શુદ્ધિ કરે છે અને તેને નિર્મલ બનાવવાનું કારણ બને છે. તેમ જેઓ ભક્તિથી નમિનાથ ભગવાનના ચરણકમલમાં નમસ્કાર કરી રહ્યા છે, ત્યારે તેઓના હૈયામાં ભગવાન પ્રત્યે વર્તતા ભક્તિના પરિણામને કારણે ભગવાનનો કરુણાદૃષ્ટિરૂપ પાણીનો પ્રવાહ તેમના મસ્તક ઉપર પડે છે. તેથી ભગવાનના પગના નખમાંથી નીકળતાં કિરણો તેઓનું રક્ષણ કરો એ પ્રકારે સ્તવનકારશ્રી અભિલાષ કરે છે. અર્થાત્ ભક્તિથી નમીને ઘણા યોગ્ય જીવો પાપોનો નાશ કરે છે, પરિમિત સંસારવાળા થાય છે. તેવા નમિનાથ ભગવાન પોતાનું રક્ષણ કરે તે પ્રકારનો અભિલાષ સ્તવનકારશ્રી કરે છે. **॥૨૩॥**

**શ્લોક :-**

**यदुवंशसमुद्रेन्दुः, कर्म कक्षहुताशनः ।**
**अरिष्टनेमिर्भगवान्, भूयाद् वोऽरिष्टनाशनः ।।२४।।**

**અન્વય :-**

यदुवंशसमुद्रेन्दुः कर्मकक्षहुताशनः अरिष्टनेमिः भगवान् वः अरिष्टनाशनः भूयात् ।।२४।।

**શ્લોકાર્થ :-**

**યદુવંશરૂપી સમુદ્રમાં ચંદ્ર સમાન, કર્મરૂપી વનને બાળવા માટે અગ્નિ સમાન, શ્રી અરિષ્ટનેમિ ભગવાન તમારા અમંગળનો નાશ કરનાર થાઓ. ।।૨૪।।**

**ભાવાર્થ :-**

નેમિનાથ ભગવાન યાદવવંશના સમુદ્રવિજય રાજાના પુત્ર હતા. તેથી યાદવવંશમાં સમુદ્ર જેવા, સમુદ્રવિજય રાજાના વંશમાં નેમિનાથ ભગવાન ચંદ્ર જેવા શોભાયમાન હતા. વળી, કર્મરૂપી સમૂહને બાળવા માટે અગ્નિ જેવા હતા. તેથી મહાપરાક્રમ ફોરવીને ધ્યાનરૂપી અગ્નિ દ્વારા સર્વકર્મનો નાશ કર્યો એવા અરિષ્ટ નેમિનાથ ભગવાન સંસારી જીવોના અનર્થોના નાશ કરનાર થાઓ. આ પ્રકારનો અભિલાષ કરીને સંસારી જીવોમાં અરિષ્ટને=ઉપદ્રવને, કરનાર અજ્ઞાનતા આદિ મોહજન્ય ભાવોનો ભગવાન નાશ કરે તેવો અભિલાષ સ્તવનકારશ્રી કરે છે. **।।૨૪।।**

**શ્લોક :-**

**कमठे धरणेन्द्रे च, स्वोचित कर्म कुर्वति ।**
**प्रभुस्तुल्यमनोवृत्तिः, पार्श्वनाथः श्रियेऽस्तु वः ।।२५।।**

**અન્વય :-**

स्वोचितं कर्म कुर्वति कमठे धरणेन्द्रे च तुल्यमनोवृत्तिः पार्श्वनाथः प्रभुः वः श्रिये अस्तु ।।२५।।

**શ્લોકાર્થ :-**

**પોતાને ઉચિત કૃત્ય કરી રહેલા કમઠ અને ધરણેન્દ્ર ઉપર સમાન ભાવ રાખનારા શ્રી પાર્શ્વનાથ પ્રભુ તમને લક્ષ્મીને માટે હો. ।।૨૫।।**

**ભાવાર્થ :-**

જન્માંતરના વેરને કારણે કમઠના હૃદયમાં ભગવાન પ્રત્યે દ્વેષ વર્તે છે. તેથી ધ્યાનમાં રહેલા ભગવાન ઉપર તે ઉપસર્ગ કરે છે. બીજી બાજુ પૂર્વભવમાં ભગવાને કરેલા ઉપકારનું સ્મરણ કરીને ભક્તિને વશ ધરણેન્દ્ર ભગવાનના ઉપસર્ગનું નિવારણ કરે છે. આ રીતે કમઠ પોતાના વેરના પરિણામને અનુરૂપ ઉચિતકૃત્ય કરીને ભગવાન પર ઉપસર્ગ કરે છે અને ધરણેન્દ્ર ભક્તિને વશ ઉચિતકૃત્ય કરીને ભગવાન પરના ઉપસર્ગનું નિવારણ કરે છે. છતાં સર્વજીવો પ્રત્યે તુલ્યવૃત્તિ રૂપ સમભાવ વર્તતો હોવાથી ભગવાનને કમઠ-ધરણેન્દ્ર બન્ને પ્રત્યે તુલ્યવૃત્તિ વર્તે છે. આ કમઠ ઉપસર્ગ કરનાર છે અને ધરણેન્દ્ર ભક્તિ કરનાર છે તે પ્રકારના પરિણામકૃત કોઈ ભાવ પ્રભુના હૈયામાં નથી. આ રીતે સાધનાકાલમાં પણ નિર્લેપ યોગી એવા પાર્શ્વનાથ ભગવાન તમારા શ્રેયને માટે થાઓ અર્થાત્ એવા ભગવાનનું સ્મરણ કરીને તેમના જેવી ઉત્તમ પ્રકૃતિ તમને પ્રાપ્ત થાય એવો યત્ન તમે કરો તે પ્રકારની અભિલાષા સ્તવનકારશ્રી કરે છે. ભગવાનના આવા સ્વરૂપ પ્રત્યે પક્ષપાત થવાથી યોગ્ય જીવોને કલ્યાણની પરંપરાની પ્રાપ્તિ થાય છે. **॥૨૫॥**

**શ્લોક :-**

**श्रीमते वीरनाथाय, सनाथायाद्भुतश्रिया ।**
**महानन्दसरोराजमरालायार्हते नमः ।।२६।।**

**અન્વય :-**

**अद्भुतश्रिया सनाथाय, महानन्दसरोराजमरालाय श्रीमते वीरनाथाय अर्हते नमः ।।२६।।**

**શ્લોકાર્થ :-**

**અલૌકિક લક્ષ્મીથી સહિત, પરમાનંદરૂપી સરોવરમાં રાજહંસ સ્વરૂપ, અનંતજ્ઞાનાદિ લક્ષ્મીથી યુક્ત, વીરનાથ અરિહંતને નમસ્કાર કરું છું. ॥૨૬॥**

**ભાવાર્થ :-**

વીરપ્રભુ માતાની કુક્ષીમાં અવતર્યા ત્યારથી જ નિર્મલ એવા મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાનના સ્વામી હતા અને દીક્ષા ગ્રહણ કરે છે ત્યારે પ્રભુને નિર્મલ મનઃપર્યવજ્ઞાન પ્રાપ્ત થાય છે. આવા ચાર જ્ઞાનયુક્ત પ્રભુ સાધના કરી અંતે કેવલજ્ઞાન પ્રાપ્ત કરે છે ત્યારે તીર્થંકર લક્ષ્મીના સ્વામી થાય છે. આ રીતે અદ્ભુત લક્ષ્મીથી યુક્ત એવા શ્રી વીર ભગવાન છે. વળી, સ્વાભાવિક સ્વસ્થતાપૂર્વક મહાઆનંદ સ્વરૂપ સરોવરમાં રાજહંસ જેવા શોભાયમાન છે તેવા વીર ભગવાનને સ્તવનકારશ્રી નમસ્કાર કરે છે. જેથી તેમના ગુણો પ્રત્યેની વધતી જતી ભક્તિ તદ્તુલ્ય બનવાનું કારણ બને. **॥૨૬॥**

**શ્લોક :-**

**कृतापराधेऽपि जने, कृपामन्थरतारयोः ।**
**ईषद्बाष्पार्द्रयोर्भद्रं, श्रीवीरजिननेत्रयोः ।।२७।।**

**અન્વય :-**

**कृतापराधेऽपि जने कृपामन्थरतारयोः ईषद्बाष्पआर्द्रयोः श्रीवीरजिननेत्रयोः भद्रम् ।।२७।।**

**શ્લોકાર્થ :-**

**કરાયેલા અપરાધવાળા પણ મનુષ્ય ઉપર દયાથી નમ્ર થયેલી કીકીવાળા, કંઈક અશ્રુ વડે ભીના થયેલા, શ્રી વીરજિનનાં બન્ને નેત્રોનું કલ્યાણ થાઓ. ॥૨૭॥**

**ભાવાર્થ :-**

છદ્મસ્થકાલમાં ભગવાન સાધના કરતા હતા ત્યારે ઘણા જીવોએ ભગવાન ઉપર ઉપસર્ગ કર્યા છે. છતાં ભગવાનના હૈયામાં તેઓ પ્રત્યે સહેજ પણ દ્વેષ તો વર્તતો નથી, પરંતુ કૃપાનો પરિણામ વર્તે છે અને તેના કારણે તેમના દયાના પરિણામો વ્યક્ત કરનારી બે કીકીઓ કાંઈક નમેલી છે. વળી, અપરાધી પ્રત્યે પણ અપરાધ કરનારા જીવોનું અહિત થશે તે પ્રકારના પરિણામને કારણે

દયાથી કાંઈક આર્દ્ર થયેલા=ભીંજાયેલા પ્રભુનાં બે ચક્ષુ કલ્યાણને કરનારાં છે. આ પ્રકારે સ્તુતિ કરીને સ્તુતિકારશ્રી સાધનાકાલમાં પણ ભગવાનની ઉત્તમ પરિણતિનું સ્મરણ કરીને તેમની સ્તુતિ કરે છે.

સામાન્યથી ઉપસર્ગ કરનાર પ્રત્યે દ્વેષ ન થાય, તોપણ તેમની હિતચિંતાનો પરિણામ તો વિશિષ્ટ પુરુષોને જ થાય છે. વીર ભગવાનને તેવા જીવો પ્રત્યે પણ, હિતની પરિણતિ હોવા છતાં હિત કરવાનું અશક્ય જણાવાથી, દયાના પરિણામથી ચક્ષુ કાંઈક આર્દ્ર=ભીનાં, બને છે. જે ભગવાનમાં વર્તતી ઉત્તમ પરિણતિને વ્યક્ત કરે છે. **॥૨૭॥**

**શ્લોક :-**

**जयति विजितान्यतेजाः, सुरासुराधीशसेवितः श्रीमान् ।**
**विमलस्त्रासविरहितस्त्रिभुवनचूडामणिर्भगवान् ।।२८।।**

**અન્વય :-**

**विजितान्यतेजाः सुरासुराधीशसेवितः श्रीमान् विमलः त्रासविरहितः त्रिभुवनचूडामणिः भगवान् जयति ।।२८।।**

**શ્લોકાર્થ :-**

**જિતાયું છે અન્યનું તેજ જેમના વડે, સુરો અને અસુરોના સ્વામીઓથી સેવાયેલા, જ્ઞાનાદિ લક્ષ્મીવાળા, નિર્મલ (દોષ રહિત), ત્રાસ રહિત, ત્રણ ભુવનના મુકુટ, એવા અરિહંત ભગવાન જય પામે છે. ॥૨૮॥**

**ભાવાર્થ :-**

સામાન્યથી તીર્થંકરો મહાપુણ્યપ્રકૃતિવાળા હોય છે તેથી તેમની પુણ્યપ્રકૃતિને કારણે અન્યનું તેજ હણાય છે માટે તીર્થંકરો "વિજિત અન્યતેજા" છે. વળી, પૂજાતિશયને કારણે સુર-અસુરના ઇંદ્રોથી સેવાયેલા હોય છે. ઘાતિકર્મોનો ક્ષય કર્યો હોવાથી અંતરંગ સમૃદ્ધિવાળા છે. વળી, આત્માના મોહાદિ ભાવોથી રહિત હોવાથી નિર્મલ છે. વળી, જગતના જીવો માટે ત્રાસનું કારણ ન બને તેવા હોવાથી ત્રાસ રહિત છે; કેમ કે ઉત્તમ પુરુષો કોઈને ભયનું કારણ ન બને

પણ બધાને નિર્ભયનું કારણ બને તેવા હોય છે. વળી, પ્રભુ ત્રણભુવનમાં ચૂડામણિ જેવા છે; કેમ કે તીર્થંકર ત્રણ જગતના સર્વભાવોમાં સર્વશ્રેષ્ઠ ઉપકારક શક્તિવાળા હોય છે. આવા ભગવાન જગતમાં જય પામે એવો અભિલાષ સ્તવનકારશ્રી કરે છે. જેથી જગતના જીવોને ભગવાન દ્વારા ઉપકારની પ્રાપ્તિ થાય. **॥૨૮॥**

**શ્લોક :-**

**वीरः सर्वसुरासुरेन्द्रमहितो, वीरं बुधाः संश्रिताः,**
**वीरेणाभिहतः स्वकर्मनिचयो, वीराय नित्यं नमः ।**
**वीरात् तीर्थमिदं प्रवृत्तमतुलं, वीरस्य घोरं तपो,**
**वीरे श्रीधृतिकीर्तिकान्तिनिचयः, श्रीवीर ! भद्रं दिश ।।२९।।**

**અન્વય :-**

वीरः सर्वसुरासुरेन्द्रमहितः, बुधाः वीरं संश्रिताः, वीरेण स्वकर्मनिचयः अभिहतः, वीराय नित्यं नमः, वीरात् इदम् अतुलं तीर्थं प्रवृत्तम्, वीरस्य घोरं तपः, वीरे श्री धृतिकीर्तिकान्तिनिचयः, श्रीवीर ! भद्रं दिश ।।२९।।

**શ્લોકાર્થ :-**

**શ્રી મહાવીરસ્વામી ભગવાન સર્વ સુરેન્દ્રો અને અસુરેન્દ્રોથી પૂજાયેલા છે, પંડિતો શ્રી મહાવીરસ્વામી ભગવાનને સારી રીતે આશ્રિત છે, શ્રી મહાવીરસ્વામી ભગવાન વડે પોતાનો કર્મનો સમૂહ હણાયેલો છે, શ્રી મહાવીરસ્વામી ભગવાનને પ્રતિદિન નમસ્કાર હો, શ્રી મહાવીરસ્વામી ભગવાનથી આ અનુપમ ચતુર્વિધસંઘ સ્વરૂપ ધર્મતીર્થ પ્રવર્તેલું છે, શ્રી મહાવીરસ્વામી ભગવાનનો ઉગ્ર તપ છે, શ્રી મહાવીરસ્વામીમાં લક્ષ્મી, ધૈર્ય, કીર્તિ અને કાંતિનો સમૂહ છે, હે ! મહાવીરસ્વામી ભગવાન ! (મને) કલ્યાણને આપો. ॥૨૯॥**

**ભાવાર્થ :-**

સંસ્કૃતની સાતેસાત વિભક્તિઓને ક્રમસર વીર શબ્દ સાથે યોજીને ફરી

ફરી વીર શબ્દથી વીરપ્રભુની સ્તવના કરી સ્તવનકારશ્રી વીર ભગવાન પ્રત્યેની પોતાની ભક્તિને અતિશયિત કરે છે. તે વીર ભગવાન કેવા છે ? તે બતાવતાં કહે છે – સર્વ સુર-અસુરના ઇંદ્રથી પૂજાયેલા છે માટે ભગવાન પૂજાતિશયવાળા છે. વળી, સંસારના વાસ્તવિક સ્વરૂપને જોનારા બુધ પુરુષો સંસારના વાસ્તવિક સ્વરૂપને જોઈ તેના નિસ્તારની અત્યંત કામનાવાળા છે જેનો એક ઉપાય તેઓને વીર ભગવાનનો આશ્રય જણાય છે તેથી પંડિત પુરુષો વીરપ્રભુને આશ્રય કરીને રહેલા છે. વળી, ભગવાન પોતાના નામને અનુરૂપ જ પરાક્રમવાળા છે, તેથી મહાપરાક્રમ કરીને પોતાનાં કર્મોના સમૂહનો જેમણે નાશ કર્યો છે તેવા ઉત્તમ છે. તેવા વીર ભગવાનને સ્તુતિકારશ્રી નિત્ય નમસ્કાર કરે છે. વળી, વિશેષ સ્તુતિ કરતાં કહે છે કે તે વીર ભગવાનથી અતુલબળવાળું આ ધર્મતીર્થ પ્રવર્ત્યું હોવાથી સંસારથી તરવા માટેનું પ્રબળ કારણ એવું અતુલ ધર્મતીર્થ પ્રવર્તાવનાર પણ વીર ભગવાન જ છે. વળી, વીર ભગવાને સાધનાકાલમાં ઘોર તપ કરીને પોતાના અનુયાયીઓને પણ તપ કરવા માટે ઉત્સાહ થાય તેવો પ્રયત્ન કર્યો છે. વળી વીર ભગવાનમાં લક્ષ્મી-ધૃતિ-કીર્તિ-કાંતિનો નિચય=સમૂહ છે. અર્થાત્ જ્ઞાનરૂપી લક્ષ્મી છે, પોતાની સાધનામાં અપ્રમાદપણે યત્ન કરી શકે તેવી ધૃતિ છે. મહાઉપસર્ગો અને પરિષહોમાં પણ પ્રભુ ચલાયમાન ન થયા તેવી તેમની કીર્તિ છે અને અદ્ભુત દેહની કાંતિ છે. તેવા ઉત્તમ વીર ભગવાન કલ્યાણને આપો, એ પ્રકારે સ્તુતિકારશ્રી પ્રાર્થના કરે છે. **॥૨૯॥**

**શ્લોક :-**

**अवनितलगतानां कृत्रिमाकृत्रिमानां,**
**वरभवनगतानां दिव्यवैमानिकानाम् ।**
**इह मनुजकृतानां देवराजार्चितानां,**
**जिनवरभवनानां भावतोऽहं नमामि ।।३०।।**

**અન્વય :-**

**कृत्रिमाकृत्रिमानाम् अवनितलगतानां वरभवनगतानां दिव्यवैमानिकानाम् इह मनुजकृतानां देवराजार्चितानां जिनवरभवनानाम् अहं भावतः नमामि ।।३०।।**

**શ્લોકાર્થ :-**

**પૃથ્વીતલ પર રહેલ કૃત્રિમ-અકૃત્રિમ=શાશ્વત-અશાશ્વત એવાં જિનવરનાં ચૈત્યોને, ભવનપતિઓના શ્રેષ્ઠ નિવાસસ્થાનોમાં રહેલાં, દેવતાઈ વિમાનોમાં રહેલાં, અહીં=મનુષ્યલોકમાં, મનુષ્યોથી કરાયેલાં, દેવો અને રાજાઓ વડે પૂજાયેલા જિનવરોનાં ચૈત્યોને હું ભાવથી નમસ્કાર કરું છું. ॥૩૦॥**

**ભાવાર્થ :-**

સ્તવનકારશ્રીને ભગવાન પ્રત્યે ભક્તિ હોવાથી ભગવાનના સ્થાપનાનિક્ષેપા રૂપ જિનપ્રતિમા પ્રત્યે પણ ભક્તિ છે. તે જિનપ્રતિમા શાશ્વત-અશાશ્વત સર્વ પ્રકારે છે. વળી, તે જિનપ્રતિમા ભવનપતિઓનાં ભવનોમાં રહેલી હોય, દેવલોકમાં રહેલી હોય કે મનુષ્યોથી કરાયેલી હોય તે સર્વ જિનપ્રતિમા પ્રત્યે પોતાની ભક્તિ છે. આ જિનની પ્રતિમા છે માટે જિનતુલ્ય છે અને શ્રેયનું કારણ છે, તેવા પ્રકારના ભાવથી સ્તુતિકારશ્રી, તે સર્વ પ્રતિમાને નમસ્કાર કરે છે. જેથી સર્વ ભગવાન અને તેમની પ્રતિમા પ્રત્યે પૂજ્યભાવની વૃદ્ધિ થાય. **॥૩૦॥**

**શ્લોક :-**

**सर्वेषां वेधसामाद्यमादिमं परमेष्ठिनाम् ।**
**देवाधिदेवं सर्वज्ञं, श्रीवीरं प्रणिदध्महे ।।३१।।**

**અન્વય :-**

**सर्वेषां वेधसाम् आद्यम्, परमेष्ठिनाम् आदिमं, देवाधिदेवं, सर्वज्ञं, श्रीवीरं प्रणिदध्महे ।।३१।।**

**શ્લોકાર્થ :-**

**સર્વે જ્ઞાતાઓમાં શ્રેષ્ઠ, પરમેષ્ઠિઓમાં પ્રથમ, દેવોના પણ દેવ, સર્વજ્ઞ, શ્રી મહાવીરસ્વામી ભગવાનનું અમે ધ્યાન ધરીએ છીએ. ॥૩૧॥**

**ભાવાર્થ :-**

સ્તુતિકારશ્રીને સર્વ ભગવાન પ્રત્યે અત્યંત ભક્તિ છે તોપણ વીર પ્રભુ આસન્નોપકારી છે, તેથી તેમના પ્રત્યે વિશેષ ભક્તિ અભિવ્યક્ત કરવા ફરી ફરી વીર ભગવાનની સ્તુતિ કરતાં કહે છે – ભગવાન સર્વ બુદ્ધિમાનોમાં આદ્ય બુદ્ધિમાન છે; કેમ કે જીવોને સંસારના ઉચ્છેદ માટેનો ઉચિત ઉપાય બતાવીને બુદ્ધિમાન પુરુષને શોભે તેવું કાર્ય કર્યું છે. વળી, આત્મા માટે ઉપાસ્ય પાંચ પરમેષ્ઠિઓ છે, જેમાં વીર ભગવાન પ્રથમ પરમેષ્ઠિ છે. વળી, ભગવાન દેવોના પણ દેવ છે; કેમ કે સર્વદેવો પણ ભગવાનની ઉપાસના કરે છે તેવા સર્વજ્ઞ વીર પ્રભુને નમસ્કાર કરી સ્તવનકારશ્રી તેમના ઉપકારનું વારંવાર સ્મરણ કરે છે, પ્રણિધાન કરે છે અર્થાત્ **તત્સ્વરૂપને અવલંબીને તદ્ભાવને અભિમુખ જવાનો યત્ન કરે છે. ॥૩૧॥**

**શ્લોક :-**

**देवोऽनेकभवार्जितोर्जितमहापापप्रदीपानलो,**
**देवः सिद्धिवधूविशालहृदयालङ्कारहारोपमः ।**
**देवोऽष्टादशदोषसिन्धुरघटानिर्भेदपञ्चाननो,**
**भव्यानां विदधातु वाञ्छितफलं, श्रीवीतरागो जिनः ।।३२।।**

**અન્વય :-**

देवः अनेकभवार्जितोर्जितमहापापप्रदीपअनलः, देवः सिद्धिवधूविशाल-हृदयालङ्कारहारोपमः, देवः अष्टादशदोषसिन्धुरघटानिर्भेदपञ्चानन, श्रीवीतरागः जिनः भव्यानां वाञ्छितफलं विदधातु ।।३२।।

**શ્લોકાર્થ :-**

**અનેક ભવોમાં ઉપાર્જન કરેલાં અને અત્યંત દૃઢ કરેલાં મહાપાપોનું દહન કરવામાં અગ્નિ સમાન દેવ, મુક્તિરૂપી સ્ત્રીની વિસ્તૃત છાતીને અલંકૃત કરવામાં હાર સમાન દેવ, અઢાર દોષરૂપી હાથીના સમૂહને**

**ભેદવામાં સિંહ સમાન દેવ, એવા શ્રી વીતરાગ જિનેશ્વર ભવ્યજીવોના ઇચ્છિત ફલને આપો. ॥૩૨॥**

**ભાવાર્થ :-**

પ્રસ્તુત શ્લોકમાં સ્તુતિકારશ્રીએ જિન સામાન્યની સ્તુતિ કરી છે અને તેવા દેવ વીતરાગ જિન જ હોય છે અન્ય કોઈ તેવા દેવ નથી. સંસારી જીવોએ અનેક ભવોમાં તે તે પ્રકારનાં કૃત્યો કરીને કર્મો અર્જિત કર્યાં છે તથા તે કર્મોને ઉર્જિત કર્યાં છે=અત્યંત સ્થિર કર્યાં છે અને તેવાં કર્મરૂપી મહાપાપને બાળવા માટે અગ્નિ સમાન દેવ છે; કેમ કે અવીતરાગભાવથી ભાવિત થયેલો જીવ કર્મોને સંચિત કરે છે અને સંચિત કરેલાં કર્મોને દૃઢ કરે છે અને વીતરાગની ઉપાસના કરીને જીવ વીતરાગભાવથી ભાવિત બને છે. આ રીતે વીતરાગને અવલંબીને થયેલો વીતરાગભાવ તે સંચિત કર્મોને બાળવા માટે અગ્નિનું કારણ બને છે. તેથી વીતરાગદેવ સંસારી જીવોનાં કર્મોને બાળવા માટે અગ્નિતુલ્ય છે. વળી, જેમ કોઈ સ્ત્રીના કંઠમાં અલંકાર રૂપે હાર શોભતો હોય, તેમ સિદ્ધિરૂપી સ્ત્રીના વિશાળ હૃદય ઉપર અલંકાર જેવા હારની ઉપમાવાળા દેવ છે; કેમ કે **સિદ્ધના જીવો જે શોભાયમાન છે તે સર્વ વીતરાગભાવના બળથી જ છે**, તેથી વીતરાગભાવ એ કંઠમાં રહેલા હાર જેવો છે. વળી, સંસારી જીવોમાં જે અઢાર દોષો છે, તે હાથીના સમૂહ જેવા છે. તેથી જેમ હાથીના યૂથને નાશ કરવો દુષ્કર છે તેમ સંસારી જીવ માટે અઢાર દોષોનો નાશ કરવો અતિ દુષ્કર છે. આમ હોવા છતાં વીતરાગદેવનું અવલંબન લઈને કોઈ મહાત્મા આત્માને વીતરાગભાવથી ભાવિત કરે તો તે અઢાર દોષનો સમૂહ ક્ષણમાં નાશ પામે છે. તેથી અઢાર દોષના સમૂહરૂપ હાથીના સમૂહને નિર્ભેદ કરવામાં સિંહ જેવા વીતરાગદેવ છે અને તેવા વીતરાગદેવ ભવ્યજીવોના વાંછિતફલને આપો એવો અભિલાષ કરીને ભવ્યજીવો વીતરાગભાવથી ભાવિત થઈને શીઘ્ર વીતરાગતુલ્ય થાય તેવો અભિલાષ સ્તુતિકારશ્રી કરે છે. **॥૩૨॥**

**શ્લોક :-**

**ख्यातोऽष्टापदपर्वतो गजपदः, सम्मेतशैलाभिधः,**
**श्रीमान् रैवतकः प्रसिद्धमहिमा, शत्रुञ्जयो मण्डपः ।**

वैभारः कनकाचलोऽर्बुदगिरिः, श्रीचित्रकूटादय-
स्तत्र श्रीऋषभादयो जिनवराः कुर्वन्तु वो मङ्गलम् ।।३३।।

**અન્વય :-**

ख्यातः अष्टापदपर्वतः, गजपदः, सम्मेतशैलाभिधः, श्रीमान् रैवतकः, प्रसिद्ध-महिमा शत्रुञ्जयः, मण्डपः, वैभारः, कनकाचलः, अर्बुदगिरिः, श्रीचित्रकूटादयः, तत्र श्रीऋषभादयः जिनवराः वः मङ्गलं कुर्वन्तु ।।३३।।

**શ્લોકાર્થ :-**

પ્રસિદ્ધ એવો અષ્ટાપદ પર્વત, ગજપદ કે ગજાગ્રપદ નામનો પર્વત, સમ્મેતશિખર નામનો પર્વત, શોભાવાળો ગિરનારપર્વત, પ્રસિદ્ધ મહિમાવાળો શત્રુંજયગિરિ, માંડવગઢ, વૈભારગિરિ, સુવર્ણગિરિ, આબુગિરિ, શ્રી ચિત્રકૂટ વગેરે તીર્થો અને ત્યાં રહેલા શ્રી ઋષભદેવ વગેરે જિનેશ્વરો તમારું મંગલ કરો. ॥33॥

❖ ❖ ❖

# અજિતશાંતિ
# સ્તવન

ॐ ह्रीँ अर्हं नमः ।

ॐ ह्रीँ श्रीशङ्खेश्वरपार्श्वनाथाय नमः ।

ऐँ नमः ।

## પૂર્વાચાર્ય શ્રી નંદિષેણમુનિ વિરચિત
## નવસ્મરણ અંતર્ગત છટ્ઠા સ્મરણ આત્મક

# અજિતશાંતિ સ્તવન

**ગાથા :-**

अजियं जियसव्वभयं, संतिं च पसंतसव्वगयपावं ।
जयगुरू संतिगुणकरे, दो वि जिणवरे पणिवयामि ।।१।। गाहा ।।

**છાયા :-**

अजितं जितसर्वभयं, शान्तिं च प्रशान्तसर्वगदपापम् ।
जगद्गुरू शान्तिगुणकरौ, द्वौ अपि जिनवरौ प्रणिपतामि ।।१।। गाथा ।।

**ગાથાર્થ :-**

જિતાયા છે સર્વ ભય જેમના વડે એવા અજિતનાથ ભગવાનને અને પ્રશાંત થયાં છે સર્વ રોગ રૂપ પાપ જેમનાં એવા શાંતિનાથ ભગવાનને, જગતના ગુરુ, શાંતિના ગુણને કરનારા એવા બન્ને પણ જિનવરોને હું પ્રણામ કરું છું. ।।૧।।

**ભાવાર્થ :-**

સ્તવનનો પ્રથમ શબ્દ 'અજિઅં'=તીર્થંકર ભગવાનનું નામ હોવાથી પરમ પવિત્ર અને મંગલતાનો સૂચક છે. વર્તમાન ચોવીશીમાં થયેલા બીજા તીર્થંકરનું નામ "અજિતનાથ" છે અને તે નામની વ્યુત્પત્તિ અનુસાર ભગવાન સર્વ ભયથી અજિત છે તે બતાવવા માટે સ્તવનકારશ્રી કહે છે કે "જીત્યા છે સર્વ ભય જેમણે તેવા અજિતનાથ ભગવાન છે". આનાથી એ પ્રાપ્ત થાય કે જીવને ભયનું સ્થાન અંતરંગ રીતે કર્મો અને કર્મઆપાદક મોહની પ્રકૃતિ છે. ભગવાને કર્મોનાં બીજભૂત એવાં ચારે ઘાતિકર્મોને જીતી લીધાં હોવાથી ઘાતિકર્મોના નાશને કારણે શેષ અઘાતિકર્મો હવે દગ્ધરજ્જુ જેવાં છે અર્થાત્ પરંપરા ચલાવવાની શક્તિ વગરનાં છે. તેથી અલ્પકાલમાં ભગવાન ભયના સ્થાનભૂત એવાં કર્મોથી મુક્ત થશે માટે ભગવાન કર્મથી જિતાયા નથી તેથી સર્વથા જીતેલા ભયવાળા છે.

હવે શાંતિનાથ ભગવાનના બિંબને નિહાળતાં મંગલવાચક 'સંતિં' શબ્દ બોલી તેમની વિશેષતા બતાવતાં "પસંત સવ્વગય પાવં" બોલે છે. સોળમા તીર્થંકરનું નામ શાંતિનાથ ભગવાન છે. તે નામને સામે રાખીને સ્તવનકારશ્રીએ વિશેષણ આપ્યું છે કે "પ્રશાંત થયાં છે સર્વ રોગરૂપ પાપ જેમનાં એવા" શાંતિનાથ ભગવાન છે. આત્મા માટે પીડાકારી ઘાતિકર્મરૂપ પાપો રોગ સ્વરૂપ છે અને હવે ફરી ઊઠે નહીં તે પ્રકારે તે સર્વ પાપ ભગવાને શાંત કર્યાં છે. અર્થાત્ સત્તામાંથી જ રોગો રૂપ પાપો ચાલ્યા ગયાં છે અર્થાત્ જેમના ભાવરોગો રૂપ પાપો પ્રકૃષ્ટ શાંત થયાં છે તેવા શાંતિનાથ ભગવાન છે.

આ પ્રકારે બંને ભગવાનની પૃથક્ સ્તુતિ કર્યા બાદ બંને ભગવાનની સાથે સ્તુતિ કરતાં કહે છે "જયગુરુ સંતિગુણકરે". આ બે તીર્થંકર ભગવંતો જગતના ગુરુ છે; કેમ કે "ગૃણાતિ શાસ્ત્રં ઇતિ ગુરુ" એ વ્યુત્પત્તિ અનુસાર જગતના જીવોને અનુશાસન આપે અને દોષોથી તેમનું રક્ષણ કરે એવાં શાસ્ત્રો ભગવાને બતાવ્યાં છે. આ રીતે ભગવાન જગતના જીવોને અનુશાસન આપીને તેમનું રક્ષણ કરનાર છે માટે જગદ્ગુરુ છે. વળી આ બંને તીર્થંકરો જગતના જીવોનાં ઘાતિકર્મોને નાશ કરવામાં પ્રબળ આલંબન છે. તેથી આપણાં પણ ઘાતિકર્મોનો નાશ કરાવીને શાંતિગુણને કરનારા છે. **॥૧॥**

**ગાથા :-**

**ववगयमंगुलभावे, ते हं विउलतवनिम्मलसहावे ।**
**निरुवममहप्पभावे, थोसामि सुदिट्ठसब्भावे ।।२।। गाहा ।।**

**છાયા :-**

**व्यपगताशोभनभावौ, तौ अहं विपुलतपोनिर्मलस्वभावौ ।**
**निरुपममहत्प्रभावौ, स्तोष्ये सुदृष्टसद्भावौ ।।२।। गाथा ।।**

**ગાથાર્થ :-**

**ચાલ્યા ગયા છે અશોભનભાવો જેમના, વિપુલ તપથી નિર્મળ સ્વભાવવાળા, નિરુપમ મોટા પ્રભાવવાળા, સારી રીતે જોવાયા છે સદ્ભાવો જેમના વડે એવા, તે બન્ને જિનવરોની હું સ્તુતિ કરીશ. ।।૨।।**

**ભાવાર્થ :-**

પૂર્વગાથામાં અજિતનાથ ભગવાન અને શાંતિનાથ ભગવાનના ગુણના સ્મરણપૂર્વક તે બંને ભગવાનની સ્તવના કરી નમસ્કાર કર્યા. હવે તેઓના વિશેષ પ્રકારના ગુણોના કીર્તનપૂર્વક તેમની સ્તવના કરવાની પ્રતિજ્ઞા કરે છે.

અજિતનાથ ભગવાન અને શાંતિનાથ ભગવાન ચાલ્યા ગયેલા અશોભન ભાવવાળા છે. આનાથી એ પ્રાપ્ત થાય કે કર્મબંધરૂપ અનર્થનું બીજ એવો પરિણામ આત્મા માટે અશોભનભાવ છે જેને કારણે જીવ કર્મ કરીને સર્વ અનર્થોને પ્રાપ્ત કરે છે અને તે અશોભનભાવ એ જીવનો "અવીતરાગભાવ" છે. જેના કારણે જીવ બાહ્ય પદાર્થોની સાથે સંશ્લેષ પામીને "સ્વપરિણામથી જ સ્વની કદર્થના પ્રાપ્ત કરે છે." અજિતનાથ ભગવાન અને શાંતિનાથ ભગવાને યોગની સાધના કરીને ચારે ઘાતિકર્મોનો ક્ષય કર્યો હોવાથી અશોભનભાવો દૂર કર્યા છે એટલે **અપાયાપગમ અતિશયવાળા** છે. તે બંને મહાત્માઓ વિપુલ તપથી નિર્મળ સ્વભાવવાળા થયા છે. અર્થાત્ જે કર્મોને તપાવે તે તપ કહેવાય. તે મહાત્માઓએ નિર્મલ કોટિના ધ્યાનરૂપ તપથી આત્મામાં અનાદિથી એકમેક ભાવને પામેલાં કર્મોને દૂર કરીને પોતાનો નિર્મળ સ્વભાવ પ્રગટ કર્યો છે તેવા

અજિતનાથ ભગવાન અને શાંતિનાથ ભગવાન છે. વળી ભગવાન "નિરુપમ મહાપ્રભાવવાળા" છે. અર્થાત્ ચોત્રીશ અતિશય અને અષ્ટપ્રાતિહાર્યરૂપ **પૂજાતિશયવાળા** છે. જગતના જીવોને ઉત્તમ સન્માર્ગ બતાવીને મહાકલ્યાણનું કારણ બને તેવા **વચનાતિશયવાળા** છે, વળી તે ભગવાન સુંદર રીતે દૃષ્ટિના સદ્ભાવવાળા છે. અર્થાત્ પૂર્ણજ્ઞાનવાળા હોવાથી કેવળજ્ઞાનવાળા છે. માટે **જ્ઞાનાતિશયવાળા** છે તેવા ભગવાનની હું સ્તવના કરીશ.

આનાથી એ પ્રાપ્ત થાય કે ભગવાને ઘાતિકર્મોનો સંપૂર્ણ નાશ કર્યો છે. માટે અશોભનભાવ વગરના છે તેથી અપાયાપગમ અતિશયવાળા છે, નિરુપમ માહાત્મ્યવાળા દેવતાથી પૂજાય છે માટે પૂજાતિશયવાળા છે અને વચનાતિશયવાળા છે અને સુંદર રીતે જોનારી દૃષ્ટિના સદ્ભાવવાળા હોવાથી કેવળજ્ઞાનવાળા છે, માટે જ્ઞાનાતિશયવાળા છે. આવા ચાર અતિશયવાળા બંને તીર્થંકરની હું સ્તવના કરીશ. એ પ્રકારની પ્રતિજ્ઞા કરીને સ્તવનકાર પોતાના આત્માને ચાર પ્રકારના અતિશયવાળા લોકોત્તમ ભગવાનની સ્તુતિને અભિમુખ કરે છે. **॥૨॥**

**ગાથા :-**

**सव्वदुक्खप्पसंतीणं, सव्वपावप्पसंतीणं ।**
**सया अजियसंतीणं, नमो अजियसंतीणं ।।३।। सिलोगो ।।**

**છાયા :-**

**सर्वदुःखप्रशान्तिभ्यां, सर्वपापप्रशान्तिभ्याम् ।**
**सदा अजितशान्तिभ्यां, नमः अजितशान्तिभ्याम् ।।३।। श्लोकः ।।**

**ગાથાર્થ :-**

**સર્વ દુઃખોનું પ્રશમન કરનારા, સર્વ પાપોનું પ્રશમન કરનારા, સદા અજેય એવી શાંતિને કરનારા અજિતનાથ અને શાંતિનાથ ભગવાનને નમસ્કાર થાઓ. ॥૩॥**

**ભાવાર્થ :-**

અજિતનાથ ભગવાન અને શાંતિનાથ ભગવાન સર્વ દુઃખથી પર થયા છે

અને સર્વ પાપથી પર થયા છે. તેથી તેઓને અવલંબીને તેઓની સ્તુતિ કરનાર માટે ભગવાન સર્વ દુઃખોને પ્રશાંત કરનારા અને સર્વ પાપોને પ્રશાંત કરનારા થાય છે. જેમ સંસારી જીવોને શારીરિક-માનસિક અને સાંયોગિક ક્લેશો રૂપ બાહ્ય દુઃખો છે અને અંતરંગ મોહના ઉપદ્રવકૃત જે અસ્વસ્થતા રૂપ અંતરંગ દુઃખ છે તે સર્વ દુઃખોને ભગવાન પ્રશાંત કરનારા છે; કેમ કે ભગવાનના ગુણોનું અવલંબન લઈને ભગવાનની સ્તુતિ કરવાથી દુઃખ આપાદક ક્લિષ્ટ કર્મો અને મોહ આપાદક ક્લિષ્ટ કર્મો ક્ષય થવા માંડે છે. તેથી સંસારી જીવને જે બાહ્ય-અંતરંગ ઉપદ્રવો વર્તે છે તે સર્વ ભગવાનના ગુણોના અવલંબનથી પ્રશાંતભાવને પામે છે.

વળી, આત્મામાં વ્યાકુળતા ઉત્પન્ન કરે તેવા મોહનીયના ભાવરૂપ સર્વ પાપોને પણ ભગવાન શાંત કરનાર છે અને તે ગુણથી જેઓ ભગવાનની સ્તુતિ કરે છે તેના માટે ભગવાન અજિત અને શાંતિ કરનારા બને છે. અર્થાત્ ઉપદ્રવકારી કર્મોથી તે જીવો પરાજય ન પામે તેવા અજિત બને છે અને તેમનાં ઉપદ્રવકારી કર્મો શાંત બને છે અને તેવા ગુણવાળા અજિતનાથ ભગવાન અને શાંતિનાથ ભગવાનને નમસ્કાર કરીને સ્તવનકાર પોતાનામાં તેવા ગુણોને પ્રગટ કરવાનો અંતરંગ વ્યાપાર કરે છે; કેમ કે **નમસ્કારની ક્રિયા નમસ્કરણીયને તુલ્ય થવાની ક્રિયારૂપ છે. ॥૩॥**

**ગાથા :-**

**अजियजिण ! सुहप्पवत्तणं,**
**तव पुरिसुत्तम ! नामकित्तणं ।**
**तह य धिइमइप्पवत्तणं,**
**तव य जिणुत्तम ! संति ! कित्तणं ।।४।। मागहिआ ।।**

**છાયા :-**

**अजितजिन ! शुभप्रवर्तनं, तव पुरुषोत्तम ! नामकीर्तनम् ।**
**तथा च धृतिमतिप्रवर्तनं, तव च जिनोत्तम ! शान्ते ! कीर्तनम् ।।४।।**
**मागधिका ।।**

**ગાથાર્થ :-**

**હે પુરુષોત્તમ અજિતજિન ! તમારું નામકીર્તન શુભને પ્રવર્તાવનારું છે, તથા હે જિનોત્તમ શાંતિનાથ ભગવાન ! તમારું કીર્તન ધૃતિયુક્ત મતિને પ્રવર્તાવનારું છે. ॥૪॥**

**ભાવાર્થ :-**

**પ્રભુના નામકીર્તનની મહત્તા :-**

સ્તવનકારશ્રી અજિતનાથ જિનને 'અજિત' અને 'પુરુષોત્તમ' શબ્દથી સંબોધન કરી કહે છે કે તમારા નામનું કીર્તન શુભનું પ્રવર્તન છે, તેથી એ ફલિત થાય કે ભગવાનનું નામ 'અજિતનાથ' છે અને તે નામ જ ભગવાનના ગુણોનું વાચક છે. તેથી પુરુષોત્તમ એવા ભગવાનને સંબોધીને સ્તવનકારશ્રી કહે છે કે તમારા નામનું સ્તવન કરવાથી તમારા ગુણો ઉપસ્થિત થાય છે અને જેના કારણે ભગવાનની જેમ પોતે પણ મોહને નાશ કરવા માટે સમર્થ બને છે. તેથી જ નામકીર્તન કરનાર માટે ભગવાનનું નામ શુભના પ્રવર્તનરૂપ છે.

વળી, શાંતિનાથ ભગવાનને 'જિનોત્તમ' અને 'શાંતિ' શબ્દથી સંબોધન કરી સ્તવનકારશ્રી કહે છે કે **શાંતિનાથ ભગવાન, તમારા નામનું કીર્તન મોહ સામે લડવા માટે ધૃતિવાળી મતિનું આત્મામાં પ્રવર્તક બને છે. અર્થાત્** કોઈ આફત આવી પડે, મન મુંઝાતું હોય ત્યારે ભગવાનનું નામસ્મરણ કરવાથી અસ્વસ્થતા દૂર થાય છે, માર્ગ સૂઝે છે; કેમ કે ગુણસંપન્ન એવા શાંતિનાથ ભગવાનનું નામસ્મરણ કરવાથી ચિત્તમાં શાંતરસ ઉત્પન્ન થાય છે. તેથી ધૃતિપૂર્વક મોહના ઉચ્છેદને અનુકૂળ મતિ પ્રવર્તે છે.

વળી, અજિતનાથ ભગવાનને 'પુરુષોત્તમ' કહીને સર્વ પુરુષોમાં ભગવાન ઉત્તમ છે તેમ ઉપસ્થિત કરીને સ્તવનકારશ્રી તેમના નામનું કીર્તન કરે છે અને શ્રુતજિન, કેવલીજિન, આદિ ચારેય જિનમાં તીર્થંકર જિનોત્તમ છે. **॥૪॥**

**ગાથા :-**

**किरिआविहिसंचियकम्मकिलेसविमुक्खयरं,**

**अजियं निचियं च गुणेहिं महामुणिसिद्धिगयं ।**

अजियस्स य संतिमहामुणिणो वि य संतिकरं,
सययं मम निव्वुइकारणयं च नमंसणयं ।।५।। आलिंगणयं ।।

**છાયા :-**

क्रियाविधिसंचितकर्मक्लेशविमोक्षकरम्,
अजितं निचितं च गुणैः महामुनिसिद्धिगतम् ।
अजितस्य च शान्तिमहामुनेः अपि च शान्तिकरम्,
संततं मम निर्वृतिकारणकं च नमस्यनकम् ।।५।। आलिङ्गनकम् ।।

**ગાથાર્થ :-**

**ક્રિયાના વિધાનથી એકઠી કરેલી કર્મની પીડાથી મુકાવનારું, કોઈથી નહિ જિતાયેલું, ગુણો વડે પરિપૂર્ણ, મહામુનિઓની સિદ્ધિને પ્રાપ્ત કરાવનારું અજિતનાથ ભગવાનનું અને શાંતિનાથ ભગવાનનું શાંતિને કરનારું નમસ્કરણ મને હંમેશાં મોક્ષનું કારણ હો. ।।૫।।**

**ભાવાર્થ :-**

સ્તવનકારશ્રી અજિતનાથ ભગવાન અને શાંતિનાથ ભગવાનને નમસ્કરણની ક્રિયા કરે છે અને અભિલાષા કરે છે કે શાંતિનાથ ભગવાન અને અજિતનાથ ભગવાન સર્વ કર્મથી નિવૃત્તિ પામીને મોક્ષને પામ્યા છે. તેમ મારી આ નમસ્કરણની ક્રિયા સતત મને નિવૃત્તિનું કારણ થાઓ અર્થાત્ મારા આત્મામાં મિથ્યાત્વ આદિ કર્મબંધના ભાવોની નિવૃત્તિનું કારણ થાઓ, જેથી ભાવમલના વિગમનને કારણે હું પણ મોક્ષસુખને પામું. હવે, આ નમસ્કરણની ક્રિયા કેવા સ્વરૂપવાળી છે તે બતાવે છે –

સંસારી જીવ મન-વચન-કાયાની ક્રિયા કરવાથી જે કર્મ સંચય કરે છે અને તે કર્મસંચયને કારણે જે ક્લેશની પ્રાપ્તિ થાય છે તેના મોક્ષને કરાવનાર આ નમસ્કરણ ક્રિયા છે. આનાથી એ પ્રાપ્ત થાય કે મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય આદિથી આવિષ્ટ એવો જે મન-વચન-કાયાનો યોગ અને એ રૂપ જે ક્રિયા તેનાથી કર્મોનો સંચય થાય છે અને આ કર્મોથી સર્વ ક્લેશો પ્રાપ્ત થાય

છે. ભગવાનને કરાયેલો નમસ્કાર મિથ્યાત્વ આદિ ભાવોનો ક્રમસર નાશ કરીને અંતે ભગવાનની યોગનિરોધની મુદ્રાતુલ્ય પ્રતિમામાં બતાવેલી અવસ્થાને પ્રાપ્ત કરાવનાર છે. તેથી નમસ્કરણની ક્રિયાથી મિથ્યાત્વનો નાશ થાય છે, મિથ્યાત્વનો નાશ થયો હોય તો અવિરતિનો ક્રમસર નાશ થાય છે, અવિરતિનો નાશ થયો હોય તો ક્રમસર પ્રમાદનો નાશ થાય છે અને અંતે વીતરાગ થવાનું કારણ બને છે, આથી જ ભગવાનને કરાયેલો એક નમસ્કાર પણ જીવને સંસારસાગરથી તારનાર બને છે.

વળી, તે નમસ્કારની ક્રિયા 'અજિત' છે, આત્માને કર્મોથી અજિત બનાવે છે; કેમ કે જિનગુણના પ્રણિધાનથી કરાયેલી નમસ્કરણની ક્રિયા જીવને કર્મના પ્રભાવથી મુક્ત કરવા સમર્થ બને છે.

વળી નમસ્કરણની ક્રિયા ગુણોના સંચયરૂપ છે; કેમ કે પૂર્ણગુણવાળા એવા ભગવાનને નમસ્કાર કરવાથી તેમના તુલ્ય થવાનું કારણ બને તેવા ગુણોનો સંચય થાય છે.

ભગવાનને કરાયેલો આવો પારમાર્થિક નમસ્કાર મહામુનિઓને સર્વ પ્રકારની સિદ્ધિઓને પ્રાપ્ત કરાવનાર છે; કેમ કે ભગવાનને કરાયેલો પારમાર્થિક નમસ્કાર નિર્વિકલ્પ ઉપયોગની પ્રાપ્તિનું કારણ બને છે અને મહામુનિઓ પરમાત્માને નમસ્કરણ કરે છે ત્યારે પરમાત્માની "સ્તિમિત ઉદધિ" જેવી શાંત અવસ્થાને જોઈ તેમાં તન્મય થાય છે, તેથી સર્વ વિકલ્પોનો કલ્લોલ શાંત થાય તેવી નમસ્કરણની ક્રિયાની પ્રાપ્તિ થાય તે રીતે મહામુનિઓ નમસ્કાર કરે છે જેથી મહામુનિઓ સર્વ પ્રકારની સિદ્ધિઓને પ્રાપ્ત કરે છે.

વળી, શાંતિનાથ ભગવાનને કરાયેલી તે નમસ્કરણની ક્રિયા શાંતિને કરનાર છે. ચિત્તની સ્વસ્થતાને કરનાર છે; કેમ કે ગુણસંપન્ન પુરુષને ગુણસંપન્ન જાણીને નમસ્કાર કરવાથી ચિત્તમાં વર્તતા સંક્લેશો શાંત બને છે. આવા પ્રકારના ગુણવાળો નમસ્કાર પોતાને સતત વિમુક્તિનું કારણ બને અર્થાત્ ચિત્તના નિર્વાણનું કારણ બને તે પ્રકારે સ્તવનકારશ્રી અભિલાષ કરે છે. **॥૫॥**

**ગાથા :-**

**पुरिसा ! जइ दुक्खवारणं, जइ य वि मग्गह सुक्खकारणं ।**
**अजियं संतिं च भावओ, अभयकरे सरणं पवज्जहा ।।६।।**
**मागहिआ ।।**

**છાયા :-**

**पुरुषाः ! यदि दुःखवारणं, यदि च विमार्गयथ सौख्यकारणम् ।**
**अजितं शान्तिं च भावतः, अभयकरौ शरणं प्रपद्यध्वम् ।।६।। मागधिका ।।**

**ગાથાર્થ :-**

**હે પુરુષો ! જો દુઃખનું વારણ અને જો સુખનું કારણ શોધો છો તો અભયને કરનારા અજિતનાથના અને શાંતિનાથના શરણને ભાવથી અંગીકાર કરો. ।।૬।।**

**ભાવાર્થ :-**

સ્તવનકારશ્રી અન્ય જીવો અને પોતાના આત્માને સંબોધીને કહે છે – જો તમે દુઃખના વારણને ઇચ્છતા હો તો આત્મામાં પ્રવિષ્ટ એવું કર્મ છે જે આત્માને કદર્થના કરી સર્વ દુઃખો આપે છે તેના વારણનો ઉપાય અજિતનાથ ભગવાન અને શાંતિનાથ ભગવાનનું ભાવથી શરણ છે; કેમ કે 'અજિત' અને 'શાંતિ' શબ્દથી ભગવાનનું સ્વરૂપ ઉપસ્થિત થાય છે. તે સ્વરૂપના સમાલોચનપૂર્વક તે ભાવોને સ્પર્શે તે પ્રકારે ભગવાનનું શરણ લેવામાં આવે તો ભગવાન તુલ્ય થવામાં પ્રતિબંધક કર્મોનો નાશ થવા માંડે છે, તેથી જેમ ભગવાને સર્વકર્મનો નાશ કરી દુઃખનું વારણ કર્યું તેમ તમે પણ દુઃખનું વારણ પ્રાપ્ત કરશો.

વળી, જેમ જીવને દુઃખનું વારણ અતિ ઇષ્ટ છે તેમ સુખની પ્રાપ્તિ પણ ઇષ્ટ છે. અને સર્વ કર્મ વગરની, સર્વથા ઉપદ્રવ વગરની જીવની અવસ્થારૂપ સિદ્ધઅવસ્થા જીવના માટે સુખરૂપ છે અને તેવા સુખને તમે ઇચ્છતા હો તો ભગવાનનું ભાવથી શરણું સ્વીકારો; કેમ કે ભગવાનનું ભાવથી શરણ સ્વીકારવાના કારણે મનમાં સદા ભગવાનનું સ્મરણ રહે છે અને ભગવાનના ગુણોનું સદા

સ્મરણ ભગવાન તુલ્ય થવાનું કારણ બને છે તેથી ભગવાનનું ભાવથી શરણ સ્વીકારી જીવ વીતરાગ બને છે. વીતરાગને પૂર્ણ સ્વસ્થતારૂપ સુખ છે; કેમ કે વીતરાગ થવાથી મોહની આકુળતા જાય છે અને સ્વસ્થતારૂપ સુખ પ્રાપ્ત થાય છે અને યોગનિરોધ કરી સર્વ સંગ વગરના થાય છે અને સર્વથા સંગ વગરનો આત્મા પોતાના મૂળભૂત સ્વભાવમાં નિરુપદ્રવ જ્ઞાન સ્વરૂપ સદા રહે છે જે પ્રકૃષ્ટ સુખરૂપ છે. માટે પ્રકૃષ્ટ સુખના અનન્ય કારણ અને અભયને કરનાર એવા અજિતનાથ અને શાંતિનાથ ભગવાનનું તમે ભાવથી શરણ સ્વીકારો. જેથી દુઃખનું વારણ અને સુખની પ્રાપ્તિ થાય. **॥૬॥**

**અવતરણિકા :-**

**હવે, સ્તવનકાર અભયને કરવાવાળા એવા અરિહંતનું શરણ સ્વીકારી તેમની સતત ઉપાસના કરવી જોઈએ એ બતાવવા કહે છે –**

**ગાથા :-**

**अरइरइतिमिरविरहियमुवरयजरमरणं,**
**सुरअसुरगरुलभुयगवइपययपणिवइयं ।**
**अजियमहमवि य सुनयनयनिउणमभयकरं,**
**सरणमुवसरिय भुविदिविजमहियँ सययमुवणमे ।।७।। संगययं ।।**

**છાયા :-**

अरतिरतितिमिरविरहितम् उपरतजरामरणम्,
सुरअसुरगरुडभुजगपतिप्रयतप्रणिपतितम् ।
अजितम् अहम् अपि च सुनयनयनिपुणम् अभयकरम्,
शरणम् उपसृत्य भुविदिविजमहितं सततम् उपनमामि ।।७।। संगतकम् ।।

**ગાથાર્થ :-**

**વિષાદ અને હર્ષરૂપી અંધકારથી રહિત, જરા અને મરણ જેમનાં અટકી ગયાં છે, એવા, વૈમાનિક દેવો, અસુરકુમાર, સુવર્ણકુમાર, નાગકુમારથી આદરપૂર્વક નમસ્કાર કરાયેલા, સારા નયના જ્ઞાન**

**પ્રતિપાદનમાં નિપુણ, અભયને કરનારા, મનુષ્ય અને દેવથી પૂજાયેલા અજિતનાથના શરણને અંગીકાર કરીને હું પણ સતત સેવા કરું છું અર્થાત્ ચરણે રહું છું. ॥૭॥**

**ભાવાર્થ :-**

સ્તવનકારશ્રી અજિતનાથ ભગવાનનું શરણું સ્વીકારે છે અર્થાત્ વિચારે છે કે સંસારમાં પોતે કર્મને પરવશ છે તેથી સુરક્ષિત નથી, પરંતુ બળવાન પુરુષના શરણથી પોતે સુરક્ષિત બની શકે છે. વળી ભગવાન કર્મોને જીતીને મહાસમર્થ બન્યા છે, તેથી તેમનું શરણ સ્વીકારી પોતે પણ કર્મના ઉપદ્રવથી સુરક્ષિત બની શકે છે, માટે પોતાની સુરક્ષા અર્થે પોતાનો આત્મા હંમેશાં ભાવથી ભગવાનના શરણે રહે તેવો યત્ન કરીને અજિતનાથ ભગવાનને તેઓના ગુણોના સ્મરણપૂર્વક મન-વચન-કાયાથી નમસ્કાર કરે છે.

હવે, તે અજિતનાથ ભગવાનને નમસ્કાર કરતી વખતે સ્તવનકારશ્રી તેમના સ્વરૂપની ઉપસ્થિતિ કરતાં કહે છે – સંસારી આત્મામાં મોહના પરિણામને કારણે આત્માના નિરાકુળભાવને જોવામાં બાધક એવો રતિરૂપ-અરતિરૂપ અંધકાર સતત વર્તે છે. જેનાથી આત્મા સદા આકુળ રહે છે. આવા રતિ-અરતિરૂપ અંધકારથી ભગવાન રહિત છે. આ રીતે અજિતનાથ ભગવાનની ઉપસ્થિતિ કરવાથી એ પ્રાપ્ત થાય કે ભગવાનને જગતના કોઈપણ પદાર્થનો પરિણામ સ્પર્શતો નથી પણ સ્થિર અને નિરાકુળ એવો એક ભાવ ભગવાનમાં વર્તે છે.

વળી, ભગવાન જન્મ-જરા અને મૃત્યુથી ઉપરત છે; કેમ કે જન્મનું કારણ સંગનો પરિણામ છે અને ભગવાને સંગના પરિણામનો જ ઉચ્છેદ કર્યો છે, તેથી ભગવાનને હવે નવા જન્મની પ્રાપ્તિ નથી અને તેથી જરા-મરણની પણ પ્રાપ્તિ નથી. આ રીતે સ્તવના કરવાથી ભગવાનની નિરુપમ સુખવાળી અવસ્થા ઉપસ્થિત થાય છે.

વળી, અજિતનાથ ભગવાન્ મહાબુદ્ધિવાન એવા દેવો-અસુરો-ભુવનપતિવાસી ગરુડ નિકાયના દેવો-નાગકુમારો વગેરે વડે અત્યંત પ્રયત્નપૂર્વક પ્રણિપાત

કરાયા છે; કેમ કે ભગવાનના ગુણોને જાણીને તેમના પ્રત્યેની ભક્તિથી તે દેવો પણ તેમના ચરણમાં આળોટે છે, માટે ભગવાન જગત્પૂજ્ય છે તેવી ઉપસ્થિતિ થાય છે.

વળી, ભગવાન સુંદર નયોથી પદાર્થનું નિરૂપણ કરનારા છે. તેથી ભગવાન આત્મકલ્યાણનું કારણ બને એવી યથાર્થ પ્રરૂપણા કરનાર છે તેવી ઉપસ્થિતિ થાય છે.

ભગવાન અભયને કરનાર છે; કેમ કે ભગવાને સ્વયં ભયોને જીત્યા છે અને તેમનું આશ્રયણ કરવાથી આશ્રય કરનાર જીવો પણ ભગવાન તુલ્ય અભયપદને પામે છે.

વળી, ભગવાન મનુષ્યલોકના મનુષ્યો અને દેવલોકના દેવોથી પૂજાયેલા છે. માટે ત્રણલોકમાં સર્વત્ર પૂજ્ય છે તેવી ઉપસ્થિતિ થાય છે. આવા અજિતનાથ ભગવાનનું શરણ સ્વીકારી સ્તવનકારશ્રી સતત તેમના ગુણોમાં તન્મયતા પ્રાપ્ત થાય તે પ્રકારે નમસ્કાર કરે છે, જેથી સ્વયં પણ શીઘ્ર ભગવાન તુલ્ય બને. **॥૭॥**

**અવતરણિકા :-**

**હવે, સ્તવનકારશ્રી શાંતિનાથ ભગવાનના ચરણકમલમાં મસ્તક ઝુકાવી શ્રેષ્ઠ એવી શાંતિ અને સમાધિની પ્રાર્થના કરે છે –**

**ગાથા :-**

**तं च जिणुत्तममुत्तमनित्तमसत्तधरं,**
**अज्जवमद्दवखंतिविमुत्तिसमाहिनिहिं ।**
**संतिकरं पणमामिदमुत्तमतित्थयरं,**
**संतिमुणी ! मम संतिसमाहिवरं दिसउ ।।८।। सोवाणयं ।।**

**છાયા :-**

**तं च जिनोत्तमम् उत्तमनिस्तमःसत्त्वधरम्,**
**आर्जवमार्दवक्षान्तिविमुक्तिसमाधिनिधिम् ।**

शान्तिकरं प्रणमामि दमोत्तमतीर्थकरम्,

शान्तिमुने ! मम शान्तिसमाधिवरं दिशतु ।।८।। सोपानकम् ।।

**ગાથાર્થ :-**

**જિનોમાં ઉત્તમ, શ્રેષ્ઠ-નિર્દોષ સત્ત્વને ધારણ કરનારા, સરળતા-મૃદુતા-ક્ષમા-નિર્લોભતા વડે સમાધિના ભંડાર, શાંતિને કરનારા, ઇંદ્રિયોના દમનમાં ઉત્તમવીર્યવાળા એવા તે તીર્થંકરને હું નમસ્કાર કરું છું, હે શાંતિમુનિ ! મને શ્રેષ્ઠ શાંતિ અને સમાધિ આપો. ।।૮।।**

**ભાવાર્થ :-**

સ્તવનકારશ્રીએ પૂર્વમાં જેમનું સ્વરૂપ બતાવ્યું તેવા શાંતિનાથ ભગવાનને "तम्" શબ્દથી ઉપસ્થિત કરે છે. હવે, તેઓ કેવા છે તે વિશેષથી બતાવતાં કહે છે કે તે જિનોત્તમ છે. શ્રુતજિન, અવધિજિન, મનઃપર્યવજિન અને કેવલીજિન એમ ચાર પ્રકારે જિન છે તે સર્વમાં "તીર્થંકરજિન" ઉત્તમ કહેવાય છે; કેમ કે તેમણે કોઈનો આશ્રય કર્યા વિના સ્વયં મોહને જીત્યો છે અને અનેકને જિતાડનાર છે, તેથી શ્રુતજિન વગેરે ચાર જિન કરતાં તીર્થંકરજિન ઉત્તમ છે.

વળી, ભગવાન સાધનાકાલમાં પણ ઉત્તમકોટિના અને અજ્ઞાનતા વગરના સત્ત્વને ધારણ કરનારા હતા. ભગવાન શ્રેષ્ઠ અને નિર્દોષ સત્ત્વવાળા હોવાથી જ લક્ષ્ય તરફ જવા માટે અંતરંગ યત્ન કરવામાં તેમને અજ્ઞાન બાધક બન્યું નથી. તેથી સાધનાકાલમાં પણ લક્ષ્યને અનુરૂપ અસ્ખલિત ગમન કરી શક્યા. અને પોતાના શત્રુભૂત એવા મોહનો નાશ કરવામાં મહાપરાક્રમ ફોરવીને તેનો નાશ કર્યો. આ સ્વરૂપે ભગવાનની ઉપસ્થિતિ કરીને સ્તવનકારશ્રી પણ ભગવાનની જેમ ઉત્તમ, નિસ્તમ સત્ત્વને પ્રગટ કરવાનો અભિલાષ કરે છે.

વળી, ભગવાન સાધનાકાળમાં ક્રોધ-માન-માયા-લોભ એમ ચાર કષાયોના પ્રતિપક્ષભૂત એવી આર્જવ-માર્દવ-ક્ષમા અને નિર્લોભતાયુક્ત સમાધિના નિધાન હતા. વસ્તુતઃ ક્રોધાદિ કષાયો જીવને અસમાધિ કરનારા છે અને તેનાથી વિરુદ્ધ એવા ક્ષમાદિભાવોમાં ઉપયુક્ત જીવ સમાધિને પ્રાપ્ત કરે છે. ભગવાન સમાધિ ભાવના પ્રકર્ષથી સાધનામાં ઉદ્યમ કરતા હતા તેથી ક્ષમાદિભાવોના નિધાન

હતા. આ રીતે ભગવાનના ગુણમય સ્વરૂપે ભગવાનની ઉપસ્થિતિ કરીને સ્તવનકારશ્રી પણ ભગવાનની જેમ પોતાનામાં ક્ષમાદિભાવો વૃદ્ધિ પામે તે પ્રકારનો પ્રયત્ન કરે છે.

વળી, ભગવાન શાંતિને કરનારા છે. તેથી જેવું તેમનું નામ છે તેવા વિશેષ ભાવવાળા છે. માટે તેવા ગુણથી ભગવાનને ઉપસ્થિત કરવાથી પોતાને પણ શાંતિગુણની પ્રાપ્તિ થાય છે, જેથી જીવમાં આકુળતા અલ્પ-અલ્પતર થાય છે.

વળી, ભગવાન સાધનાકાલમાં દમુત્તમ હતા. ઇંદ્રિયોને દમન કરવામાં અર્થાત્ શાંત કરવામાં ઉત્તમવીર્યવાળા હતા. તેથી તેઓની ઇંદ્રિયો સદા ઉત્સુકતાથી ક્યાંય ન પ્રવર્તે તેવી વશવર્તી હતી.

વળી, ભગવાન તીર્થને કરનારા છે તે સ્વરૂપે ભગવાનને ઉપસ્થિત કરીને સ્તવનકારશ્રી પ્રાર્થના કરે છે કે : હે ! શાંતિમુનિ ! અર્થાત્ શાંતભાવમાં અને મુનિભાવમાં વર્તતા એવા શાંતિનાથ ભગવાન ! મને શ્રેષ્ઠ શાંતિ=કષાયોનું ઉપશમન અને સમાધિ=ચિત્તની સ્વસ્થતા આપો. જેથી હું પણ તમારી જેમ શાંતરસનો અનુભવ કરનાર થાઉં. **॥૮॥**

**અવતરણિકા :-**

**હવે, સ્તવનકારશ્રી અજિતનાથ ભગવાનની સંસારી અને દેહના સ્વરૂપની અવસ્થાનું સ્મરણ કરીને તેમની સ્તુતિ કરે છે –**

**ગાથા :-**

**सावत्थिपुव्वपत्थिवँ च वरहत्थिमत्थयपसत्थवित्थिन्नसंथियं थिर-सरिच्छवच्छं, मयगललीलायमाणवरगंधहत्थिपत्थाणपत्थियं संथवारिहं हत्थिहत्थबाहुं धंतकणगरुअगनिरुवहयपिंजरं पवरलक्खणोवचियसोम-चारुरूवं, सुइसुहमणाभिरामपरमरमणिज्जवरदेवदुंदुहिनिनायमहुरयर-सुहगिरं ।।९।। वेड्ढओ (वेढो) ।।**

**अजियं जियारिगणं, जियसव्वभयं भवोहरिउं ।**
**पणमामि अहं पयओ, पावं पसमेऊ मे भयवं ।।१०।।रासालुद्धओ।।**

છાયા :-

श्रावस्तीपूर्वपार्थिवं च वरहस्तिमस्तकप्रशस्तविस्तीर्णसंस्थितं स्थिरसदृक्षवक्षसम्, मदकललीलायमानवरगन्धहस्तिप्रस्थानप्रस्थितं संस्तवार्हम्, हस्तिहस्तबाहुं ध्मात-कनकरूपकनिरुपहतपिञ्जरं प्रवरलक्षणोपचितसौम्यचारुरूपम्, श्रुतिसुखमनो-ऽभिरामपरमरमणीयवरदेवदुन्दुभिनिनादमधुरतरशुभगिरम् ।।९।। वेष्टकः ।।

अजितं जितारिगणं, जितसर्वभयं भवौघरिपुम् ।

प्रणमामि अहं प्रयतः, पापं प्रशमयतु मे भगवन् ! ।।१०।। रासालुब्धकः ।।

ગાથાર્થ :-

**પૂર્વકાલે શ્રાવસ્તીનગરીના રાજા અને ઉત્તમ હાથીના કુંભસ્થલ જેવા, પ્રશસ્ત અને વિશાળ સંસ્થાનવાળા, નિશ્ચલ અને અવિષમ છાતીવાળા અથવા છાતીમાં નિશ્ચલ શ્રીવત્સના લંછનવાળા, મદઝરતા લીલા કરતા શ્રેષ્ઠ ગંધહસ્તિની ચાલ જેવી ચાલવાળા, સંસ્તવના કરવા યોગ્ય, હાથીની સૂંઢ જેવા બાહુવાળા, તપાવેલા સોનાની કાંતિ જેવા સ્વચ્છ પીળાવર્ણવાળા, શ્રેષ્ઠ લક્ષણોયુક્ત, સૌમ્ય સુંદર રૂપવાળા, કાનને સુખકારી, મનને મનોહર, અત્યંત રમણીય શ્રેષ્ઠ દેવદુંદુભિના નાદ કરતાં અત્યંત મધુર કલ્યાણકારી વાણીવાળા, જિતાયો છે શત્રુસમૂહ જેમના વડે એવા, જિતાયા છે સર્વ ભય જેમના વડે એવા, ભવની પરંપરાના શત્રુ એવા અજિતનાથ ભગવાનને હું પ્રયત્નપૂર્વક નમસ્કાર કરું છું, હે ભગવન્ ! મારા પાપને શાંત કરો. ।।૯-૧૦।।**

ભાવાર્થ :-

ભગવાનના ગુણોને અત્યંત સ્મરણમાં રાખીને તે ગુણોથી પોતાનો આત્મા વાસિત થાય તે પ્રકારના વિશેષ યત્નથી સ્તવનકારશ્રી ભગવાનને નમસ્કાર કરે છે.

તે અજિતનાથ ભગવાન કેવા છે ? તે બતાવતાં કહે છે –

જેમણે અંતરંગ કષાયરૂપી શત્રુગણને જીત્યા છે તેથી તે અજિત છે. વળી, સર્વ ભયોને જીત્યા છે તેથી ભયથી પણ અજિત છે અને ભવના સમૂહ માટે

શત્રુરૂપ એવા અજિતનાથ ભગવાનને હું પ્રણામ કરું છું. આનાથી એ પ્રાપ્ત થાય કે બાહ્યશત્રુને જીતવા સહેલા છે પણ અંતરંગ શત્રુને જીતવા અતિદુષ્કર છે પણ ભગવાને એવા શત્રુઓને જીતી લીધા છે. માટે ભગવાન સર્વ ભયથી મુક્ત છે. વળી, જીવ માટે અનાદિ કાલથી ચાલ્યો આવતો ભવનો સમૂહ શત્રુ છે. અને ભગવાન તે ભવસમૂહના શત્રુ છે. તેથી ભગવાનનું આલંબન લઈ ભક્તિ કરનારા યોગ્ય જીવો ભવના સમૂહરૂપ શત્રુનો નાશ કરી શકે છે. આ રીતે ૧૦મી ગાથામાં ભગવાનને ઉપસ્થિત કરીને પ્રણામ કર્યા પછી સ્તવનકારશ્રી કહે છે – **હે ભગવાન્ ! સંસારમાં કદર્થના કરનાર એવાં મારાં પાપોનું શમન કરો.** તેથી ભગવાનના આલંબનથી સ્તવનકારશ્રી પોતાનાં પાપોનું શમન કરવા ઇચ્છે છે.

વળી, તે ભગવાનની સંસારાવસ્થા, દેહાવસ્થા આદિ કેવાં છે ? તે ગાથા ૯માં સ્પષ્ટ કરે છે –

ભગવાન દીક્ષા પૂર્વે શ્રાવસ્તી નગરીના રાજા હતા; કેમ કે ઉત્તમપુરુષો પૂર્વભવોમાં સાધના કરીને ચરમભવને પ્રાપ્ત કરે છે ત્યારે વિશિષ્ટ પ્રકારના પુણ્યવાળા હોય છે તેમ ભગવાન પણ પૂર્વભવોમાં સાધના કરી આવેલા હોવાથી આ ભવમાં રાજાને ત્યાં જન્મ લીધો અને પોતે પણ સમય આવ્યે રાજ્ય સ્વીકાર્યું.

વળી, તેઓનો દેહ કેવો સુંદર હતો તેનું વર્ણન કરતાં કહે છે – શ્રેષ્ઠ હાથીના કુંભસ્થલ જેવા વિસ્તીર્ણ પ્રશસ્ત સંસ્થાનવાળો હતો. જેથી ભગવાનની આકૃતિ પણ ભૂતકાળના ઉત્તમ પુણ્યના ફલ સ્વરૂપ છે તેવી ઉપસ્થિતિ થાય છે. વળી ભગવાનનું વક્ષસ્થલ પણ નિશ્ચલ અને અવિષમ હતું. જેથી તેમના દેહના પ્રભાવથી પણ ભગવાન પુણ્યશાળી છે તેવી ઉપસ્થિતિ થાય છે. વળી, ભગવાનની ચાલ કેવી હતી ? તો કહે છે –

જ્યારે ગંધહસ્તિ ડોલતો ડોલતો જાય છે ત્યારે તેની ચાલ લોકોને પ્રીતિ ઉત્પન્ન કરાવે તેવી હોય છે તેવી સુંદર ભગવાનની ચાલ છે. વળી, હાથીની સૂંઢની જેમ ભગવાનના બે બાહુ હતા, સોના જેવી કાંતિવાળો દેહ હતો, શ્રેષ્ઠ લક્ષણોથી યુક્ત સૌમ્ય સુંદર રૂપ હતું અને અત્યંત મનોહર એવી વાણી હતી. આ રીતે ભગવાનને ઉપસ્થિત કરવાથી જોકે ભગવાનની અંતરંગ ગુણસંપત્તિની

સાક્ષાત્ ઉપસ્થિતિ થતી નથી, પરંતુ અંતરંગ ગુણસંપત્તિવાળા ભગવાનની બાહ્ય પુણ્યપ્રકૃતિની સ્તવના કરવાથી પણ તેમના દેહ સાથે સંબંધવાળા ઉત્તમ પુરુષની જ ઉપસ્થિતિ થાય છે તે બતાવવા અર્થે સ્તવનકારશ્રીએ ભગવાનના દેહની સુંદરતાથી ભગવાનના ગુણોનું વર્ણન કર્યું છે. **॥૯-૧૦॥**

**અવતરણિકા :-**

**અજિતનાથ ભગવાનના રાજરાજેશ્વરપણાનું વર્ણન કર્યા પછી સ્તવનકારશ્રી હવે, શાંતિનાથ ભગવાનના રાજરાજેશ્વરપણાનું વર્ણન કરે છે –**

**ગાથા :-**

**कुरुजणवयहत्थिणाउरनरीसरोय पढमं तओ महाचक्कवट्टिभोए महप्पभावो, जो बावत्तरिपुरवरसहस्सवरनगरनिगमजणवयवई बत्तीसा रायवरसहस्साणुयायमग्गो । चउदसवररयणनवमहानिहिचउसट्ठि सहस्सपवरजुवईण सुंदरवई, चुलसीहयगयरहसयसहस्ससामी छन्नवइ गामकोडिसामिय आसी जो भारहंमि भयवं ।।११।। वेड्ढओ ।।**

**तं संतिं संतिकरं, संतिण्णं सव्वभया ।**
**संतिं थुणामि जिणं, संतिं (च) विहेउं मे ।।१२।।रासाणंदिययं ।।**

**છાયા :-**

कुरुजनपदहस्तिनापुरनरेश्वरः च प्रथमं ततो महाचक्रवर्तिभोगः महाप्रभावः, यः द्विसप्ततिपुरवरसहस्रवरनगरनिगमजनपदपतिः द्वात्रिंशत् सहस्रराजवर-सहस्रानुयातमार्गः । चतुर्दशवररत्ननवमहानिधिचतुःषष्टिसहस्रप्रवरयुवतीनां सुन्दरपतिः, चतुरशीतिहयगजरथशतसहस्रस्वामी षण्णवतिग्रामकोटीस्वामिक आसीत् यो भारते भगवान् ।।११।। वेष्टक ।।

तं शान्तिं शान्तिकरं, संतीर्णं सर्वभयात् ।
शान्तिं स्तौमि जिनं, शान्तिं (च) विधातुं (विदधातु) मे ।।१२।।
रासानन्दितकम् ।।

**ગાથાર્થ :-**

**પ્રથમ=સંયમ ગ્રહણ કર્યું તેના પૂર્વે, કુરુદેશના હસ્તિનાપુરના રાજા, ત્યારપછી મહા ચક્રવર્તીના ભોગોને ભોગવનારા મોટા પ્રભાવવાળા, બોંતેર હજાર મુખ્યનગરો અને હજારો ઉત્તમ નગરનિગમવાળા દેશના અધિપતિ, બત્રીસ હજાર મુકુટબદ્ધ રાજાઓ જેના માર્ગને અનુસરે છે. ચૌદ શ્રેષ્ઠરત્નો, નવ મહાનિધિ, ચોસઠ હજાર શ્રેષ્ઠ સ્ત્રીઓના સુંદરસ્વામી, ચોરાશી લાખ ઘોડા, ચોરાશી લાખ હાથી, ચોરાશી લાખ રથના સ્વામી, છન્નુ ક્રોડ ગામના સ્વામી ભરતક્ષેત્રને વિષે જે ભગવાન હતા, તે શાંતિને કરનારા, સર્વભયોથી સારી રીતે તરી ગયેલા, શાંતિજિનની હું સ્તુતિ કરું છું, મને શાંતિને કરનારા થાઓ. ||૧૧-૧૨||**

**ભાવાર્થ :-**

સામાન્યથી ઉત્તમપુરુષોની અંતરંગ ગુણસંપત્તિ જ સ્તુતિ કરવા યોગ્ય છે. છતાં પણ ભગવાને ભૂતકાળમાં ઉત્તમ યોગમાર્ગની સાધના કરી ઉત્તમ ચક્રવર્તીપણાનું કર્મ બાંધેલું છે. આ ચક્રવર્તીપણું પણ ઉત્તમ આરાધનાનું જ ફલ હોવાથી અને અનેક ગુણોથી યુક્ત એવા ભગવાનના આત્મા સાથે સંબંધિત હોવાથી સ્તુતિપાત્ર છે; કેમ કે **ઉત્તમપુરુષોને ભૂતકાળની સાધનાથી મળેલી ઉત્તમ સંપત્તિ પણ ભોગોમાં ડુબાડી દેતી નથી, પરંતુ સ્વ-પરના કલ્યાણનું કારણ બને છે**, તેથી સ્તવનકારશ્રી શાંતિનાથ ભગવાનનું ચક્રવર્તીપણું કેવા પ્રકારનું છે તેનું વર્ણન ગાથા-૧૧માં કર્યા પછી ૧૨મી ગાથામાં તે શાંતિનાથ ભગવાનની સ્તુતિ કરતાં તેમનું અંતરંગ સ્વરૂપ ઉપસ્થિત કરે છે. શાંતિનાથ ભગવાન તેમના નામને અનુરૂપ શાંતિને કરનાર છે; કેમ કે ભૂતકાળમાં તેવી જ વિશિષ્ટ આરાધના કરી છે જેથી તેમના નામસ્મરણથી બાહ્ય કર્મકૃત ઉપદ્રવો અને અંતરંગ મોહના ઉપદ્રવો અને સર્વભયો શમી જાય છે, તેથી તે ગુણથી ભગવાનને ઉપસ્થિત કરીને સ્તવનકારશ્રી તેમની સ્તુતિ કરે છે.

વળી, ભગવાન સર્વભયોથી સંતીર્ણ છે. આનાથી એ પ્રાપ્ત થાય કે જીવને માટે પ્રધાનરૂપે ભયનું સ્થાન ઉપદ્રવકારી કર્મ છે અને ભગવાને તે કર્મોનાં બીજરૂપ ઘાતિકર્મોનો નાશ કર્યો. તેથી દગ્ધરજ્જુ જેવાં અવશિષ્ટ અઘાતિકર્મો

કોઈ અનર્થ કરી શકે તેવાં રહ્યાં નથી. માટે સર્વભયને જીતી લીધા છે તેવા શાંતિનાથ ભગવાનની સ્તુતિ કરી સ્તવનકારશ્રી પ્રાર્થના કરે છે કે હે પ્રભુ ! મને શાંતિને આપો. અર્થાત્ મારા ચિત્તમાં મોહનો ક્લેશ શાંત થાય તેવું કરો.

**અહીં : પુર**=જે કિલ્લા સહિત હોય. પુરમાં હાટ, શેરી, મોટા મહેલો, માર્ગો, બગીચાઓ વગેરે હોય. **નગર :** પુર કરતાં નાનું - કિલ્લા રહિત હોય. **નિગમ :** વેપારીની વસ્તીવાળું ગામ. **॥૧૧-૧૨॥**

**ગાથા :-**

**इक्खाग ! विदेह ! नरीसर ! नरवसहा ! मुणिवसहा !,**
**नवसारयससिसकलाणण ! विगयतमा ! विहुयरया ! ।**
**अजिउत्तमतेअ ! [गुणेहिं] महामुणि ! अमियबला ! विउलकुला !**
**पणमामि ते भवभयमूरण ! जगसरणा ! मम सरणं ।।१३।।**

**चित्तलेहा ।।**

**છાયા :-**

**ऐक्ष्वाक ! विदेह ! नरेश्वर ! नरवृषभ ! मुनिवृषभ !**
**नवशारदशशिसकलानन ! विगततमः ! विधूतरजः !**
**अजित ! उत्तमतेजः ! [गुणैः] महामुने ! अमितबल ! विपुलकुल !,**
**प्रणमामि त्वां भवभयभञ्जन ! जगत्शरण ! मम शरणम् ।।१३।।**

**चित्रलेखा ।।**

**ગાથાર્થ :-**

**હે ઈક્ષ્વાકુવંશમાં ઉત્પન્ન થયેલા, વિશિષ્ટ દેહવાળા, નરેશ્વર=નરશ્રેષ્ઠ ! મુનિશ્રેષ્ઠ ! નવા શરદઋતુના કલાપૂર્ણ ચંદ્ર જેવા મુખવાળા, અજ્ઞાનથી રહિત, કર્મો રૂપી રજથી રહિત, ગુણોથી ઉત્તમ તેજવાળા મહામુનિ, અપરિમિત બલવાળા, વિશાળ કુલવાળા, ભવના ભયને ભાંગનારા, જગતને શરણ આપનારા, મારે શરણરૂપ એવા અજિતનાથ ભગવાન ! હું તમને પ્રણામ કરું છું. ।।૧૩।।**

**ભાવાર્થ :-**

સ્તવનકારશ્રી અહીં ચૌદ વિશેષણો દ્વારા અજિતનાથ ભગવાનના સ્વરૂપને ઉપસ્થિત કરી ભગવાન સન્મુખ ભાવવાળા થાય છે અને ભગવાન સન્મુખ ભાવવાળા થઈને ભગવાનને પ્રણામ કરતાં કહે છે કે આ સંસારસમુદ્રમાં તમે જ મારા શરણ છો.

(૧) હે ભગવાન ! તમે ઋષભદેવ ભગવાનના શ્રેષ્ઠ એવા ઇક્ષ્વાકુવંશમાં ઉત્પન્ન થયા છો; કેમ કે ઋષભદેવ ભગવાનની પરંપરામાં જ અજિતનાથ ભગવાનનો જન્મ થયો છે.

(૨) ભૂતકાળમાં બાંધેલા પુણ્યના પ્રકર્ષવાળા હોવાથી વિશિષ્ટ દેહવાળા છો એમ કહી દેહના સૌંદર્યથી ભગવાનને ઉપસ્થિત કરે છે.

(૩) ભગવાન સંસારાવસ્થામાં નરેશ્વરરાજા હતા.

(૪) અનેકગુણોથી યુક્ત હોવાથી નરવૃષભ=નરશ્રેષ્ઠ, હતા.

(૫) ભગવાને સંયમ ગ્રહણ કર્યું ત્યારે મુનિઓમાં પણ શ્રેષ્ઠમુનિ હતા.

(૬) ભગવાનનું મુખ શરદઋતુના પૂર્ણકલાયુક્ત નવીન ચંદ્ર જેવું હતું. તે રીતે ઉપસ્થિત કરે છે. જેથી પુણ્યશાળી પુરુષની ઉપસ્થિતિ થાય છે.

(૭) વળી, ભગવાન છદ્મસ્થાવસ્થામાં પણ તત્ત્વને જોવામાં અજ્ઞાનરૂપ અંધકારથી રહિત હતા. તેથી આત્મકલ્યાણની દિશામાં અભ્રાંત થઈ પ્રયત્ન કરનારા હતા.

(૮) વળી વિધુતરજવાળા હતા. તેથી યોગસાધનામાં ક્યાંય સ્ખલના પામનાર ન હતા; કેમ કે યોગમાર્ગની પ્રવૃત્તિમાં સ્ખલના કરાવે તેવા કર્મ રહિત હતા.

(૯) વળી, અજિતનાથ ભગવાન ઉત્તમ તેજવાળા હતા; કેમ કે ભગવાનના અનેક ગુણો હતા જે ગુણોથી ભગવાન શોભી રહ્યા હતા.

(૧૦) મહામુનિ હતા. મૌનભાવને ધારણ કરનાર મુનિ કહેવાય અને **ભગવાન છદ્મસ્થ અવસ્થામાં પણ પાંચ ઇંદ્રિયોના સંવરરૂપ શ્રેષ્ઠ મૌનને ધારણ કરનાર મહામુનિ હતા.**

(૧૧) ભગવાન અમિતબળવાળા હતા. તેથી જ કર્મરૂપી શત્રુને જીતવા માટે સમર્થ થયા.

(૧૨) વિપુલકુલવાળા હતા અર્થાત્ જેના કુલમાં ઉત્તમપુરુષો થયા છે તેવા વિશાલકુલવાળા હતા.

(૧૩) ભગવાન ભવરૂપી ભયને નાશ કરનાર છે, તેથી ભવના નાશના અર્થી સ્તવનકારશ્રી તે સ્વરૂપે ભગવાનને ઉપસ્થિત કરી કહે છે.

(૧૪) હે ભગવાન્ ! તમે જગતના શરણ છો; કેમ કે જગતના જીવોને ભગવાન સિવાય કોઈ શરણ નથી. આ રીતે ચૌદ વિશેષણ દ્વારા પ્રભુની સ્તુતિ કરી સ્તવનકારશ્રી કહે છે – હું તમને નમસ્કાર કરું છું અને તમે મારા શરણ થાઓ. જેથી હું પણ સંસારના બાહ્ય-અભ્યંતર ઉપદ્રવથી રક્ષિત થાઉં. **॥૧૩॥**

**અવતરણિકા :-**

**હવે, સ્તવનકારશ્રી શાંતિનાથ ભગવાનને તે તે ગુણોથી સંબોધન કરે છે –**

**ગાથા :-**

**देव दाणविंदचंदसुरवंद ! हट्ठतुट्ठ ! जिट्ठ ! परमलट्ठरूव !**
**धंतरूप्पपट्टसेय सुद्धनिद्धधवलदंतपंति ! ।**
**संति ! सत्तिकित्ति मुत्तिजुत्तिगुत्तिपवर ! दित्ततेअवंदधेय !**
**सव्वलोअभावियप्पभाव ! णेय ! पइस मे समाहिं ।।१४।।**

**नारायओ (१) ।।**

**છાયા :-**

**देवदानवेन्द्रचन्द्रसूर्यवन्द्य ! हृष्टतुष्ट ! ज्येष्ठ ! परमलष्टरूप !,**
**ध्मातरूप्यपट्टश्रेयःशुद्धस्निग्धधवलदन्तपङ्क्ते !**
**शान्ते ! शक्तिकीर्तिमुक्तियुक्तिगुप्तिप्रवर ! दीप्तितेजोवृन्दध्येय !,**
**सर्वलोकभावितप्रभाव ! ज्ञेय ! प्रदिश मे समाधिम् ।।१४।।**

**नाराचकः (१) ।।**

**ગાથાર્થ :-**

**દેવેન્દ્ર, દાનવેન્દ્ર, ચંદ્ર અને સૂર્યથી વંદ્ય ! આનંદ સ્વરૂપ પ્રસન્નતાપૂર્ણ ! અત્યંત મહાન્ ! પરમ સુંદર સ્વરૂપવાળા ! તપાવેલા રૂપાની પાટ જેવા શ્વેત શુદ્ધ સ્નિગ્ધ ધવલ દાંતની પંક્તિવાળા ! શક્તિપ્રવર, કીર્તિપ્રવર, મુક્તિપ્રવર, યુક્તિપ્રવર, ગુપ્તિપ્રવર ! દેવોના સમૂહ માટે ધ્યેય ! સર્વ લોકથી ભાવિત પ્રભાવવાળા ! જ્ઞેય ! એવા હે ! શાંતિનાથ ! મને સમાધિ આપો. ॥૧૪॥**

**ભાવાર્થ :-**

સ્તવનકારશ્રી શાંતિનાથ ભગવાનને તે તે વિશેષણોથી સંબોધન કરતાં કહે છે – તમે દેવ-દાનવ-ઇંદ્ર-ચંદ્ર-સૂર્યથી વંદ્ય છો. આ વિશેષણ દ્વારા સ્તવનકારશ્રી ભગવાનની જગત્પૂજ્યતાને યાદ કરે છે. વળી, ભગવાન હૃષ્ટતુષ્ટ છે એટલે ભગવાન મોહથી અનાકુળ હોવાને કારણે હંમેશાં સ્વાભાવિક સ્વસ્થતાવાળા છે એમ સ્તવનકારશ્રી ઉપસ્થિત કરે છે. વળી ભગવાન જ્યેષ્ઠ છે. જગતમાં જે ઉત્તમપુરુષ છે તેમાં પણ ભગવાન જ્યેષ્ઠ છે. તેથી ભગવાનની "ઉત્તમોત્તમ પુરુષ" તરીકે સ્તવનકારશ્રી ઉપસ્થિતિ કરે છે. વળી ભગવાન પરમ લષ્ટરૂપવાળા છે તેમ કહીને ભગવાનની સુંદર દેહ-આકૃતિનું સ્મરણ કરીને ભગવાનને ઉપસ્થિત કરે છે. વળી, તે દેહમાં પણ ભગવાનની દાંતની પંક્તિ તપાવેલ રૂપાની પાટ જેવી ઉત્તમ, નિર્મલ, ચકચકિત, શ્વેત અત્યંત મનોહર છે. તે સ્વરૂપે પણ ભગવાનને સ્મૃતિમાં લાવે છે; કેમ કે ઉત્તમપુરુષોના દેહનું સૌંદર્ય પણ પૂર્વભવોની સાધનાના વિપાકરૂપ હોવાથી પ્રશંસાપાત્ર છે. વળી, ભગવાન મોહની સામે લડવાની શક્તિમાં પ્રવર છે. કીર્તિમાં પણ પ્રવર છે=ભગવાનની શ્રેષ્ઠ કીર્તિ છે. મુક્તિમાં પ્રવર=કર્મથી મુક્ત થવામાં શ્રેષ્ઠ શક્તિવાળા છે. યુક્તિમાં પ્રવર=ભગવાનનું વચન સ્યાદ્વાદમુદ્રાથી અંકિત હોવાથી અત્યંત યુક્તિયુક્ત છે. વળી, ભગવાન ગુપ્તિમાં પ્રવર છે; કેમ કે કર્મને વશ થયા વિના મન-વચન-કાયાને સંપૂર્ણ આત્મહિતમાં પ્રવર્તાવી શકે એવા છે. વળી ભગવાન દીપ્તતેજવાળા એવા દેવો માટે પણ

ધ્યેય છે. તેથી ભગવાન ગુણોના સમુદ્રો છે તે પ્રકારે ઉપસ્થિતિ થાય છે. વળી, સર્વલોકને માટે ભાવિતપ્રભાવવાળા છે; કેમ કે ભગવાનનો પ્રભાવ સર્વ જીવો ઉપર પડે તેવો વિશિષ્ટ છે અને અંતે કહે છે કે તમે જ્ઞેય છો=આ જગતમાં ભગવાનનું સ્વરૂપ જ જાણવા જેવું છે. શાસ્ત્રમાં પણ કહ્યું છે કે 'एगं जाणइ सव्वं जाणइ' આ પ્રમાણે જે એક ભગવાનને બરાબર જાણે છે તે સમસ્ત જગતને જાણે છે. માટે ભગવાન જ્ઞેય છે તેવા ઉત્તમ સ્વરૂપવાળા શાંતિનાથ ભગવાન મને મોહની અનાકુળતારૂપ સમાધિ આપો. એ પ્રકારે સ્તવનકારશ્રી ભગવાનને વિનંતી કરે છે. **॥૧૪॥**

**અવતરણિકા :-**

**હવે, સ્તવનકારશ્રી અજિતનાથ ભગવાનની પદસ્થભાવનાનું ભાવન કરવા બે ગાથાથી સ્તુતિ કરે છે –**

**ગાથા :-**

**विमलससिकलाइरेअसोमं, वितिमिरसूरकराइरेअतेअं ।**
**तिअसवइगणाइरेअरूवं, धरणिधरप्पवराइरेअसारं ।।१५।।**
**कुसुमलया ।।**

**सत्ते अ सया अजियं, सारीरे अ बले अजियं ।**
**तवं संजमे अ अजियं एस थुणामि जिणं अजियं ।।१६।।**
**भुअगपरिरिंगियं ।।**

**છાયા :-**

विमलशशिकलाऽतिरेकसौम्यम्, वितिमिरसूरकरातिरेकतेजसम् ।
त्रिदशपतिगणातिरेकरूपम्, धरणिधरप्रवरातिरेकसारम् ।।१५।।
कुसुमलता ।।

सत्त्वे च सदा अजितम्, शारीरे च बले अजितम् ।
तपःसंयमयोः च अजितम्, एषः स्तौमि जिनम् अजितम् ।।१६।।
भुजगपरिरिङ्गतम् ।।

**ગાથાર્થ :-**

**નિર્મળ ચંદ્રની કલાથી અધિક સૌમ્ય, આવરણરહિત સૂર્યનાં કિરણોથી અધિક તેજવાળા, ઇંદ્રોના સમૂહથી અધિક રૂપવાળા, મેરુપર્વતથી પણ અધિક દઢતાવાળા, આત્મબળમાં હંમેશાં નહિ જિતાયેલા અને શારીરિક બળમાં નહિ જિતાયેલા, તપ અને સંયમમાં નહિ જિતાયેલા એવા અજિત જિનને આ હું સ્તવું છું. ।।૧૫-૧૬।।**

**ભાવાર્થ :-**

સામાન્યથી ચંદ્ર સૌમ્ય પ્રકૃતિવાળો છે પણ જ્યારે તેની નિર્મલ કલાઓ વર્તતી હોય ત્યારે તે અધિક સૌમ્ય દેખાય છે. આવા નિર્મલ ચંદ્રની સૌમ્યતા કરતાં પણ ભગવાનનો સૌમ્યભાવ અતિશય છે. આથી જ પરમ સૌમ્યદૃષ્ટિથી ભગવાન જગતના જીવો માટે હિત કરનાર થાય છે.

વળી, વાદળાના આવરણથી રહિત સૂર્યનાં કિરણો અધિક તેજવાળાં હોય છે. તેના કરતાં પણ અધિક તેજવાળા અજિતનાથ ભગવાન છે; કેમ કે ભગવાન લોકાલોકના સ્વરૂપને પ્રકાશ કરનાર એવા કેવળજ્ઞાનરૂપી તેજથી શોભી રહ્યા છે.

વળી, દેવોના ઇંદ્ર અધિકરૂપવાળા છે, પરંતુ આવા ઇંદ્રોના સમૂહ હોય અને તેના શરીરમાં જે રૂપનો અતિશય છે તેનાથી પણ અધિકરૂપવાળા ભગવાન છે; કેમ કે પૂર્વભવની સાધનાના ફલરૂપ દેહનું ઉત્તમ રૂપ છે, જેને જોયા પછી સંસારના અન્ય જીવોના તુચ્છ અને અસાર રૂપ જોવાનું લેશ પણ આકર્ષણ થાય નહીં અને ઉત્તમપુરુષોના દર્શનથી આવર્જિત થયેલા જીવો પણ પોતાની યોગ્યતા અનુરૂપ પોતાના હિતની પ્રાપ્તિ કરે છે. તેથી ભગવાનનું ઉત્તમ રૂપ પણ સ્તુતિ કરવા યોગ્ય છે.

વળી, ભગવાન મેરુપર્વત કરતાં પણ અધિક સત્ત્વશાળી છે તેથી સાધનાકાળમાં કોઈપણ જાતની સ્ખલના વગર પોતાનું હિત સાધી શક્યા. સત્ત્વમાં અને આત્મબળમાં સદા અજિત હતા. આથી જ સાધનાકાળમાં

આત્માના ધ્યેયની પ્રાપ્તિ કરવા માટે અસ્ખંલિતપણે સત્ત્વ ફોરવતા હતા. વળી, ભગવાન શરીરબળમાં પણ અજિત હતા. આથી જ તેમના જેવું અતુલ શરીરબળ દેવોને પણ નથી. આશ્ચર્યકારી વાત તો એ છે કે જે શરીરબળમાં અધિક હોય તે આત્મબળમાં પણ અધિક હોય તેવો નિયમ નથી અને જે આત્મબળમાં અધિક હોય તે શરીરબળમાં પણ અધિક હોય તેવો નિયમ નથી, **જ્યારે ભગવાન શરીરબળ અને આત્મબળ બંનેમાં અજિત છે**. ભગવાનનું તપ-સંયમ પણ અજિત હતું. તેથી ભગવાને તપ-સંયમમાં મહાવીર્યથી ઉદ્યમ કરીને ઘાતિકર્મોનો નાશ કર્યો તેવા અજિતનાથ ભગવાનને તે તે ગુણરૂપે ઉપસ્થિત કરીને સ્તવનકારશ્રી કહે છે "આ હું એમની સ્તુતિ કરું છું" જેથી પોતાને પણ એવા ગુણો પ્રાપ્ત થાય. ભાવના ઉત્કર્ષથી કરાયેલી ગુણની સ્તુતિ ગુણપ્રાપ્તિમાં બાધક પોતાનાં કર્મોનો ક્ષય કરે છે. **॥૧૫-૧૬॥**

**અવતરણિકા :-**

**પૂર્વની ગાથામાં સ્તવનકારશ્રીએ અજિતનાથ ભગવાનની "આપ ચંદ્રથી અધિક સૌમ્ય છો" વગેરેથી સ્તવના કરી, હવે સ્તવનકારશ્રી શાંતિનાથ ભગવાનની સ્તુતિ કરતાં કહે છે કે ચંદ્ર, સૂર્ય વગેરે પણ આપના સૌમ્ય, તેજ આદિ ગુણોને પહોંચી શકે તેમ નથી –**

**ગાથા :-**

**सोमगुणेहिँ पावइ न तं नवसरयससी,**
**तेअगुणेहिँ पावइ न तं नवसरयरवी ।**
**रूवगुणेहिँ पावइ न तं तिअसगणवई,**
**सारगुणेहिँ पावइ न तं धरणिधरवई ।।१७।। खिज्जिययं ।।**

**तित्थयरपवत्तयं तमरयरहियं,**
**धीरजणथुयच्चियं चुयकलिकलुसं ।**
**संतिसुहपवत्तयं तिगरणपयओ,**
**सन्तिमहँ महामुणिं सरणमुवणमे ।।१८।। ललिययं ।।**

છાયા :-

सौम्यगुणैः प्राप्नोति न तं नवशरत्शशी,

तेजोगुणैः प्राप्नोति न तं नवशरद्रविः ।

रूपगुणैः प्राप्नोति न तं त्रिदश गणपतिः,

सारगुणैः प्राप्नोति न तं धरणिधरपतिः ।।१७।। खिद्यकतम् ।।

तीर्थवरप्रवर्तकं तमोरजोरहितं,

धीरजनस्तुतअर्चितं, च्युतकलिकलुषम् ।

शान्तिशुभ(सुख)प्रवर्तकं त्रिकरणप्रयतः,

शान्तिम् अहं महामुनिं शरणम् उपनमामि ।।१८।। ललितकम् ।।

ગાથાર્થ :-

**નવો શરદઋતુનો ચંદ્ર તેમને સૌમ્ય ગુણો વડે પામતો નથી, નવો શરદઋતુનો સૂર્ય તેમને તેજ ગુણો વડે પામતો નથી, ઈંદ્ર તેમને રૂપ ગુણો વડે પામતો નથી, મેરુપર્વત તેમને દઢતાગુણો વડે પામતો નથી, શ્રેષ્ઠ તીર્થને પ્રવર્તાવનારા, અંધકાર અને મોહ રહિત, ધીરજનોથી સ્તુત્ય-પૂજાયેલા, કલિના કાલુષ્યથી રહિત. શાંતિ અને (શુભ) સુખને પ્રવર્તાવનારા, મહામુનિ એવા શાંતિનાથને ત્રણ કરણપૂર્વક પ્રયત્નથી શરણે જાઉં છું. ।।૧૭-૧૮।।**

ભાવાર્થ :-

શરદઋતુનો નૂતન ચંદ્ર સૌમ્યગુણમાં અધિક હોય છે પરંતુ ભગવાન તેનાથી પણ અધિક સૌમ્યગુણવાળા છે; કેમ કે ભગવાન આત્માના શુદ્ધસ્વરૂપથી અત્યંત ભાવિત હોવાને કારણે તેઓની પ્રકૃતિ અતિસૌમ્ય પરિણામવાળી થયેલી છે. તેમના મુખ પર પણ અતિશય સૌમ્યભાવ દેખાય છે જે શરદઋતુના ચંદ્રમાં પણ નથી.

*વળી શરદઋતુનો નૂતન સૂર્ય અધિક તેજવાળો હોય છે પણ ભગવાન* તેનાથી પણ અધિક તેજવાળા છે; કેમ કે ભગવાને દુર્જય એવાં કર્મોને પણ મહાસત્ત્વથી જીત્યાં છે, તેથી તેમનું તેજ જગતમાં કલ્પનાતીત છે. વળી,

સામાન્યથી દેવો રૂપાળા હોય છે અને તેમાં પણ દેવેન્દ્ર અધિક રૂપસંપન્ન હોય છે તેવું રૂપ સામાન્યથી પણ મનુષ્યલોકમાં જોવા ન મળે. તોપણ ભૂતકાળની વિશિષ્ટ આરાધનાના બળથી ભગવાને તે પ્રકારની પુણ્યપ્રકૃતિ ઉપાર્જન કરેલી છે કે દેવોના ઇંદ્રો કરતાં પણ ભગવાનનું અધિક રૂપ છે. જેથી ભગવાનના રૂપને જોયા પછી જગતના કોઈ જીવોનાં રૂપો સારભૂત દેખાતાં નથી. માટે ભગવાનનું રૂપ ભગવાનની ઉત્તમતાને બતાવે છે.

વળી, પર્વતો અતિનિશ્ચલ હોય છે અને તેમાં પણ મેરુપર્વત અતિનિશ્ચલ હોય છે. તેના કરતાં પણ ભગવાન વધારે નિશ્ચલતાવાળા છે, તેથી સારગુણથી મેરુપર્વત કરતાં પણ ભગવાન અધિક હોવાથી જ ઉપસર્ગો પરિષહો પણ ભગવાનના સત્ત્વને ચલાયમાન કરી શકતા નથી. માટે જ ભગવાન આત્મભાવોમાં સ્થિર થવા માટે મહાપ્રયત્ન કરી મોહનો નાશ કરી શક્યા, ઘાતિકર્મોનો નાશ કરી શક્યા તે તેનું સારભૂતપણું છે અને તેવા ગુણથી સ્તવનકારશ્રી તેમની સ્તુતિ કરે છે.

વળી, ભગવાન શ્રેષ્ઠ એવા તીર્થને પ્રવર્તાવનાર છે, જે તીર્થમાં આવવાથી અનેક યોગ્ય જીવો સંસારસાગરથી તરી જાય છે. વળી, જ્ઞાનાવરણીયકર્મના ઉદયથી થયેલ તમ=અજ્ઞાન રૂપી અંધકાર અને આત્માને મલિન કરનાર મોહના પરિણામરૂપ રજથી=કર્મથી ભગવાન રહિત છે. વળી, ભગવાન ધીરપુરુષોથી સ્તવાયેલા અને પૂજાયેલા છે તેથી સર્વોત્તમ છે. સામાન્ય પુરુષો માટે પણ ધીરપુરુષો સ્તુત્ય અને પૂજ્ય છે જ્યારે ભગવાન તો ધીરપુરુષોથી પણ સ્તુત્ય પૂજાયેલા છે માટે ભગવાન સર્વોત્તમ છે. વળી, ભગવાન કલિ=કલહના કાલુષ્યથી રહિત છે. અર્થાત્ કોઈ ક્લેશ કરાવે તેવું લેશ પણ કાલુષ્ય નથી. તેથી જગતના સર્વ પદાર્થો સાથે અસંશ્લેષવાળા છે; કેમ કે પદાર્થો સાથેનો સંશ્લેશ જ જીવને ક્લેશ કરાવે તેવો છે. વળી, શાંતિનાથ ભગવાન યોગ્ય જીવોની શાંતિના અને સુખના પ્રવર્તક છે; કેમ કે ભગવાનના અવલંબનથી જીવનો મોહ શાંત થાય છે અને અનાકુળતાના કારણે જીવો સુખને પ્રાપ્ત કરે છે. મન-વચન-કાયાના યોગથી પ્રયત્નપૂર્વક આવા શાંતિમુનિનું શરણું સ્તવનકારશ્રી સ્વીકારે છે. અર્થાત્ ત્રણે યોગોના દૃઢ પ્રયત્નપૂર્વક ભગવાનનું અવલંબન લઈને ભગવાનની જેમ મોહનો નાશ કરવા ઉદ્યમવાળા થાય છે. **॥૧૭-૧૮॥**

**અવતરણિકા :-**

હવે ગાથા ૧૯/૨૦ અને ૨૧ દ્વારા અજિતનાથ ભગવાનની સ્તવના કરે છે –

**ગાથા :-**

विणओणयसिररइअंजलिरिसिगणसंथुयं थिमियं,
विबुहाहिवधणवइनरवइथुयमहियच्चियं बहुसो ।
अइरुग्गयसरयदिवायरसमहियसप्पभं तवसा,
गयणंगणवियरणसमुइयचारणवंदियं सिरसा ।।१९।।
किसलयमाला ।।

असुरगरुलपरिवंदियं, किन्नरोरगनमंसियं ।
देवकोडिसयसंथुयं, समणसंघपरिवंदियं ।।२०।। सुमुहं ।।
अभयं अणहं, अरयं अरुयं ।
अजियं अजियं, पयओ पणमे ।।२१।। विज्जुविलसियं ।।

**છાયા :-**

विनयावनतशिरोरचितअञ्जलिऋषिगणसंस्तुतंस्तिमितं,
विबुधाधिपधनपतिनरपतिस्तुतमहितअर्चितं बहुशः ।
अचिरोद्गतशरद्दिवाकरसमधिकसत्प्रभ तपसा,
गगनाङ्गणविचरणसमुदितचारणवन्दितं शिरसा ।।१९।।
किसलयमाला।।

असुरगरुडपरिवन्दितम्, किन्नरोरगनमस्यितम् ।
देवकोटिशत संस्तुतं, श्रमणसङ्घपरिवन्दितम् ।।२०।। सुमुकम् ।।
अभयम् अनघम् अरतम् अरुजम् ।
अजितम् अजितम्, प्रयतः प्रणमामि ।।२१।। विद्युद्विलसितम् ।।

**ગાથાર્થ :-**

**સ્થિરતાપૂર્વક વિનયથી નમેલા મસ્તકને વિષે રચેલી અંજલિવાળા ઋષિઓના સમૂહથી સ્તુતિ કરાયેલા, ઈંદ્ર-કુબેર-ચક્રવર્તીઓથી અનેકવાર સ્તુતિ કરાયેલા, વંદાયેલા, પૂજાયેલા, તપ વડે તરતના ઊગેલા શરદઋતુના સૂર્યથી અધિક કાંતિવાળા, આકાશમાં વિચરવાથી એકઠા થયેલા ચારણ મુનિઓથી મસ્તક વડે વંદાયેલા, અસુરકુમાર-સુવર્ણકુમારથી ઉત્કૃષ્ટ રીતે વંદાયેલા, કિન્નરકુમાર-નાગકુમારથી નમસ્કાર કરાયેલા, શત કોટી (અબજ) દેવો વડે સ્તુતિ કરાયેલા, શ્રમણસંઘ વડે વંદાયેલા, ભયરહિત પાપરહિત (આસક્તિરહિત) કર્મરજથી રહિત, રોગરહિત, નહિ જિતાયેલા, અજિતનાથને હું પ્રયત્નપૂર્વક નમસ્કાર કરું છું. ||૧૯-૨૦-૨૧||**

**ભાવાર્થ :-**

રાજરાજેશ્વર તથા મહામુનિ એવા તીર્થંકરનું દેવાધિદેવત્વ સંબંધી અભિનવ દૃશ્ય ખડું કરીને, પ્રભુને કેવળજ્ઞાન થયું છે અને તીર્થનું પ્રવર્તન કરી રહ્યા છે. તેના સમાચારો ફેલાતાં જ ઋષિઓના સમૂહ ત્યાં આવે છે વગેરે વર્ણન કરી સ્તવનકારશ્રી અજિતનાથ ભગવાન પ્રત્યેની પોતાની ભક્તિ અતિશય કરવા અર્થે અન્ય પ્રકારે ભગવાનની સ્તુતિ કરે છે અને કહે છે કે મોહની સામે અજિત એવા અજિતનાથ ભગવાનને હું પ્રયત્નપૂર્વક નમસ્કાર કરું છું. મોહને જીતવો અતિદુષ્કર છે એમ બતાવી અતિદુષ્કર એવા શત્રુથી પણ નહિ જિતાયેલા ભગવાનને નમસ્કાર કરીને સ્તવનકારશ્રી પણ પોતાનું સદ્વીર્ય ઉલ્લસિત કરવા પ્રયત્ન કરે છે. વળી, ભગવાને પોતાના શત્રુભૂત ઘાતિકર્મોનો નાશ કર્યો છે માટે ભગવાન અભય છે અને સ્તવનકારશ્રી તે ગુણથી ભગવાનને ઉપસ્થિત કરી પોતે પણ ભગવાન તુલ્ય અભય થવા યત્ન કરે છે, આત્માને મલિન કરનાર જે મોહનીય કર્મ છે જેના બળથી જ મલિન થયેલો જીવ સંસારની સર્વ કદર્થના પામે છે તેવા અઘરૂપી પાપથી ભગવાન સર્વથા પર છે. તે ગુણથી ભગવાનની સ્તુતિ કરીને સ્તવનકારશ્રી તે ગુણ પોતાને પણ પ્રાપ્ત થાય તેવી વાંછા કરે છે. વળી, ભગવાન કર્મમલથી પર છે; કેમ કે કર્મમલના કારણભૂત

મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ અને કષાયનો ભગવાને ઉચ્છેદ કર્યો છે. હવે, માત્ર યોગરૂપ કારણ વિદ્યમાન છે તેથી સંશ્લેષ ન પામે તેવું એક સમય સ્થિતિવાળું કર્મ ભગવાનને આવે છે જેની ગણના જ ન થઈ શકે. આ રીતે ભગવાન અરજવાળા છે અર્થાત્ કર્મથી રહિત છે. વળી, ભગવાન અરુજ છે. ભાવરોગથી સર્વથા પર છે. આ રીતે ભગવાનની સ્તુતિ કરીને સ્તવનકારશ્રી ભગવાન તુલ્ય થવા માટે પ્રયત્ન કરે છે. વળી, **ભગવાન જગત્પૂજ્ય છે તે બતાવવા અર્થે કહે છે** કે અસુર અને ગરુડ દેવોથી ભગવાન પરિવંદિત છે, કિન્નર અને ઉરુગ જાતિના દેવોથી નમાયેલા છે, કોડિશત=અબજો દેવોના સમૂહથી સ્તુતિ કરાયેલા છે. એમ ભગવાન દેવોથી સ્તુત્ય છે તે બતાવ્યા પછી હવે, શ્રમણપ્રધાન ચતુર્વિધસંઘ ભગવાનની ભક્તિ કરીને સંસારથી તરવા ઇચ્છે છે માટે જગત્પૂજ્ય એવા ભગવાન સંસારથી તરવા માટે પ્રબલ કારણ છે તેમ બતાવે છે.

**વળી, ભગવાન ઋષિગણથી પણ સ્તુત્ય છે તે બતાવવા અર્થે કહે છે** કે નિશ્ચલતાપૂર્વક વિનયથી નમાયેલા શિરવાળા અને બે હાથથી અંજલિ જોડેલા તેવા ઋષિગણ ભગવાનની સ્તુતિ કરે છે. આનાથી, એ પ્રાપ્ત થાય છે કે ઋષિઓનો સમૂહ અત્યંત સ્થિરતાપૂર્વક ભગવાનની ભક્તિ કરીને, પોતાના ઇષ્ટ એવા સાધ્યની સિદ્ધિ કરી શકે છે. માટે ઋષિઓ માટે પણ ભગવાન કલ્પવૃક્ષ સમાન છે. વળી, બુદ્ધિમાન એવા દેવોના અધિપતિ, ધનપતિ, નરપતિ=રાજાઓ, વડે પણ ભગવાન અનેકવાર સ્તવન કરાયા છે, નમન કરાયેલા છે અને અર્ચન કરાયા છે. તેથી ભગવાન સર્વ ઉત્તમપુરુષોથી પૂજિત છે; કેમ કે સર્વ પ્રયોજનની પ્રાપ્તિ ભગવાનની ભક્તિથી જ થાય છે. વળી, કર્મોને જે તપાવે તે તપ કહેવાય અને ભગવાનની કર્મોના નાશની શક્તિ વિશિષ્ટ છે તે બતાવવા કહે છે – ભગવાન તપરૂપી તેજ વડે તત્કાલ ઉદય પામેલા શરદઋતુના સૂર્યથી પણ અધિક તેજવાળા છે, તેથી સૂર્યના તેજથી અધિક તેજ ભગવાનના તપનું છે. આથી જ તપના તેજમાં ભગવાનનાં સર્વકર્મ બળીને ભસ્મ થયાં છે માટે ભગવાન પૂજ્ય છે. વળી, ગગનમાં વિચરનાર એવા ચારણઋષિઓનો સમુદાય પણ ભગવાનને મસ્તકથી વંદન કરે છે. તેથી મહાલબ્ધિના નિધાન એવા ચારણઋષિઓથી પણ ભગવાન પૂજ્ય છે. માટે કોણ બુદ્ધિમાન પુરુષ માટે ભગવાન પૂજ્ય ન બને ? માટે બુદ્ધિમાન પુરુષોએ

સર્વ ઉદ્યમથી ભગવાનની ભક્તિ કરવી જોઈએ. જેથી સર્વ પ્રયોજનની સિદ્ધિ=પ્રાપ્તિ, થાય અને તેવા ભગવાનને અત્યંત યત્નપૂર્વક નમસ્કાર કરીને સ્તવનકારશ્રી પોતાના ઇષ્ટ એવા મોક્ષફળને પ્રાપ્ત કરવા ઇચ્છે છે. **॥૧૯-૨૦-૨૧॥**

**અવતરણિકા :-**

**હવે, સ્તવનકારશ્રી શાંતિનાથ ભગવાનની સ્તુતિ કરે છે –**

**ગાથા :-**

**आगया वरविमाणदिव्वकणगरहतुरय-**
**पहकरसएहिं हुलियं ।**
**ससंभमोयरणखुभियलुलियचलकुंडलंगय-**
**तिरीडसोहँतमउलिमाला ।।२२।। वेड्ढओ (वेढो) ।।**
**जं सुरसंघा सासुरसंघा वेरविउत्ता भत्तिसुजुत्ता,**
**आयरभूसियसंभमपिंडियसुट्ठसुविम्हियसव्वबलोघा ।**
**उत्तमकंचणरयणपरूवियभासुरभूसणभासुरियंगा,**
**गायसमोणयभत्तिवसागयपंजलिपेसियसीसपणामा ।।२३।।**
**रयणमाला ।।**
**वंदिऊण थोऊण तो जिणं, तिगुणमेव य पुणो पयाहिणं,**
**पणमिऊण य जिणं सुरासुरा, पमुइया सभवणाइँ तो गया**
**।।२४।। खित्तयं ।।**
**तं महामुणिमहं पि पंजली, रागदोसभयमोहवज्जियं ।**
**देवदाणवनरिंदवंदियं, संतिमुत्तमं महातवं नमे ।।२५।। खित्तयं।।**

**છાયા :-**

**आगता वरविमानदिव्यकनकरथ तुरगप्रकरशतैः शीघ्रम् ।**
**ससम्भ्रमावतरणक्षुभितलुलितचलकुण्डलअङ्गदकिरीटशोभमान-**
**मौलिमालाः ।।२२।। वेष्टकः ।।**

*यं सुरसङ्घाः सासुरसङ्घाः, वैरवियुक्ताः भक्तिसुयुक्ताः,*
आदरभूषितसम्भ्रमपिण्डित-सुष्ठु-सुविस्मित-सर्व-बलौघाः ।
उत्तमकाञ्चनरत्नप्ररूपितभासुरभूषणभासुरिताङ्गाः,
गात्रसमवनतभक्तिवशागतप्राञ्जलिप्रेषितशीर्षप्रणामाः ।।२३।।

रत्नमाला ।।

वन्दित्वा स्तुत्वा ततः जिनं, त्रिगुणम् एव च पुनः प्रदक्षिणम्,
प्रणम्य च जिनं सुरासुराः प्रमुदिताः स्वभवनानि ततः गताः ।।२४।।

क्षिप्तकम्।।

तं महामुनिम् अहम् अपि प्राञ्जलिः, रागद्वेषभयमोहवर्जितम्,
देवदानवनरेन्द्रवन्दितं, शान्तिम् उत्तमं महातपसं नमामि ।।२५।।

क्षिप्तकम्।।

ગાથાર્થ :-

સેંકડો શ્રેષ્ઠ વિમાનો, સેંકડો દિવ્ય સોનાના રથ અને સેંકડો ઘોડાઓના સમૂહો વડે શીઘ્ર આવેલા, એકદમ ઉતાવળે ઊતરવાથી ક્ષોભ પામેલા, ડોલતાં ચંચલ એવાં કુંડલ બાજુબંધ મુગટથી શોભાયમાન મસ્તક ઉપર માળા ધારણ કરનારા, વૈરથી રહિત, ભક્તિથી સારી રીતે યુક્ત, આદરથી ભૂષિત થયેલા, ઉતાવળથી એકઠા થયેલા, સારી રીતે વિસ્મિત થયેલા, સર્વ પરિવારથી યુક્ત (સૈન્યથી યુક્ત) શ્રેષ્ઠ સુવર્ણના રત્નજડિત તેજસ્વી અલંકારો વડે દેદીપ્યમાન શરીરવાળા, શરીરથી સમ્યક્ પ્રકારે નમેલા, ભક્તિના વશથી આવેલા, અંજલિપૂર્વક મસ્તકથી નમસ્કાર કરી રહેલા, અસુરોના સંઘ સહિત દેવતાઓના સમૂહો જે જિનને વાંદીને ત્યારપછી સ્તુતિ કરીને અને વળી ત્રણ વાર પ્રદક્ષિણા દઈને, અને સુર-અસુરો જિનને પ્રણમીને પ્રમુદિત થયેલા ત્યારપછી પોતાના સ્થાન પ્રત્યે ગયા, તે રાગ-દ્વેષ-ભય-મોહથી રહિત, દેવ-દાનવ-નરેંદ્રોથી વંદાયેલા, ઉત્તમ મહાતપવાળા શ્રી શાંતિનાથ મહામુનિને હું પણ અંજલિપૂર્વક નમસ્કાર કરું છું. ।।૨૨-૨૩-૨૪-૨૫।।

**ભાવાર્થ :-**

આ ચાર ગાથા દ્વારા સ્તવનકારશ્રીએ સર્વ બનાવ જાણે નજર સમક્ષ બનતો હોય તેવું દૃશ્ય ખડું કરી શાંતિનાથ ભગવાનને નમસ્કાર કરે છે. જે શાંતિનાથ ભગવાનને નમસ્કાર કરવા માટે આકાશમાંથી દેવતાના સમૂહો ઊતરવા લાગે છે. અસુરના સમૂહથી યુક્ત એવા સુરના સમૂહો શીઘ્ર પૃથ્વી પર આવ્યા, કઈ રીતે શીઘ્ર આવ્યા તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે – સેંકડો શ્રેષ્ઠ વિમાન, દિવ્યકનકના રથો અને સેંકડો ઘોડાઓના સમૂહથી તે સુરો શીઘ્ર પૃથ્વી પર આવ્યા.

વળી, તેઓ કેવા દેદીપ્યમાન છે તે બતાવે છે – ભગવાનને વંદન કરવાના આશયથી સંભ્રમપૂર્વક પૃથ્વી પર અવતરણ કરે છે ત્યારે અવતરણના કારણે ક્ષોભ પામેલાં અને લટકતાં ચંચલ એવાં કુંડલ, બાજુબંધ, મુગટ અને મસ્તક પર જે માળાઓ હતી તે સર્વ ડોલાયમાન થઈ રહી છે, જેનાથી તે દેવોનું આગમન અત્યંત મનોહર જણાય છે અને તે દેવો અસુરના સમૂહથી સહિત આવ્યા છે. વસ્તુતઃ સુર અને અસુર એ બે જાતિમાં પરસ્પર વેર છે પણ અહીં વેરને ભૂલી સાથે ભેગા થઈ ભગવાનને વંદન કરવા આવેલ છે.

વળી, તેઓ કેવા છે તે સ્પષ્ટ કરતાં કહે છે – ભગવાન પ્રત્યે અત્યંત ભક્તિથી, આદરથી યુક્ત છે. તેથી ભગવાન પ્રત્યેના આદરભાવથી ભૂષિત શરીરવાળા છે અને ભગવાનની ભક્તિ કરવાના સંભ્રમથી પિંડિત થયેલા=ભેગા થયેલા, બળના સમૂહવાળા છે. અર્થાત્ સકલ પરિવારવાળા છે. વળી, તે પરિવાર ભગવાન પ્રત્યેની ભક્તિને કારણે અત્યંત વિસ્મિત=આનંદિત, છે. આ રીતે સુર-અસુર કેવા ભક્તિવાળા છે તે બતાવ્યા પછી તેઓના અંગની શોભા કેવી ઉત્તમ છે તે બતાવે છે – ઉત્તમ સુવર્ણ-રત્નથી બનેલાં તેજસ્વી ભૂષણોથી શોભાયમાન અંગવાળા છે. તેઓની ભક્તિ અને તેઓના અંગની શોભા બતાવ્યા પછી તેઓ ભગવાન પાસે કેવી રીતે ઊભા છે તે બતાવે છે. ભગવાનની સન્મુખ કાંઈક નમેલા શરીરવાળા બની, ભક્તિને વશ થયેલા, બે હાથ જોડીને મસ્તકને પ્રણામ કરતા તે દેવોના સમૂહ ઊભા છે અને તે દેવો અને દાનવોનો સમૂહ જિનને વંદન કરીને, સ્તુતિ કરીને, ત્યારપછી ત્રણ પ્રદક્ષિણાપૂર્વક પ્રણામ કરીને, પ્રમોદિત થયેલા પોતાના ભવનોમાં ગયા.

આ રીતે સુર-અસુર કઈ રીતે ભગવાનને નમસ્કાર કરે છે તે બતાવી તેવા મહામુનિને સ્તવનકારશ્રી પણ હાથ જોડી નમે છે અને તે મહામુનિ શાંતિનાથ ભગવાન કેવા ગુણોવાળા છે તે સ્પષ્ટ કરે છે. રાગ-દોષ-ભય-મોહથી વર્જિત છે. દેવ-દાનવ અને મનુષ્યના ઇંદ્રોથી વંદિત છે અને ઉત્તમ એવા મહાતપવાળા છે; કેમ કે શુદ્ધ આત્મભાવોમાં જવા માટે સદા ધ્યાનમાં ઉદ્યમ કરીને કર્મોને બાળી રહ્યા છે. તેવા શાંતિનાથ ભગવાનને સ્તવનકારશ્રી નમસ્કાર કરે છે.

આ રીતે ચાર ગાથા દ્વારા દેવો અને દાનવોથી નમસ્કાર કરાતા ભગવાન કેવા શોભાયમાન દેખાય છે, કેવા સમર્થ દેવો પણ ભગવાનને નમસ્કાર કરી રહ્યા છે તે બતાવી, ભગવાનની અંતરંગ સંપત્તિને સ્તુતિમાં લાવીને સ્તવનકારશ્રી ભગવાનને નમસ્કાર કરે છે. જેથી ભગવાન પ્રત્યે વિશેષ પ્રકારનો ભક્તિભાવ ઉલ્લસિત થાય છે. **॥૨૨-૨૩-૨૪-૨૫॥**

**અવતરણિકા :-**

**જેમ દેવોએ વિશિષ્ટતાપૂર્વક ભગવાનને નમસ્કાર કર્યો તેમ હવે, દેવીઓ પણ વિશિષ્ટતાપૂર્વક ભગવાનને વંદન કરવા આવે છે, એ વખતનું દૃશ્ય કેવું અપૂર્વ હોય છે ? તે બતાવે છે –**

**ગાથા :-**

**अंबरंतरविआरणिआहिं,**
**ललियहंसवहुगामिणिआहिं ।**
**पीणसोणिथणसालिणिआहिं,**
**सकलकमलदललोअणिआहिं ।।२६।। दीवयं ।।**
**पीणनिरंतरथणभरविणमियगायलयाहिं,**
**मणिकंचणपसिढिलमेहलसोहियसोणितडाहिं ।**
**वरखिंखिणिनेउरसतिलयवलयविभूसणिआहिं,**
**रइकरचउरमणोहरसुंदरदंसणिआहिं ।।२७।। चित्तक्खरा ।।**

देवसुंदरीहिँ पायवंदिआहिँ वंदिया य जस्स ते सुविक्कमा कमा
अप्पणो निडालएहिँ मंडणोड्डणप्पगारएहिँ; केहिं केहिं वि
अवंगतिलयपत्तलेहनामएहिँ चिल्लएहिँ संगयंगयाहिँ,
भत्तिसन्निविट्ठवंदणागयाहिँ हुंति ते वंदिया पुणो पुणो ।।२८।।
नारायओ (२) ।।

तमहं जिणचंदं, अजियं जियमोहं ।
धुयसव्वकिलेसं, पयओ पणमामि ।।२९।। नंदिययं ।।

**છાયા :-**

अम्बरान्तरविचारिणिकाभिः, ललितहंसवधूगामिनिकाभिः ।
पीनश्रोणीस्तनशालिनिकाभिः, सकलकमलदललोचनिकाभिः ।।२६।।
दीपकम् ।।

पीननिरन्तरस्तनभरविनतगात्रलताभिः,
मणिकाञ्चनप्रशिथिलमेखलाशोभितश्रोणितटाभिः ।
वरकिङ्किणीनूपुरसतिलकवलयविभूषणिकाभिः,
रतिकरचतुरमनोहरसुन्दरदर्शनिकाभिः ।।२७।। चित्राक्षरा ।।
देवसुन्दरीभिः पादवन्दिकाभिः वन्दितौ च यस्य तौ सुविक्रमौ क्रमौ,
आत्मनः ललाटकाभिः मण्डनरचनाप्रकारकाभिः काभिः काभिः अपि
अपाङ्गतिलकपत्रलेखनामकाभिः चिल्लकाभिः सङ्गताङ्गकाभिः,
भक्तिसन्निविष्टवन्दनागताभिः भवतः तौ वन्दितौ पुनः पुनः ।।२८।।
नाराचकः (२) ।।

तम् अहं जिनचन्द्रम्, अजितं जितमोहम् ।
धूतसर्वक्लेशम्, प्रयतः प्रणमामि ।।२९।। नन्दितकम् ।।

**ગાથાર્થ :-**

આકાશમાં વિચરનારી, મનોહર હંસલીના જેવી સુંદર ગતિએ ચાલનારી, પુષ્ટ નિતંબ અને પુષ્ટ સ્તન વડે શોભી રહેલી, કલાયુક્ત

**કમલપત્ર જેવા નયનવાળી, પુષ્ટ અને અંતર રહિત સ્તનના ભાર વડે વિશેષ નમી ગયેલી ગાત્રલત્તાવાળી, રત્ન અને સુવર્ણની ઝૂલતી મેખલાઓથી શોભાયમાન કટિપ્રદેશવાળી, ઉત્તમ પ્રકારનાં ઘૂઘરીવાળાં નૂપુરો અને ટીપકીવાળાં કંકણો વગેરે વિવિધ આભૂષણોને ધારણ કરનારી, પ્રીતિ ઉપજાવનારી, ચતુર પુરુષના મનનું હરણ કરનારી, સુંદર દર્શનવાળી, જેમના=જે ભગવાનનાં બે સુવિક્રમવાળાં બે ચરણો વંદન કરાયાં. કેટલીક કેટલીક પણ અપાંગ-તિલક-પત્રલેખા નામવાળા દેદીપ્યમાન શણગારના મોટા પ્રકારોવાળી, પ્રમણોપેત અંગવાળી અથવા નાટ્ય કરવા સજ્જ થયેલી, ભક્તિપૂર્ણ વંદન કરવાને આવેલી, દેવસુંદરીઓ વડે પોતાનાં લલાટોથી તમારાં=અજિતનાથ ભગવાનના બે ચરણો ફરી ફરી વંદન કરાયેલાં થાય છે. જીતેલા મોહવાળા, સર્વ ક્લેશનો નાશ કર્યો છે જેમણે એવા, તે જિનચંદ્ર અજિતનાથને હું પ્રણિધાનપૂર્વક નમસ્કાર કરું છું. ॥૨૬-૨૭-૨૮-૨૯॥**

**ભાવાર્થ :-**

અતિ મોહક દૃશ્યનું વર્ણન છે. અજિતનાથ ભગવાન પ્રત્યેની અત્યંત ભક્તિને કારણે દેવીઓ ભગવાનના ચરણને નમસ્કાર કરે છે તે વખતે તે દેદીપ્યમાન દેવીઓના કારણે અને તેઓની ભગવાન પ્રત્યેની ભક્તિના કારણે ભગવાન કેવા પૂજ્ય છે અને અંતરંગ ગુણોથી કેવા છે તે ઉપસ્થિત કરી સ્તવનકારશ્રી ભગવાનને અત્યંત પ્રયત્નપૂર્વક પ્રણામ કરે છે. જેથી ભગવાનને કરેલા પ્રણામના બળથી ભગવાનની જેમ પોતે પણ શીઘ્ર મહાસાત્ત્વિક બને અને દુર્જય એવા મોહને જીતવા સમર્થ બને. જ્યારે અજિતનાથ ભગવાનના ચરણકમલને દેવીઓ નમે છે ત્યારનું રમ્ય સ્વરૂપ કેવું છે તેને ઉપસ્થિત કરતાં સ્તવનકારશ્રી કહે છે – આ દેવીઓ આકાશના અંતરંગ ભાગમાં વિચરનારી છે, મનોહર હંસલીના જેવી ચાલવાળી છે. વળી, તેઓના દેહની શોભા કેવી છે તે બતાવતાં કહે છે. જેઓના પુષ્ટ થયેલા નિતંબ અને સ્તન છે તેવી સુંદર કાયાવાળી છે. જેનાં ચક્ષુ બધી કલાઓથી યુક્ત કમલદલના પત્ર જેવાં સુંદર છે. વળી, બે પુષ્ટ અને અંતર વિનાના સ્તનના ભારથી વિશેષ રીતે નમેલા દેહવાળી છે, વળી, તે કેવા સુંદર અલંકારોથી શોભાયમાન છે તે બતાવતાં કહે છે – મણિ, સુવર્ણની મેખલાઓથી શોભાયમાન નિતંબપ્રદેશવાળી છે, વળી, ઉત્તમ ખિંખીણી (કંકણ),

નૂપુર અને વલય આદિના વિભૂષણોથી શોભાયમાન છે, વળી જોનારને પ્રીતિ ઉપજાવે તેવી છે. ચતુર પુરુષના મનને હરણ કરનારી છે, સુંદર દેખાય તેવી છે. એવી દેવસુંદરીઓ વડે ભગવાનનાં મહાપરાક્રમવાળાં બે ચરણકમલ નમસ્કાર કરાયાં. આના દ્વારા અત્યંત પુણ્યશાળી એવી દેવીઓ પણ જેમના પ્રત્યે ભક્તિવાળી છે તેવા ભગવાન છે તેવી ઉપસ્થિતિ થાય છે. વળી તે દેવીઓ અપાંગ, તિલક, પત્રલેખા વગેરે આભૂષણોથી શણગારાયેલા લલાટ વડે પ્રભુને વંદન કરે છે. વળી, આ દેવીઓ ભક્તિ અને વંદન માટે આવેલી છે, તેથી તે ભક્તિથી વશ થઈને અજિતનાથ ભગવાનના ચરણોને ફરી ફરી વંદન કરે છે.

હવે, આવી પુણ્યશાળી દેવીઓથી વંદન કરાતા અજિતનાથ ભગવાનના આંતરિકગુણોનું વર્ણન કરતાં કહે છે – અજિતનાથ ભગવાને મોહને જીતી લીધો છે અને સર્વ ક્લેશોનો નાશ કર્યો છે. આ રીતે ઉપસ્થિત કરીને ભગવાનના ગુણોની અત્યંત સ્મૃતિપૂર્વક સ્તવનકારશ્રી ભગવાનને વંદન કરે છે. **॥૨૬-૨૭-૨૮-૨૯॥**

**ગાથા :-**

**थुयवंदियस्सा, रिसिगणदेवगणेहिं ।**
**तो देववहुहिं, पयओ पणमियअस्सा ।**
**जस्सजगुत्तमसासणअस्सा,**
**भत्तिवसागयपिंडियआहिं ।**
**देववरच्छरसाबहुआहिं,**
**सुरवररइगुणपंडियआहिं ।।३०।। भासुरयं ।।**

**वंससद्दतंतितालमेलिए तिउक्खराभिरामसद्दमीसए, कए [अ] सुइसमाणणे अ सुद्धसज्जगीयपायजालघंटिआहिं वलयमेहलाकलावनेउराभिरामसद्दमीसए कए अ, देवनट्टिआहिं हावभावविब्भमप्पगारएहिं नच्चिऊण अंगहारएहिं वंदिया य जस्स ते सुविक्कमा कमा, तयं तिलोयसव्व[सत्त]-संतिकारयं, पसंतसव्वपावदोसमेस हं, नमामि सतिमुत्तमं जिणं ।।३१।। नारायओ ।।**

છાયા :-

स्तुतवन्दितस्य, ऋषिगणदेवगणैः ।

ततो देववधूभिः, प्रयतः प्रणमितकस्य ।

यस्य जगदुत्तमशासनस्य, भक्तिवशागतपिण्डितकाभिः ।

देववराप्सरोबहुकाभिः, सुरवररतिगुणपण्डितकाभिः ।।३०।।भासुरकम् ।।

वंशशब्दतन्त्रीतालमेलिते तिपुष्करअभिरामशब्दमिश्रके, कृते [च] श्रुतिसमानयने च शुद्धसज्जगीतपादजालघण्टिकाभिः, वलयमेखलाकलापनूपुर-अभिरामशब्द-मिश्रके कृते च, देवनर्तिकाभिः हावभावविभ्रमप्रकारकैः नर्तित्वा अङ्गहारकैः, वन्दितौ च यस्य तौ सुविक्रमौ क्रमौ, तकं(तं) त्रिलोकसर्व[सत्त्व]-शान्तिकारकम्, प्रशान्तसर्वपापदोषम् एष अहम्, नमामि शान्तिम् उत्तमं जिनम् ।।३१।। नाराचकः ।।

ગાથાર્થ :-

ઋષિઓના સમૂહ, દેવોના સમૂહ વડે સ્તુતિ કરાયેલા, વંદન કરાયેલા, ત્યારપછી દેવવધૂઓ વડે (તથા) ભક્તિના વશથી આવવાથી એકઠી થયેલી, દેવતાને ઉત્તમ પ્રીતિ કરવાના ગુણે કરીને પંડિત એવી દેવલોકની ઘણી અપ્સરાઓ વડે પ્રયત્નપૂર્વક પ્રણામ કરાયેલા શાંતિનાથ ભગવાન છે, એમ અન્વય છે. વાંસનો શબ્દ અને વીણાનો તાલ મિશ્ર કરતી, ત્રિપુષ્કર (આનદ્ધ) વાજિંત્રના મનોહર શબ્દનું મિશ્રણ કરતી, (સ્વરનો સૂક્ષ્મભેદ) શ્રુતિને સમાન કરતી, દોષ રહિત ષડ્જસ્વરવાળા પ્રગુણ ગીત ગાતી અને પાદજાલની ઘૂઘરીઓ બજાવતી, કંકણ મેખલા-કલાપ અને ઝાંઝરના મનોહર શબ્દ મિશ્ર કરતી, હાવભાવ અને વિભ્રમના પ્રકારોવાળી દેવનર્તિકાઓથી અંગહાર વડે નચાવીને જેમના=જે શાંતિનાથ ભગવાનના તે બે સુપરાક્રમવાળા ચરણો વંદન કરાયા છે તે ત્રણલોકનાં સર્વ પ્રાણીઓને શાંતિને કરનારા, પ્રશાંત થયાં છે સર્વ પાપ અને દોષ જેમનાં એવા ઉત્તમ શાંતિજિનને આ હું નમું છું. ।।૩૦-૩૧।।

**ભાવાર્થ :-**

સ્તવનકારશ્રી શાંતિનાથ ભગવાનને નમસ્કાર કરે છે અને તે કેવા છે તે બતાવતાં કહે છે – ઉત્તમજિન છે, પ્રશાંત સર્વ પાપદોષવાળા છે. આનાથી એ પ્રાપ્ત થાય છે કે ભગવાન તીર્થંકરજિન હોવાથી ઉત્તમજિન છે અને મોહનીયકર્મનો સંપૂર્ણ નાશ કર્યો હોવાથી પ્રશાંત થયેલાં સર્વ પાપવાળા છે. વળી, તે શાંતિનાથ ભગવાન ત્રણલોકના સર્વજીવોને શાંતિ કરનાર છે; કેમ કે નામ અનુરૂપ ગુણ હોવાને કારણે તેમના નામમાત્રથી પણ સર્વજીવોને શાંતિની પ્રાપ્તિ થાય છે અને શાંતિનાથ ભગવાનના મહાપરાક્રમવાળા બે ચરણો દેવીઓ વડે વંદન કરાયેલા છે. અર્થાત્ બે ચરણના બળથી સંયમનું પાલન કરીને ભગવાન મોહનો નાશ કરી શક્યા છે. તેથી **તેમના બે ચરણો સુંદર પરાક્રમવાળા છે** અને દેવીઓ વડે તેમના બે ચરણો વંદાયા છે તે બતાવતાં કહે છે – ઋષિઓનો સમુદાય અને દેવગણથી સ્તુતિ કરાયેલા, વંદન કરાયેલા અને ત્યારપછી દેવવધૂઓ વડે પ્રયત્નથી પ્રણામ કરાયેલા, જગતમાં ઉત્તમ શાસનવાળા એવા, જે ભગવાનની ભક્તિને વશ આવેલી, એકઠી થયેલી અને દેવતાઓને રતિ કરવામાં પંડિત એવી દેવોની ઘણી અપ્સરાઓ વડે શાંતિનાથ ભગવાનના બે ચરણો વંદન કરાયા છે એમ અન્વય છે. વળી માત્ર, ભગવાનના બે ચરણોને વંદન જ કર્યાં નથી પણ ભગવાન આગળ વાજિંત્રો આદિથી નૃત્ય કર્યું છે. અંગહાર (અંગમરોડપૂર્વક) નાટક કર્યું છે અને તે બધાથી તેઓ વડે કરાયેલું નૃત્ય કેવું રમ્ય છે તે સ્તવનકારશ્રીએ ગાથા-૩૧માં બતાવ્યું છે. સંગીતકલાના જાણકાર જ જેના પરમાર્થને સમજી શકે તેવા અંગહાર (અંગમરોડવાળા) નાટક વડે તે દેવીઓએ અનેક હાવભાવપૂર્વક ભગવાનના બે ચરણોને વંદન કર્યાં છે. આ રીતે ઉપસ્થિત કરવાથી ભગવાન પ્રત્યેની ભક્તિને વશ થયેલી દેવીઓ કઈ રીતે ભગવાનની ભક્તિ કરી પોતાનો સંસાર સીમિત કરે છે અને ભગવાન પ્રત્યેની તેમની ભક્તિ જોવા દ્વારા જોનારને પણ પ્રીતિ થવાથી તેઓનો પણ સંસાર સીમિત થાય છે. આવા શાંતિનાથ ભગવાનના બે ચરણોને અનેક પ્રકારના નૃત્યો દ્વારા ભક્તિને અતિરેક કરી દેવીઓ નમી રહી છે તેનો તાદૃશ ચિતાર પ્રસ્તુત શ્લોકોના બળથી સ્તવનકારશ્રી કરે છે. વળી તે ભગવાન અંતરંગ રીતે કેવા ગુણોવાળા છે તેની ગાથા-૩૧માં ઉપસ્થિતિ કરી છે.

આ રીતે, ભગવાન પ્રત્યે પોતાની ભક્તિ ઉપસ્થિત કરી સ્તવનકારશ્રી પોતાનો સંસાર પરિમિત કરે છે; કેમ કે ઉત્તમ પુરુષની ભક્તિમાં જેટલો ભાવનો પ્રકર્ષ થાય તે પ્રમાણે કર્મની દીર્ઘ સ્થિતિનો ઉચ્છેદ થાય છે. ||૩૦-૩૧||

**અવતરણિકા :-**

**હવે ત્રણ ગાથા દ્વારા અજિતનાથ ભગવાન અને શાંતિનાથ ભગવાનની સ્તુતિ કરે છે –**

**ગાથા :-**

**छत्तचामरपडागजूअजवमंडिया,**
**झयवरमगरतुरयसिरिवच्छसुलंछणा ।**
**दीवसमुद्दमंदरदिसागयसोहिया,**
**सत्थिअवसहसीहरहचक्कवरंकिया ।।३२।। ललिययं ।।**
**सहावलट्ठा समप्पइट्ठा, अदोसदुट्ठा गुणेहिं जिट्ठा ।**
**पसायसिट्ठा तवेण पुट्ठा, सिरिहिं इट्ठा रिसीहिं जुट्ठा ।।३३।।**
**वाणवासिआ ।।**
**ते तवेण धुयसव्वपावया,**
**सव्वलोअहियमूलपावया ।**
**संथुया अजियसंतिपायया,**
**हुन्तु मे सिवसुहाण दायया ।।३४।। अपरांतिआ ।।**

**છાયા :-**

छत्रचामरपताकायूपयवमण्डिताः,
ध्वजवरमकरतुरगश्रीवत्ससुलाञ्छनाः ।
द्वीपसमुद्रमन्दरदिग्गजशोभिताः,
स्वस्तिकवृषभसिंहरथचक्रवराङ्किताः ।।३२।। ललितकम् ।।

स्वभावलष्टाः समप्रतिष्ठाः, अदोषदृष्टाः गुणैः ज्येष्ठाः ।
प्रसादश्रेष्ठाः तपसा पुष्टाः, श्रीभिः इष्टाः ऋषिभिः जुष्टाः ।।३३।।
वानवासिका ।।

ते तपसा धूतसर्वपापकाः, सर्वलोकहितमूलप्रापकाः ।
संस्तुताः अजितशान्तिपादकाः, भवन्तु मे शिवसुखानां दायकाः ।।३४।।
अपरान्तिका ।।

**ગાથાર્થ :-**

**છત્ર-ચામર-પતાકા-સ્તંભ અને જવ વડે શોભતા, શ્રેષ્ઠ ધ્વજ, મગર, અશ્વ અને શ્રીવત્સરૂપ સુંદર લંછનવાળા, દ્વીપ, સમુદ્ર, મેરુપર્વત અને ઐરાવત હાથીના લક્ષણ વડે શોભતા, સ્વસ્તિક, બળદ, સિંહ, રથ, અને શ્રેષ્ઠ ચક્રના ચિહ્નવાળા, સ્વરૂપથી સુંદર, સમભાવમાં સ્થિર થયેલા, દોષ રહિત, ગુણો વડે અત્યંત મહાન, કૃપા કરવામાં ઉત્તમ, તપ વડે પુષ્ટ થયેલા, લક્ષ્મીથી પૂજાયેલા, ઋષિઓથી સેવાયેલા, તપ વડે નાશ કરાયાં છે સર્વ પાપો જેમના વડે એવા, સર્વ લોકોના હિતના મૂળને (હિતના માર્ગને) પમાડનારા, સારી રીતે સ્તવાયેલા, તે શ્રી અજિતનાથ અને શ્રી શાંતિનાથ મને મોક્ષ સુખોના દેનારા હો. ।।૩૨-૩૩-૩૪।।**

**ભાવાર્થ :-**

અજિતનાથ ભગવાન અને શાંતિનાથ ભગવાન ૧૦૦૮ લક્ષણોથી યુક્ત છે. એ પ્રકારે શાસ્ત્રવચનના બળથી જેમને બોધ છે તેવા સ્તવનકારશ્રી તેમના દેહ પરના અતિ મહત્ત્વનાં લક્ષણોને ગાથા-૩૩ દ્વારા ઉપસ્થિત કરે છે. તેથી ભૂતકાળમાં સેવાયેલા ઉત્તમ ચારિત્રના ફળરૂપે જે અજિતનાથ અને શાંતિનાથ ભગવાને તીર્થંકર નામકર્મ બાંધેલું છે અને તેના સહવર્તી જે વિશિષ્ટ પ્રકારના દેહની પ્રાપ્તિનું કારણ બને તેવું પુણ્ય બાંધ્યું. જેનાથી પ્રાપ્ત થયેલાં છત્ર આદિ લક્ષણોથી તે બે તીર્થંકરોને સ્તવનકારશ્રી ઉપસ્થિત કરે છે અને તે રીતે ઉપસ્થિત કર્યા પછી ગાથા-૩૪માં તેઓ કેવા ગુણવાળા છે તેને ઉપસ્થિત કરે છે.

ભગવાન સ્વભાવથી લષ્ટ છે=ભગવાનને ઉત્તમ સ્વભાવ પ્રકૃતિગત બની ગયો છે. સમપરિણામમાં પ્રતિષ્ઠિત છે, દોષના સ્પર્શ વગરના છે, ગુણોથી શ્રેષ્ઠ છે. આ પ્રકારે કહીને ભગવાનની ઉત્તમ પ્રકૃતિના સ્મરણથી સ્તવનકારશ્રીને ભગવાન પ્રત્યે ભક્તિ થાય છે તે બતાવેલ છે. વળી ભગવાન જગતના જીવો ઉપર કૃપા કરવામાં ઉત્તમપ્રકૃતિવાળા છે. કર્મોને તપાવવામાં મહાસામર્થ્યવાળા છે અને તીર્થંકરની અષ્ટપ્રાતિહાર્યરૂપ લક્ષ્મીથી પૂજાયેલા છે અને ઋષિઓથી સેવાયા છે એ પ્રમાણે ગાથા-૩૩ના ઉત્તરાર્ધથી બતાવીને ભગવાન અન્ય ગુણસંપન્ન પુરુષો કરતાં પણ કઈ રીતે વિશેષ છે તેનું સ્મરણ કરીને ભગવાન પ્રત્યે ભક્તિથી સ્તુતિ કરી છે. વળી, તે અજિતનાથ ભગવાને અને શાંતિનાથ ભગવાને તપ કરીને બધાં પાપોનો નાશ કર્યો છે, સર્વલોકના હિતનું કારણ એવા ધર્મને પ્રાપ્ત કરાવનાર છે અને પોતાના વડે તે બે તીર્થંકરો સ્તવન કરાયા છે એમ કહી પોતે ભગવાન પાસે પ્રાર્થના કરે છે કે હે ભગવાન ! તમારી આ સ્તુતિના બળથી તમે મને શિવસુખના દેનાર થાઓ. આ પ્રકારની પ્રાર્થના કરીને જિનના ગુણોના અવલંબનથી જિનતુલ્ય થવાનું પોતાનું વીર્ય સ્તવનકારશ્રી ઉલ્લસિત કરે છે. **॥૩૨-૩૩-૩૪॥**

**ગાથા :-**

**एवं तवबलविउलं, थुअं मए अजियसंतिजिणजुअलं ।**
**ववगयकम्मरयमलं, गइं गयं सासयं विउलं ।।३५।। गाहा ।।**

**છાયા :-**

**एवं तपोबलविपुलं, स्तुतं मया अजितशान्तिजिनयुगलम् ।**
**व्यपगतकर्मरजोमलं, गतिं गतं शाश्वतीं विपुलाम् ।।३५।। गाथा ।।**

**ગાથાર્થ :-**

**મહાન તપોબળથી વિપુલ એવું, ચાલ્યું ગયું છે કર્મ રૂપી રજ અને મલ જેમનું, એવું, શાશ્વતી અને વિશાળ ગતિને પ્રાપ્ત થયેલું અજિત-શાંતિ જિનયુગલ આ રીતે મારા વડે સ્તવાયું. ॥૩૫॥**

**ભાવાર્થ :-**

સ્તવનકારશ્રીએ અત્યાર સુધી 'ભગવાન અનેક ગુણોથી યુક્ત છે અને દેવતાઓથી અનેક રીતે પૂજાયા છે' તે સર્વની ઉપસ્થિતિ કરીને ભગવાનની સ્તુતિ કરી. હવે તે સર્વનો ઉપસંહાર કરતાં કહે છે – આ રીતે મારા વડે અજિતનાથ અને શાંતિનાથ જિનયુગલ સ્તવન કરાયું. જેઓ તપબળથી વિપુલ છે અર્થાત્ કર્મોને તપાવવામાં મહાસામર્થ્યવાળા હોવાથી સર્વ કર્મોને બાળીને ભસ્મસાત્ કર્યાં છે એવા ઉત્તમ છે અને શાશ્વતા અને વિશાળ મોક્ષસુખને પામ્યા છે. **॥૩૫॥**

**ગાથા :-**

**तं बहुगुणप्पसायं, मुक्खसुहेणपरमेण अविसायं ।**
**नासेउ मे विसायं, कुणउ अपरिसाविअपसायं ।।३६।। गाहा।।**

**છાયા :-**

**तत् बहुगुणप्रसादं, मोक्षसुखेन परमेण अविषादम् ।**
**नाशयतु मे विषादं, करोतु अपरिस्त्राविकप्रसादम् ।।३६।। गाथा।।**

**ગાથાર્થ :-**

**ઘણા ગુણોના પ્રસાદવાળું, પરમ મોક્ષસુખથી અવિષાદવાળું, તે=અજિત-શાંતિ જિનયુગલ, મારા વિષાદને નાશ પમાડો, (મારા ઉપર) અપરિસ્ત્રાવી પ્રસાદને કરો. ॥૩૬॥**

**ભાવાર્થ :-**

સ્તવનકારશ્રી ભગવાન પાસે પ્રાર્થના કરતાં કહે છે કે આપ ઘણા ગુણના પ્રસાદવાળા અને અવિષાદવાળા એવા પરમ મોક્ષસુખને પામ્યા છો, તેથી મારા પર પ્રસાદ કરીને મારા ખેદને દૂર કરો=મારી કર્મકૃત વિડંબનાને દૂર કરો અને ક્યારેય નાશ ન પામે એવા અપરિસ્રાવી પ્રસાદને કરો. અર્થાત્ ક્ષાયિકભાવવાળા ગુણો જે ક્યારેય નાશ ન પામે એવા ગુણો આપીને મારા પર પ્રસાદ કરો. સામાન્યથી ભગવાનનું વચન જે જે અંશથી પરિણામ પામે છે તે તે અંશથી

આત્મામાં ક્ષયોપશમભાવના ગુણો પ્રગટે છે પણ ભગવાનના પ્રસાદથી પ્રાપ્ત થયેલ ક્ષયોપશમવાળી રત્નત્રયી પણ કર્મના ઉદયથી નાશ પામી શકે છે. તેથી સ્તવનકારશ્રી ભગવાનને વિનંતી કરે છે કે હે પ્રભુ ! આપ ક્યારેય નાશ ન પામે એવા અપરિસ્રાવી પ્રસાદને મારા પર કરો. ભગવાનના પ્રસાદથી પ્રાપ્ત થયેલી ક્ષયોપશમભાવની રત્નત્રયી પણ ઉત્તરોત્તર વૃદ્ધિ પામી ક્ષાયિકભાવવાળી બને તો ક્યારેય નાશ પામે નહીં, તેવી રત્નત્રયીની પ્રાપ્તિના અર્થી સ્તવનકારશ્રી ભગવાનને વિનંતી કરીને પોતાને અપરિસ્રાવી પ્રસાદ પ્રાપ્ત થાય તેવી બલ-શક્તિનો સંચય ભગવાનના અવલંબનથી કરે છે. **॥૩૬॥**

**ગાથા :-**

**तं मोएउ अ नंदिं, पावेउ नंदिसेणमभिनंदिं ।**

**परिसा वि अ सुहनंदिं, मम य दिसउ संजमे नंदिं ।।३७।। गाहा ।।**

**છાયા :-**

**तत् मोदयतु च नन्दिं, प्रापयतु च नन्दिषेणमभिनन्दिम् ।**

**परिषदः अपि च सुखनन्दिं, मम च दिशतु संयमे नन्दिम् ।।३७।। गाथा ।।**

**ગાથાર્થ :-**

**અને તે=અજિત-શાંતિજિન યુગલ, નંદિને=સંગીતથી સ્તવ ભણનારને, હર્ષ પમાડો, સ્તવનકર્તા નંદિષેણમુનિને અતિઆનંદ પમાડો, પર્ષદાને=સ્તવ સાંભળનારા શ્રોતાને, પણ સુખ અને સમૃદ્ધિ આપો અને મને સંયમમાં વૃદ્ધિને આપો. ॥૩૭॥**

**ભાવાર્થ :-**

સ્તવનકારશ્રી અજિતનાથ ભગવાન અને શાંતિનાથ ભગવાનના યુગલને કહે છે કે તમે સ્તવન કરનારને પ્રમોદ કરાવો અને નંદિષેણ એવા મને અભિનંદિને આપો. આમ કહીને સ્તવનકારશ્રી ભગવાનનું વચન જે ભગવાનના પ્રસાદરૂપ છે તે પોતાને અત્યંત પરિણમન પામે તેવો અભિલાષ કરે છે. વળી, સ્તવનકારશ્રી નંદિષેણમુનિ છે અને ભગવાનના સ્તવનને કરીને હું આનંદ

પ્રાપ્ત કરું એ પ્રકારનો અભિલાષ પ્રાપ્ત કરે છે. સ્તુતિ દ્વારા સ્તવનકારશ્રીને જે હર્ષનો અતિરેક થાય તે જ તેમની સ્તુતિ કરવાની શક્તિનું સાફલ્ય છે. તેમ માની ભગવાનને કહે છે – 'મને તમે અભિનંદિને આપો.' વળી, પોતાનું સ્તવન સાંભળનાર પર્ષદાને પણ ભગવાનના સ્તવનથી આનંદ થાઓ તેવી સ્તવનકારશ્રી અભિલાષા રાખે છે અને અંતે ભગવાનની સ્તુતિ દ્વારા પોતાને જે સંયમની વૃદ્ધિ ઇષ્ટ છે તે મને આપો એ પ્રમાણે પ્રાર્થના કરી ભગવાનની સ્તુતિના બળથી સંયમમાં સુદૃઢ બળનો સંચય કરે છે.

અહીં સ્તવનકારશ્રીની ગાથાઓ પૂર્ણ થઈ. સ્તવનના અંતે "નંદિ" શબ્દ જે મંગલવાચક છે તે મૂકી સ્તવનકારશ્રીએ અંતિમ મંગલ કર્યું છે. **॥૩૭॥**

**ગાથા :-**

**पक्खिअचाउम्मासिअसंवच्छरिए अवस्सभणियव्वो ।**
**सोअव्वो सव्वेहिं, उवसग्गनिवारणो एसो ।।३८।।**

**છાયા :-**

**पाक्षिके चातुर्मासिके, सांवत्सरिके अवश्यं भणितव्यः ।**
**श्रोतव्यः सर्वैः, उपसर्गनिवारणः एषः ।।३८।।**

**ગાથાર્થ :-**

**પાક્ષિક, ચાતુર્માસિક અને સાંવત્સરિક પ્રતિક્રમણમાં ઉપસર્ગનું નિવારણ કરનાર આ=અજિતશાંતિ સ્તવ, અવશ્ય બોલવું, સર્વેએ સાંભળવું. ॥૩૮॥**

**ભાવાર્થ :-**

સ્તવનકારશ્રીએ સ્તવન કર્યા પછી આ ત્રણ ગાથાનો અન્ય કોઈએ પ્રક્ષેપ કર્યો છે એમ કહેવાય છે અને આ સ્તવનના મહિમાથી પ્રભાવિત થઈને તે મહાત્માએ પ્રસ્તુત ગાથામાં જણાવ્યું છે કે પાક્ષિક, ચોમાસી, સંવત્સરી, પ્રતિક્રમણમાં આ સ્તવન અવશ્ય બોલવું જોઈએ, જે પ્રણાલિકા વર્તમાનમાં પ્રસિદ્ધ છે. વળી, આ સ્તવન ઉપસર્ગોનું નિવારણ કરનાર હોવાથી યોગમાર્ગમાં પ્રસ્થિત એવા

સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકાને આત્મકલ્યાણમાં અત્યંત ઉપકારક છે. તેથી સર્વજીવોએ સાંભળવું જોઈએ. જેથી ઉપયોગપૂર્વક ભગવાનના ગુણોના સ્મરણથી યુક્ત અજિતશાંતિનું સ્મરણ કરીને જે કોઈ જીવો ભગવાનના ગુણોથી વાસિત થશે તેમનાં સર્વ પ્રકારનાં વિઘ્નો પ્રસ્તુત સ્તવનથી દૂર થશે અને તેઓ સુખપૂર્વક પોતાની સાધના કરી શકશે. **॥૩૮॥**

**અવતરણિકા :-**

**વળી સ્તવનનું માહાત્મ્ય બતાવતાં કહે છે –**

**ગાથા :-**

**जो पढइ जो अ निसुणइ, उभओ कालं पि अजियसंतिथयं ।**
**नहु हुंति तस्स रोगा, पुव्वुप्पन्ना वि नासंति ।।३९।।**

**છાયા :-**

**यः पठति यः च निशृणोति, उभय कालम् अपि अजितशान्तिस्तवम् ।**
**नैव भवन्ति तस्य रोगाः, पूर्वोत्पन्ना अपि नश्यन्ति ।।३९।।**

**ગાથાર્થ :-**

**જે અજિતશાંતિસ્તવને ઉભયકાલ પણ=સવાર-સાંજ, ભણે છે અથવા સાંભળે છે તેને રોગો નથી જ થતા, પૂર્વે ઉત્પન્ન થયેલા પણ નાશ પામે છે. ॥૩૯॥**

**ભાવાર્થ :-**

જે જીવોને અજિતનાથ અને શાંતિનાથ ભગવાનના પારમાર્થિક સ્વરૂપનો બોધ છે અને તેનાથી તે ભગવાનના યુગલ પ્રત્યે ભક્તિ થઈ છે અને તે ભક્તિને વશ થઈ અર્થના પ્રતિસંધાનપૂર્વક ઉભયકાલ પ્રસ્તુત સ્તવન બોલે છે તેઓને દેવ-દેવીઓથી પૂજાતા, અનેક પ્રકારના મહાત્માઓથી ભક્તિ કરાતા એવા જિનયુગલ પ્રત્યે અનંત ભક્તિ વધે છે.

જેઓ આ સ્તવનને તેના અર્થના પ્રતિસંધાનપૂર્વક સાંભળે છે તેઓને પણ તે પ્રકારે જિનયુગલ પ્રત્યે ભક્તિ વધે છે. જે ભક્તિના પ્રકર્ષને કારણે તે મહાત્માના

આત્મામાં રાગાદિના ક્લેશરૂપ અંતરંગ રોગો થતા નથી અને ભગવાનની ભક્તિના બળથી રોગ આપાદક પાપપ્રકૃતિ તિરોધાન થાય છે તેથી શારીરિક રોગો પણ થતા નથી અને પૂર્વમાં ઉત્પન્ન થયેલા રાગાદિ રોગો પણ ગુણસંપન્ન એવા તીર્થંકરના ગુણો પ્રત્યેના વધતાજતા બહુમાનના કારણે નાશ થાય છે અને ભગવાનના ગુણોથી વાસિત થયેલું ચિત્ત હોવાના કારણે કર્મના ઉદયથી ઉત્પન્ન થયેલા દેહના રોગો પણ નાશ પામે છે. માટે ઉત્પન્ન થતા ભાવરોગને અટકાવવા માટે અને ઉત્પન્ન થયેલા ભાવરોગોનો નાશ કરવા માટે ગુણસંપન્ન એવા પુરુષના ગુણોથી ચિત્ત વાસિત થાય તે રીતે પ્રસ્તુત સ્તવન બોલવું અથવા સાંભળવું જોઈએ. ॥૩૯॥

**ગાથા :-**

**जइ इच्छह परमपयं, अहवा कित्तिं सुवित्थडं भुवणे ।**
**ता तेलुक्कुद्धरणे, जिणवयणे आयरं कुणह ।।४०।।**

**છાયા :-**

**यदि इच्छथ परमपदम्, अथवा कीर्तिं सुविस्तृतां भुवने ।**
**ततः त्रैलोक्योद्धरणे, जिनवचने, आदरं कुरुत ।।४०।।**

**ગાથાર્થ :-**

**જો તમે પરમપદને અથવા જગતમાં અત્યંત વિશાળ કીર્તિને ઈચ્છતા હો તો ત્રણે લોકનો ઉદ્ધાર કરનાર જિનવચનમાં આદર કરો. ॥૪૦॥**

**ભાવાર્થ :-**

પ્રસ્તુત સ્તવનમાં અનેક રીતે ભગવાનના ગુણોનું કીર્તન છે અને તેનાથી ફલિત થાય છે કે તીર્થંકર જગત્પૂજ્ય છે. તેથી જ દેવો વગેરેથી સ્તુતિ કરાયેલા છે, ઋષિઓ આદિ જેમની સ્તુતિ કરે છે તે સર્વનું કારણ ભગવાને બતાવેલો ઉત્તમ માર્ગ છે; કેમ કે ભગવાનના વચનના બળથી જ સંસારસમુદ્રને સુખપૂર્વક તરી શકાય છે અને સંસારનો નિસ્તાર ન થાય ત્યાં સુધી સુદેવ-સુગુરુની પ્રાપ્તિ દ્વારા વિસ્તારવાળી કીર્તિની પ્રાપ્તિ થાય છે અર્થાત્ "આ જ મનુષ્યનો જન્મ

સફલ છે જેમણે ભૂતકાળમાં ધર્મ સેવ્યો છે. જેથી આ મનુષ્યભવમાં પણ ઉત્તમસમૃદ્ધિ મળી છે. વર્તમાન ભવમાં પણ એ ઉત્તમસમૃદ્ધિનો ભગવદ્ભક્તિ આદિમાં વ્યય કરીને જન્મ સફલ કરે છે" તેવી ઉત્તમ કીર્તિ જગતમાં વિસ્તાર પામે છે. તેને સામે રાખીને કહે છે કે જો તમે પરમપદને ઇચ્છતા હો તો ત્રણલોકનો ઉદ્ધાર કરનાર જિનવચનમાં આદર કરો જેથી જિનવચનને સેવીને સુખપૂર્વક પરમપદની પ્રાપ્તિ થાય. વળી, પરમપદની પ્રાપ્તિ માટે જિનવચનના બળથી અસંગભાવમાં જ ઉદ્યમ કરવો આવશ્યક છે અને તેવી શક્તિનો સંચય ન થયો હોય તો મોક્ષની પ્રાપ્તિના અનન્ય કારણભૂત એવા સુવિસ્તૃત કીર્તિવાળા ઉત્તમભવની પ્રાપ્તિ અર્થે પણ જિનવચનમાં આદર કરો. જેથી જિનવચનના રાગના બળથી એવું પુણ્યાનુબંધી પુણ્ય બંધાશે જે સુવિસ્તૃત કીર્તિની પ્રાપ્તિ દ્વારા અંતે મહાત્મા બનાવીને પરમપદની પ્રાપ્તિ કરાવશે. માટે સર્વ કલ્યાણના કારણરૂપ જિનવચનમાં જ આદર કરો; જેથી સર્વ કલ્યાણની પ્રાપ્તિ થાય. જે પ્રસ્તુત સ્તવનનું ફલ છે.

જ્યાં ભક્તિનો વેગ હોય છે ત્યાં અનેક પ્રકારની સુંદરતાવાળી ભાષા પ્રગટ થાય છે. અહીં સ્તવનકારશ્રીની ભાષામાં અનેક યમકો અને અનુપ્રાસો સ્થળે સ્થળે ગોઠવાઈ ગયા છે, છંદોએ પણ પોતાને યોગ્ય સ્થાન લીધું છે, આ ઉપરથી સ્તવનકારશ્રીની કાવ્યશક્તિ અને ભક્તિનો સાગર કેવો હિંડોળે ચઢ્યો હશે તેની ઝાંખી થાય છે. **॥૪૦॥**

◆ ◆ ◆

पुरिसा ! जइ दुक्खवारणं,
जइ य वि मग्गह सुक्खकारणं ।
अजियं संतिं च भावओ,
अभयकरे सरणं पवज्जहा ।। मागहिआ।।

હે પુરુષો ! જો દુઃખનું વારણ અને જો સુખનું કારણ શોધો છો તો અભયને કરનારા અજિતનાથના અને શાંતિનાથના શરણને ભાવથી અંગીકાર કરો.



: પ્રકાશક :

ગીતાર્થ ગંગા

શ્રુતદેવતા ભવન, ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફતેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.
ટેલિ./ફેક્સ : (૦૭૯) ૨૬૬૦૪૯૧૧, ફોન : ૩૨૪૫૭૪૧૦
E-mail : gitarthganga@yahoo.co.in